
ગુજરાતી

# યુગ નિર્માણ યોજના






**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ॐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો દેવસ્ય ધીમહિ ધિયો યોનઃ પ્રચોદયાત્ *





વર્ષ-૪ અંક-૧૧ | નવેમ્બર ૧૯૭૪ | વાર્ષિક લવાજમ રૂા.-૧૨=૦૦


# * ઇશ્વરીય આદેશની ઉપેક્ષા ન કરો *

અંતઃકરણ મનુષ્યનો સૌથી સાચો મિત્ર, નિઃસ્વાર્થ પથ-દર્શક અને વાત્સલ્ય પૂર્ણ અભિભાવક છે. તે કોઇ દિવસ દગો નથી કરતું, ન સાથ છોડે છે અને ન ઉપેક્ષા કરે છે. પગલે-પગલે મનુષ્યને સજગ તથા સચેત બનાવતું સાચી દિશા પર જ ચલાવવાનો પ્રયત્ન કરે છે. પોતાના અંતઃકરણ પર વિશ્વાસ કરીને ચાલવાવાળા વ્યક્તિ કોઇ દિવસ નથી પથ-ભ્રષ્ટ થતાં અને નથી કોઇ આપત્તિમાં પડતા. આપત્તિયોનું આગમન ત્યારે જ થાય છે જ્યારે મનુષ્ય પોતાના સાચા શુભ-ચિંતક અંતઃકરણ પર અવિશ્વાસ કરે છે.

અંતઃકરણ પર અવિશ્વાસ કરવાનો મતલબ છે ઇશ્વરના આદેશ પર આવિશ્વાસ કરવો. ઇશ્વરના આદેશ પર અવિશ્વાસ કરનાર ધૃષ્ટ એની સૃષ્ટિ, આ સંસાર અને અપર સંસારમાં જો સુખની આશા કરે છે તો તે પોતાના સમયનો સૌથી મોટો મૂર્ખ છે. જ્યારે સાધારણ શાસકના આદેશની અવહેલના કરનાર દંડનો અધિકારી બન્યા વગર નથી રહી શકતો, તો શાસકોના પણ શાસક એ પરમાત્માના આદેશોની અવહેલના કેવી રીતે અદંડનીય થઇ શકે છે.

—સ્વામી વિવેકાનંદ




**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# મૃત્યુનો પરાજય

યમરાજની સામે હાથ જોડીને ઉભા રહેલા મૃત્યુએ વિનયપૂર્વક તેમને કહ્યું—"ભગવન્, એવું તો બન્યું છે કે કોઇ વ્યક્તિ જીવનભર સંયમી રહ્યો હોય, હંમેશાં પરિશ્રમશીલ રહ્યો હોય, અભક્ષ્ય કશું ખાધું ન હોય અને શુદ્ધ સાત્વિક વાતાવરણમાં રહ્યો એના ફળસ્વરૂપે તેને દીર્ઘ-જીવન પ્રાપ્ત થયું હોય પરંતુ છેવટે એવી વ્યક્તિને પણ મારી ચુંગલમાં આવવું પડયું છે. જે ઘરમાં મારો પગ ન પડયો હોય એવું કોઇ ઘર નથી, પરંતુ આ આકાશજે તો મને હેરાન કરી મૂક્યું છે. મેં કોટી ઉપાયો કર્યા તો પણ તે મરતો જ નથી."

યમરાજ હસ્યા અને બોલ્યા–"દેવ, મારૂં ગજુ તો સ્થૂલ શરીરો સુધી પહોંચ છે. કામનાઓથી ઘેરાયેલો જીવ, પોતાની કોઇ ઇંદ્રિયની લાલસાથી પ્રેરાઇને જીવ–શરીર ધારણ કરે છે. શરીર પ્રાપ્ત કરવાથી તેની એ કામના પહેલાંના કરતાં પણ વધારે ઉગ્ર બને છે. ઇંદ્રિય સુખો ભોગવવાથી કદી તૃપ્તિ થતી નથી. જેટલા વધારે ભોગો એટલી જ ભોગો ભોગવવાની ઇચ્છા વધતી જાય છે અને જીવન-શક્તિનો જ્યારે નાશ થાય છે ત્યારે મારૂં અસ્ત્ર ચાલે છે. આકાશજમાં કોઇ પણ ઇચ્છા નથી, તે કામના રહિત છે, તેથી તેને સ્થૂલ શરીર ધારણ કરવાની આવશ્યકતા નથી પડી. તે પોતાના સૂક્ષ્મ શરીરથી દૃષ્ટા બનીને ઘૂમ્યા કરે છે. જ્યાં સુધી તેની કોઇ વાસનાની ખબર ન પડે, ત્યાં સુધી તેને મારી શકાય એમ નથી. માટે પહેલાં તમે જઇને તેની કોઇ ઇચ્છાનો પત્તો મેળવી લાવો."

મૃત્યુ દેવલોકમાંથી ધરતી પર આવ્યું અને ગુપ્ત રૂપે આકાશજની સાથે રહેવા લાગ્યું. મનુષ્ય જ્યારે કામના રહિત હોય છે. ત્યારે તેની બુદ્ધિ સાફ રહે છે અને તે બધી દિશાઓને જોઇ શકે છે, સાંભળી શકે છે, વિચારી શકે છે. મૃત્યુની ઇચ્છા છુપાઇને રહેવાની હતી, પરંતુ તત્વદર્શી આકાશજથી તે છુપુ રહી શક્યું નહીં. આકાશજે સારી રીતે જાણી લીધું કે, મૃત્યુ તેની સાથે લાગી ગયું છે અને કોઇ પણ દાવ ફેંકી શકે એમ છે, પરંતુ તેને કોઇ પ્રકારની ઇચ્છા ન હતી તેથી તેને મૃત્યુનો સ્હેજ પણ ભય લાગ્યો નહીં. તે સંપૂર્ણ નિર્દ્વન્દ રહ્યો અને મૃત્યુની પ્રેરણાને ખેલ સમજીને તેની સાથે ખેલતો રહ્યો.

મૃત્યુએ આકાશજને પ્રેરિત કર્યો—હવે તે કાશીરાજના રાજબાગમાં હતો. આકાશજે ત્યાં જોયું કે જાત-જાતનાં રંગ-બેરંગી પુષ્પો ખીલી રહ્યાં છે, પક્ષીઓ ગુંજન કરી રહ્યાં છે, પતંગીયાં એક ફૂલથી બીજા ફૂલ પર ઉડી રહ્યાં છે અને કળીઓની સુવાસથી સંપૂર્ણ વાતાવરણ માદક થઇ ઉઠયું છે. રાજકુમારી આ મનમોહક સૌંદર્યનું પાન કરતી કરતી સરોવર સુધી આવે છે અને પ્રાતઃ-સ્નાન કરવા માટે વસ્ત્રહીન થઇ જાય છે. મૃત્યુએ આકાશજને પ્રેરણા કરી—"દેખ, રાજકુમારીના અંગે અંગમાંથી કામ ટપકી રહ્યો છે. આવું સજીવ સૌંદર્ય તેં બીજે કયાંય જોયું છે? વૈરાગ્ય ભાવનો ત્યાગ કરી દે અને આ સુંદરીનો સ્વીકાર કર"

આકાશજે મૃત્યુ તરફ જોયું અને બોલ્યો—"ભંતે! સ્ત્રીના ગર્ભાશયમાં જ્યારે આ જ રાજ-કુમારી પિંડ રૂપે ફસાયેલી હતી, ત્યારે મેં તેનાં સ્થૂલ અને સૂક્ષ્મ એમ બંને રૂપ જોયાં હતાં. આ જે સૌંદર્ય દેખાય છે એ હાડ-માંસના શરીરનું છે, એને ભોગવીને કોણ સંતુષ્ટ થયું છે? હું મારા સૂક્ષ્મ શરીરને જાણું છું, એ જ સત્ય છે, એ જ નિત્ય છે અને એ જ અમર સુખ આપનારૂં છે. હું આ રાજકુમારીની પણ ઈચ્છા કરતો નથી. જો હું એવી કામના કરૂં તો મારે પણ આવું શરીર ધારણ કરવું પડે."

મૃત્યુ આ સાંભળીને સ્તબ્ધ બની ગયું તે યમરાજ પાસે પાછું આવ્યું અને બોલ્યું—"આપે સાચું કહ્યું હતું, દેવ! જે નિષ્કામ હોય છે તેમને તો હું પણ જીતી શકું એમ નથી."

**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# લાખ વાર છુપાવી છુપાઇ ન શકે, અકળ મનની વાતો

શું યોગમાં એવી શક્તિ છે કે જે બીજાઓના મનની વાતો જાણવાની શક્તિ ઉત્પન્ન કરી દે ? હજારો માઇલ દૂર બેઠેલી કોઇ વ્યક્તિને ટેલીફોન, વાયરલેસ અથવા ટેલસ્ટાર વિના, પોતાના વિચારો પહોંચાડવાનું શું શકય છે ? કોઇ ભારતીય યોગીને, કે જેણે યોગની મુશ્કેલ ભૂમિકાઓમાં પ્રવેશ કરીને પ્રાણ, નાડીજાળ, શ્વાસોચ્છવાસ અને મન પર નિયંત્રણ કર્યું હોય, આ પ્રશ્નો પૂછવામાં આવે તો તે હસીને કહેશે કે આ તો યોગની ઘણી જ સામાન્ય સિદ્ધિઓ છે. ભગવાને શરીર યંત્ર એવું બનાવ્યું છે કે એના ઉપર આખું બ્રહ્માંડ ઉતરી શકે. જે પ્રમાણે રેડિયોનાં મીટર બદલી બદલીને વિવિધ ભારતી, દિલ્હી, બી.બી.સી. લંડન, વોઇસ ઓફ અમેરિકા, ન્યુયોર્ક અથવા પૃથ્વીના કોઇ પણ છેડાના સમાચાર સાંભળી શકાય છે, તે જ પ્રમાણે શરીરમાં એવાં યંત્ર, તત્વ, ગ્રંથીઓ, ચક્રો, ઉપત્યિકાઓ, ગુચ્છકો અને મર્મસ્થળો છે, જેમનો પૂરેપૂરો ઉપયોગ કરવાનું મનુષ્ય જાણી જાય તો તે બીજાઓના મનના વિચારો તો શું, પણ બુધ, ગુરુ, શનિ અને બ્રહ્માંડ વ્યાપી નીહારિકાઓ અને પેલાં અતિ દૂર દૂરનાં નક્ષત્રોની ગતિવિધિઓનું પણ અવલોકન કરી શકે, કે જે નક્ષત્રો અહીંથી અબજો પ્રકાશ વર્ષ દૂર છે. યોગ શક્તિઓના જાગરણ દ્વારા મનુષ્ય ત્રિકાળજ્ઞ થઇ શકે છે, સર્વશક્તિમાન પણ થઇ છે. અવતારો એવાં જ 'શરીરો' હોય છે કે જેઓમાં બ્રહ્મ ઘૂમે છે.

આ વાતો જેમને આશ્ચર્યજનક લાગતી હોય તેમને માટે ઉપરના બંને પ્રશ્નોના સાબિતી સાથેના જવાબ અહીં આપવામાં આવી રહ્યા છે. અહીં વર્ણવેલી ઘટનાઓ સુવિખ્યાત ફ્રેન્ચ મહીલા શ્રીમતી એલેકજેન્ડ્રા ડેવિડ-નીલના 'તિબેટના યોગી અને તેમના ચમત્કાર' નામના પુસ્તકમાંથી ઉતારવામાં આવી રહી છે. યુરોપિયન હોવા છતાં યોગ વિદ્યા પ્રત્યે અસાધારણ જિજ્ઞાસા અને આકર્ષણ હોવાને કારણે, તેણી તિબેટ આવીને જ જંપ્યાં અને ૧૫ વર્ષો સુધી યોગ વિદ્યાના અસાધારણ પ્રસંગોનું સંકલન કર્યું. તેમણે કેટલાંય પુસ્તકો લખ્યાં છે જેમાં યોગ અને ભારતીય તત્વદર્શનનું વિવેચન કરતાં કરતાં એની ખૂબ ખૂબ પ્રશંસા કરી છે. તેમણે લખ્યું છે કે— "આત્મ-વિકાસ જ મનુષ્યનું સાચું લક્ષ્ય છે. એક દિવસ સમસ્ત સંસારને આ વાત માનવી પડશે અને માનીને ભારતીય દર્શનને શરણે જવું પડશે." શ્રીમતી નીલના પુસ્તકને આધારે ઘટનાનો ક્રમ તેમના જ શબ્દોમાં નીચે પ્રમાણે આપવામાં આવી રહ્યો છે—

"જ્યારે હું 'લ્હાસા' જઇ રહી હતી તે સમયની વાત છે. મારી સાથે ચિ. યોગદેન (શ્રીમતી નીલનો દત્તક પુત્ર) પણ હતો. 'દેનશીન' નદી સુધી અમે પહોંચ્યાં એટલામાં સાંજ પડી ગઇ. ત્યાં આગળ જ એક ખાઇની અંદર અમારે રાત્રી પસાર કરવી પડી પ્રાતઃકાળ થયો, ઠંડીનો સમય હતો એટલે મનમાં એમ થયું કે માખણ-ટોસ્ટ (માખણ ચોપડેલી ડબલ રોટલી) સાથે ચા મળી શકે તો સારૂં. પરંતુ બરફ પડવાથી આજુબાજુના લાકડાં પાણીથી ભીંજાયેલાં હોવાથી ચા બનાવવાનું શકય ન હતું. એટલે ચા વિના જ અમે અમારી આગળની યાત્રાએ ચાલી નીકળ્યાં."

"બપોર થવાની તૈયારી હતી ત્યારે અમે એક તિબેટી લામાને સડકની ધારે બેસીને ભોજન કરતો જોયો. તેની સાથે તેના ત્રણ શિષ્યો પણ હતા. યોગ શીખનારા શિષ્યોને તિબેટમાં 'ભિપા' કહે છે. નજીકમાં જ તેમના ઘોડા ચરી રહ્યા હતા,

યોગમાં બીજાઓના મનની વાતો જાણવાની અપાર શક્તિ છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

એ ઉપરથી ખબર પડતી હતી કે એ લોકો પણ કોઇક જગાની મુસ ફરી કરી રહ્યા હતા. એ લામા પર દૃષ્ટિ પડતાં જ મારા મનમાં વિચાર આવ્યો કે અમને પણ ચા મળી હોત તો કેવું સારૂં ! મનમાં આ ભાવ સાથે અમે લામાને પ્રણામ કર્યા. અમારા તરફ જોતાં જ લામાના મોંમાંથી 'નીંગજે' શબ્દ નીકળ્યો. 'નીંગજે' સ્નેહ અને કરૂણા દર્શાવતો શબ્દ છે, જેને માટે ગુજરાતીમાં 'બિચારાં' શબ્દ યોગ્ય ગણાય આ શબ્દના ઉચ્ચારણની સાથે જ તેણે પોતાના 'ભિપા' ( શિષ્ય )ને કંઇક કહ્યું શિષ્યે અમને ચા આપી અને 'સાથવો' કે જે ત્યાંનો ખાસ ખોરાક છે એની બે થેલીઓ પણ ખાવાને માટે આપી. ચા તો પી લીધી પરંતુ સાથવો કેવી રીતે ખાઉં, કારણ કે મારો એવો નિયમ હતો કે હું સાથવો હંમેશાં દૂધ-દહીં કે માખણ સાથે જ ખાતી હતી. આ વાતને મારી કેટલીક નજીકની વ્યક્તિઓ સિવાય બીજું કોઇ જાણતું ન હતું."

"આ દરમ્યાન એ ઘોડાઓમાંનો એક ઘોડો કે જે નજીકમાં જ ચરી રહ્યો હતો, ભડક્યો અને ઝડપથી એક બાજુ દોડયો, "ભિપો" એની તરફ દોડયો અને એને પકડવાની કોશિશ કરવા લાગ્યો, પરંતુ ઘોડો કોઇ પણ રીતે તેની પકડમાં આવવા તૈયાર ન હતો. તે વખતે લામાએ એકીટસે નજર બાંધીને એ તરફ જોયું—એવું લાગ્યું કે લામાના મસ્તક-માંથી એક તીક્ષ્ણ પ્રકાશ કિરણ નીકળ્યું અને એક પળમાં જ ઘોડાના માથામાં ઘૂસી ગયું. જે ઘોડો એક ક્ષણ પહેલાં છલંગો મારી રહ્યો હતો અને એવું લાગતું હતું કે એ પકડાશે જ નહીં, તે ઘોડો એકદમ અટકી ગયો. જ્યાં સુધી શિષ્યે તેના પર લગામ ન નાંખી ત્યાં સુધી હાલ્યો ચાલ્યો પણ નહીં. આ સમય દરમિયાન લામાની દૃષ્ટિ બરાબર ઘોડા પર જ સ્થિર ટકેલી હતી. એવું લાગતું હતું કે લામાની ઘોડા કરતાં પણ બળવાન માનસિક શક્તિ જ ઘોડા પાસેથી ગુલામો જેવું કામ કરાવી રહી હતી. ઘોડા ચૂપચાપ ભિપાની પાછળ પાછળ ચાલવા માંડયો."

"લામાએ હવે દૃષ્ટિ મારા તરફ ફેરવી—મારૂં ધ્યાન પણ ઘોડા પરથી હઠીને હવે ભોજન તરફ આવી ગયું હતું અને હું વિચારી રહી હતી કે જો થોડુંક દહીં મળી ગયું હોત તો હું મારી ભૂખ દૂર કરી દેત. જે સમયે મારા મનમાં આવો વિચાર આવી રહ્યો હતો તે જ સમયે લામાની દૃષ્ટિ એક ક્ષણ માટે મારા પર પડી. જે રીતે કોઇ વયોવૃદ્ધ વ્યક્તિ બાળકોનું કોઇ કૌતુક જોઇને સ્મિત કરે છે, મને લાગ્યું કે લામાએ મારા મનની વાત જાણી લીધી એટલે એ જ રીતે તેણે એક ક્ષણને માટે સ્મિત કર્યું. ફરીથી એ જ શબ્દ 'નીંગજે' તેના મોંમાંથી નીકળ્યો અને ભિપો ઘોડાને પકડીને જે દિશામાંથી પાછો આવી રહ્યો હતો એ તરફ પોતાની દૃષ્ટિ ફરીથી ફેરવી લીધી. ભિપો લગભગ ત્રણ ફર્લાંગ દૂર હતો. લામાએ આ વખતે પોતાની દૃષ્ટિ ભિપા ઉપર ફેંકી. ભિપો એકાએક અટકી ગયો. તેણે પોતાની જમણી-ડાબી બાજુ જોયું, પછીથી ઘોડાને નજીકની એક ઝાડીમાં બાંધી દીધો અને જ્યાંથી તે આવી રહ્યો હતો એ તરફ પાછો ફર્યો. પંદરેક મિનિટ પછી તે નજીકની વસ્તીમાંથી બહાર આવતો દેખાયો. તેના હાથમાં કશીક વસ્તુ હતી પરંતુ દૂરથી એ બરાબર ઓળખી શકાતી ન હતી. તે ધીમે ધીમે ઘોડાની નજીક આવ્યો, દોરડું છોડયું અને પછી અમારા તરફ આવ્યો. ઘોડાને બાંધીને તે લામાની તરફ ચાલ્યો ત્યારે ખબર પડી કે તેના હાથમાં લાકડાનું એ પાત્ર છે, કે જે અહીં ઘણું કરીને દૂધ-દહીં લાવવાના કામમાં વપરાય છે. ભિપાએ એ પાત્ર લામાને બતાવતાં કહ્યું—"આ વસ્તુ આપે મંગાવી હતી ?" લામાએ હકારમાં માથું હલાવ્યું અને મારા તરફ સંકેત કરીને તેને કહ્યું—"આ લોકોને આપી દે." પાત્ર મને મળ્યું, એમાં દહીં હતું હું આશ્ચર્યચકિત બની ગઇ કે—કેવી રીતે તેણે ભિપાને 'વિચાર-સંદેશો' આપ્યો કે જેથી તે

આત્મ-વિકાસ જ મનુષ્યનું સાચું લક્ષ્ય છે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

વાણીથી કોઇ આદેશ મળ્યા વગર દહી લાવવાની વાત જાણી ગયો."

"આ જ પ્રકારની એક બીજી ઘટના એ સમયની છે, કે જ્યારે મારે ત્જેત્યુયેનની મુસાફરી કરવાનો પ્રસંગ આવ્યો. સરહદ નજીકના આ ચીનના ઈલાકામાં જવાનું તે સમયે ઘણું જ સાહસપૂર્ણ કર્યું હતું. રસ્તો ડાકુઓથી ભરેલો રહેતો એટલે મુસાફરો ઘણું કરીને સંગઠિત થઇને અને પોતાની સાથે હથિયારો લઇને મુસાફરી કરતા. અમે જે પાર્ટી બનાવી એમાં કેટલાક ચીની વેપારીઓ હતા, કેટલાક ત્યાંના આદીવાસીઓ હતા અને એક "ન્ગૈગ્સ્પા" પણ હતો જે પોતાના "બોનપા" પાસે જઇ રહ્યો હતો. તિબેટમાં શિખાઉ તાંત્રિકને "ન્ગૈગ્સ્પા" કહે છે અને સિદ્ધ અથવા મોટા તાંત્રિકને "બોનપા" કહે છે. ન્ગૈગ્સ્પાની વાત પરથી ખબર પડી કે તેનો ગુરુ કોઇ એક મોટું તાંત્રિક અનુષ્ઠાન કરી રહ્યો છે. મેં તેનું દર્શન કરવાનો નિશ્ચય કરી લીધો અને એ નિશ્ચયને પરિણામે મારી સાથેના એ ચેલા પર ચાંપતી નજર રાખવાનું શરૂ કરી દીધું, કે જેથી કરીને કંઇક એવું ન બને કે તે (ચેલો) ઓચિંતો ક્યારેક ચૂપચાપ સરકી જાય અને મને એ સ્થળનો પત્તો જ ન મળે કે જ્યાં તેનો "બોનપા" પોતાનું "દબચાબ" (વિશેષ તાંત્રિક અનુષ્ઠાન) કરી રહ્યો હતો. હમણાં જ મુસાફરીની શરૂઆત થઇ હતી એટલામાં ન્ગૈગ્સ્પા એ મારા મનની વાત જાણી લીધી. તેણે પોતાની મેળે મને સમજાવ્યું કે એ સ્થળે જવાનું ઘણું જ જોખમ ભર્યું છે, એટલા માટે મારે મારો ઇરાદો પડતો મૂકવો. મેં જાહેરમાં તો તેને હા પાડી પરંતુ મારી અંદર તો એ નિશ્ચય અટળ રહ્યો કે મારે એવા મહાપુરૂષનાં દર્શન તો કરવાં જ જોઇએ. ન્ગૈગ્સ્પાથી આ વાત પણ છુપી ન રહી તેણે મને પોતાની ભાષામાં જણાવ્યું—"મેં વિચાર-સંચાર વિધિ દ્વારા બધી વાત તારા 'બોનપા'ને જણાવી દીધી છે, એટલે હવે મને કશી ચિંતા નથી. હવે આપને મનમાં આવે તે કરી શકો છો." હું કશું બોલી નહીં. પહેલાં તો એમ સમજી કે આ માણસ કંઇક બડાશ મારી રહ્યો હશે—જેવી રીતે ભારતમાં અનેક સ્વાર્થ સાધુ ભૂવાઓ, જેઓ ખરેખર યોગનો 'ક', 'ખ' પણ જાણતા નથી, પોતે હોંશિયાર યોગીઓ હોવાનો મિથ્યા ઢોંગ રચ્યા કરે છે એ રીતે. પરંતુ અમે થોડે દૂર જ ગયાં હતાં એટલામાં જ એ વાત નક્કી થઇ ગઇ કે ન્ગૈગ્સ્પાએ ખરેખર પોતાના વિચારો પોતાના ગુરૂને પહોંચાડી દીધા છે, કારણ કે અમે આગળ વધી રહ્યાં હતાં એટલામાં જ એકાએક પાંચ ઘોડા મારા તરફ આવતા દેખાયા. મારી નજીક આવીને પાંચેય ઘોડા તથા એમના સ્વારો અટકી ગયા. એમાંનો એક જણ જે મુખ્ય માણસ હતો તે એકલો મારા તરફ આગળ વધ્યો અને બોલ્યો—"આપનું નામ એલેકઝેન્ડ્રા ડેવીડ-નીલ છે ને ? આપની સાથે અમારો એક માણસ છે તેના દ્વારા હમણાં હમણાં જ અમારા ગુરૂને આપની બધી વાતની જાણ થઇ. અમને એટલા માટે મોકલવામાં આવ્યા છે કે હું આપને સમજાવું કે આ હદથી આગળ વધવાનું આપને માટે સંકટોથી ભરેલું છે. અહીંથી આગળના ક્ષેત્રમાં માત્ર તાંત્રિકો જ રહી શકે છે, કારણ કે અહીં રહેલા અદૃશ્ય આત્માઓ ઘણા જ ભયંકર હોય છે. મારા ગુરૂ પોતે જ એવા એક "દૈત્ય"ને વશ કરવાની ક્રિયા કરી રહ્યા છે." આ પ્રકારની અનેક ઘટનાઓ એ દિવસોમાં સાંભળવાની મળી.

તિબેટ હવે ચીનના હાથોમાં ચાલ્યું ગયું છે અને લામાઓની આધ્યાત્મિક શક્તિ એને અટકાવવામાં કશા કામમાં આવી નહીં. આના સંદર્ભમાં એમ કહી શકાય કે માત્ર વિચાર સંચાલન જેવી સામાન્ય કક્ષાની સાધનાઓને જ સર્વ કંઇ માનીને આ માર્ગના પથિકોએ સંતોષ માનીને બેસી રહેવું જોઇએ નહીં. પરંતુ એવી ઉંચી કક્ષાની ભારે શક્તિ પણ મેળવવી જોઇએ, કે જેના બળે પ્રબળ દુષ્ટોનો પણ યોગ્ય સામનો કરવાનું શક્ય બની શકે.

—★—

સાધનાની ઉંચી કક્ષા સુધી પહોંચવા માટે પ્રબળ દુષ્ટોનો સામનો કરવો પડે છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# સ્વપ્ન આખરે છે શી બલા ?

કોઇક સમયે દરેક સ્વપ્નમાં કંઇક અર્થ, રહસ્ય અથવા સંદેશો રહેલો સમજવામાં આવતો હતો. જે લોકો સ્વપ્નોની વ્યખ્યા કરી શકતા હતા તેમને ઘણું સંમાન મળતું હતું. ઇસુની બીજી શતાબ્દીમાં આર્તમિદોરસ નામના એક ઇટાલિયન વિદ્વાને આના સંદર્ભમાં એક પુસ્તક લખ્યું હતું. પુસ્તકનું નામ હતું—ઓનીરોક્રિટિક એટલે કે સ્વપ્નોની વ્યાખ્યા કરવાના સિદ્ધાંત. એ દિવસોમાં એની પ્રતો નકલ કરીને બનાવવામાં આવતી હતી. પાછળથી પંદરમી સદીમાં જ્યારે પ્રેસની શોધ થઇ ત્યારે એ પુસ્તક છપાયું અને લોકપ્રિય બન્યું. ત્યાર બાદ બીજા સ્વપ્ન કોશો છપાયા, જેઓમાં દરેક કક્ષાના સ્વપ્નોની અકાર વગેરે ક્રમથી વ્યાખ્યા હોતી હતી.

જુના જમાનામાં એવું સમજવામાં આવતું હતું કે ઉંઘમાં આત્મા શરીરમાંથી નીકળીને ભ્રમણ કરવા ચાલ્યો જાય છે અને ત્યાં તે જે કંઇ જુએ છે અને તે શરીરમાં પાછો ફરે ત્યરે સ્વપ્ન કહેવાય છે. એ દિવસોમાં ગાઢ નિન્દ્રામાં પડેલી કોઇ વ્યક્તિને જગાડવી એને ખરાબ ગણવામાં આવતું હતું, કારણ કે જલદી જગાડી દેવાથી ભ્રમણકારી આત્મા તરત જ પાછો ફરી ન શકે અને તેનું મૃત્યુ થઇ જાય એવું માનવામાં આવતું હતું.

મનોવિજ્ઞાનીઓ શારીરિક અથવા માનસિક પરિસ્થિતિઓનું વિશ્લેષણ સ્વપ્નોને આધારે કરે છે. જેમકે શ્વાસ ઘૂંટાવો અથવા વજનથી દબાઇ જવું એવાં સ્વપ્નો ફેફસાંમાં બગાડ ઉત્પન્ન થવાથી એ પ્રકારનો રોગ થવાનો સંકેત કરે છે. બે ઉંઘતા માણસોના હાથમાં કલમ પકડાવવામાં આવી. એકને હોકી રમવાનું અને બીજાને મગદળ ઘુમાવવાનું સ્વપ્ન આવ્યું. એ જ રીતે ત્રણ ઉંઘતા માણસોની હથેળી પર રૂ ઘસવામાં આવ્યું. એકે બિલાડીનું પૂછડું હાથમાં પકડવાનું, બીજાએ પોતાની છોકરીના વાળ પર હાથ ફેરવવાનું અને ત્રીજાએ માલિશ થતી હોય એવું સ્વપ્ન એ વખતે જોયું. તરસ્યો માણસ સ્વપ્નમાં જળાશયોની શોધમાં ફરે છે. વીર્યમાં ગરમી વધી જવાથી કામ સેવન અને સ્વપ્નદોષ થવાની ઘટનાઓ ઘણા સાથે બને છે. બાળકોની માફક અચેતન મન પણ ઘણું કલ્પનાશીલ હોય છે. જરાક ઇશારો થતાં તલનો તાડ રચીને ખડો કરી દે છે.

મનોવિજ્ઞાની ફ્રોઇડે ૧૯૦૦ સ્વપ્નોનો સંગ્રહ કરીને એમને આધારે એક મોટું વિવેચનાત્મક પુસ્તક લખ્યું છે—'સ્વપ્નોની વ્યાખ્યા.' તેણે એવો સાર તારવ્યો છે કે દબાયેલી ઈચ્છાઓ સ્વપ્ન બનીને ઉપસી આવે છે. સભ્યતાની સાથે મનુષ્યની ઈચ્છાઓ, કામનાઓ અને વાસનાઓ પણ વધી છે. એ અતૃપ્ત રહે ત્યારે વિદ્રોહી બને છે અને સ્વપ્નોની પોતાની જુદી દુનિયા રચીને એમને ચરિતાર્થ કરવાનું નાટક ખેલે છે.

સ્વપ્નોમાં સામાન્ય રીતે એટલો જ આધાર રહે છે. સ્વપ્નો મનુષ્યની વૃત્તિ અને પ્રકૃતિની અનુરૂપ દિશામાં ચાલે છે. સ્વપ્નોનું સ્તર જોઇને એવું અનુમાન કરી શકાય છે કે વ્યક્તિના મન પર કયા વિચારોએ આધિપત્ય જમાવ્યું છે. તે શું વિચારે છે અને કોનાથી ડરે છે.

કોઇ કોઇ વખત સ્વપ્નો સાચાં પણ હોય છે. પ્રાતઃકાળમાં અદૃશ્ય તથ્યોની જાણકારી સ્વપ્ન-સંકેતો દ્વારા શુદ્ધ અંતઃકરણવાળા મનુષ્યો પ્રાપ્ત કરતા જોવામાં આવ્યા છે, પરંતુ એ મોટે ભાગે બને છે ઓછું જ.

—✱—

વ્યક્તિનાં સ્વપ્નોનું સ્તર જોઇ અનુમાન કરાય કે તેના કયા વિચારોએ આધિપત્ય જમાવ્યું છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# અમૈથુની સૃષ્ટિ પણ ઉત્પન્ન થાય છે—થઇ શકે છે

ડાર્વિન અને લેમ્માર્ક વગેરેએ આપેલો વિકાસવાદનો (થીઅરી ઓફ એવોલ્યૂશન) સિદ્ધાંત જો સત્ય ન હોય તો પૃથ્વીમાં માનવીની ઉત્પત્તિને આકસ્મિક અને ઇશ્વરીય ઇચ્છાનું પરિણામ જ કહેવું પડશે. ઇશ્વરીય સત્તા અને સર્વ શક્તિમાન પણાને કાલ્પનિક કહેનારા લોકો ત્યારે એવો તર્ક રજુ કરે છે કે જો મનુષ્યની ઉત્પત્તિ આકસ્મિક સંયોગ હોય અને સૌથી પહેલાં બ્રહ્માનો પુરૂષ વેષમાં જન્મ થયો તો તેમના દ્વારા સંતાનોત્પત્તિ કેવી રીતે શકય બની ? સંતાનોત્પત્તિ માટે પુરૂષ અને સ્ત્રીનું સમાયોજન જરૂરી છે. તો પછી એકલા બ્રહ્માજી અમૈથુની સૃષ્ટિ ઉત્પન્ન કરવા કેવી રીતે સમર્થ થયા ?

અમૈથુની સૃષ્ટિનો માતૃ પક્ષ પણ છે. એમાં કેવળ સ્ત્રીઓ દ્વારા સંતાન ઉત્પન્ન કરવાની વાત આવે છે. આ વાત એકલા ભારતીયોમાં જ પ્રચલિત નથી પરંતુ લગભગ બધા ધર્મોમાં એવાં આખ્યાનો મળે છે, કે જેઓમાં અમૈથુની પ્રજાના આ બીજા સ્વરૂપનું એટલે કે પુરૂષના સંયોગ વિના સ્ત્રી દ્વારા સંતાનોત્પત્તિનું વર્ણન મળે છે. આ સંબંધમાં યોગ્ય જાણકારી નહિ હોવાને કારણે જ આજ સુધી અતિ માનવીય સ્તરે ઉત્પન્ન થયેલી વિભૂતિઓ કલંકિત થઇ છે.

પોતાના ભાઇઓ સહિત ભગવાન રામ પિતાના સંયોગ વિના જન્મ્યા હતા. એ એક ઇતિહાસ પ્રસિદ્ધ ઘટના છે કે જ્યારે દશરથ વૃદ્ધ થવા લાગ્યા અને તેમને કોઇ સંતાન થયું નહિ ત્યારે તેમણે ગુરૂ વશિષ્ઠ આગળ પોતાનું દુઃખ પ્રગટ કર્યું. વશિષ્ઠે ત્યારે શ્રૃંગી ઋષિ પાસે પુત્રેષ્ટિ યજ્ઞ કરાવ્યો. આ યજ્ઞમાં 'ચરૂ' માં ( યજ્ઞની આહુતિના અન્નનું વાસણ ) દેવ-શક્તિઓનું આહ્વાન કર્યું અને એ પ્રસાદ ચારેય રાણીઓ વચ્ચે વહેંચી દીધો. એક એક ભાગ મળવાને કારણે સુમિત્રાને જોડીયા બાળકોનો જન્મ થયો. આ ઘટનાએ પુરવાર કર્યું કે દેવ-શક્તિઓને કૃત્રિમ ગર્ભાધાન દ્વારા માનવ આકૃતિઓમાં લાવી શકાય છે. એવાં જે જે શરીરો ઉત્પન્ન થયાં છે એમના શારીરિક ગુણ ધર્મો ભલે મનુષ્ય જેવા રહ્યા હોય, પરંતુ તેમની અતીન્દ્રિય ક્ષમતાઓ ઘણી ચઢિયાતી રહી છે. એટલે જ તેમને દેવદૂત, પયગંબર અને સાક્ષાત ભગવાન માનવામાં આવતા રહ્યા છે. દેવ ઉપાસના દ્વારા પુરૂષ અને સ્ત્રી શરીરોમાં એવી શક્તિઓનું આહ્વાન, ધારણ અને પ્રજનન આજે પણ શકય છે.

મરિયમે જ્યારે મહાપુરૂષ ઇસુને જન્મ આપ્યો ત્યારે તે કુંવારી જ હતી. મરિયમની ઇશ્વર-ભક્તિ અને આત્મ-પવિત્રતા સર્વવિદિત હતી. એટલે તે વખતે તેના પર દુરાચરણનું દોષારોપણ કોઇએ કર્યું નહિ. પાછળથી જે લોકોએ શંકા કરી એ તેમની ભ્રાંત ધારણાઓ હતી. મહાપુરૂષ ઇસુમાં જે વિશેષતાઓ હતી એ જણાવતી હતી કે એ આત્માની ઉત્પત્તિ વંશગત નહિ પરંતુ બ્રહ્માંડની કોઇ અદૃશ્ય શક્તિઓથી છે. ત્યારે જ તો તેઓ દરેકના મનની વાત જાણી શકતા હતા, એક પાઉં રોટીથી સેંકડો માણસોની ભૂખ મટાડી શકતા હતા અને કોઇ પણ રોગીને માત્ર સ્પર્શ અને આશીર્વાદથી સારો કરી શકતા હતા. વિજ્ઞાને પણ અમૈથુની સૃષ્ટિનું સમર્થન કરી દીધું છે.

કર્ણનો જન્મ કુંતીના પેટે થયો હતો. કુંતી એક દિવસ ગાયત્રી મંત્રનો જપ કરી રહી હતી. મહાભારતમાં કથા આવે છે કે એ દિવસે તે ઘણી જ ધ્યાનાવસ્થિત હતી. તેને લાગ્યું કે ભગવાન સૂર્યદેવ તેની પાસે છે, તેમનું તેજ ( ભર્ગ ) તેની

દેવ-શક્તિઓને કૃત્રિમ ગર્ભાધાન દ્વારા માનવ આકૃતિઓમાં લાવી શકાય છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

અંદર પ્રવેશ્યું અને તે ખરેખર ગર્ભવતી થઇ ગઇ. કર્ણ સૂર્ય જેવો તેજસ્વી અને અદ્વિતીય દાની હતો. એવી ક્ષમતા મહાભારતના બીજા કોઇ યોદ્ધામાં ન હતી.

પાંડુએ એક વાર કામ-ક્રીડા કરી રહેલા મૃગના જોડાનો વધ કરી દીધો હતો. એ મૃગોએ પાંડુને શાપ આપ્યો-"તમારૂં મૃત્યુ પણ આવું જ થશે" તેમના મૃત્યુ પછી તેમની બંને રાણીઓ કુંતી અને માદ્રીએ દેવ શક્તિઓનું આહ્‌વાન કરીને અમૈથુન પુત્રોને જન્મ આપ્યો હતો. ઇન્દ્રના પુત્ર અર્જુનનાં શૌર્ય અને પરાક્રમ અજોડ હતાં. યમના પુત્ર યુધિષ્ઠિર સાક્ષાત ધર્માવતાર હતા. ભીમ વાયુ પુત્ર હતા. તેમનામાં વાયુ કરતાં પ્રચંડ બળ હતું. સહદેવ સોમનો અંશ હોવાથી જ્યોતિર્વિદ્યાના અદ્વિતીય પંડિત હતા. એક માત્ર નકુલ સહવાસથી ઉત્પન્ન થયા હતા. તેમનાં બીજા ભાઇઓ કરતાં સાંસારિકતાના ભાવ અને કામનાઓ વધારે હતાં. ભારતીયો પોતાને દેવ-શક્તિઓના અંશ, ઋષિ-પુત્રો વગેરે માને છે. તેમના જ્ઞાન, ગુણ, સૌંદર્ય વગેરેની બરાબરી પાશ્ચાત્ય જગત કરી શકતું નથી.

કૌરવો ભ્રૂણ સંતાનો હતાં. અંજની પુત્ર હનુમાન પિતૃહીન સંતાન હતા. મહાપુરૂષ રામકૃષ્ણ પરમહંસનો જન્મ પિતાના સંયોગ વિના થયો હતો. એનાથી સાબિત થાય છે કે સંસારમાં એવાં તથ્યો હયાત છે કે જે શક્તિ અને ગુણોની દૃષ્ટિએ ઘણાં જ વિકસિત હોય છે. તેમની સાથે અતીન્દ્રિય સંપર્ક સ્થાપીને કોઇ પણ સ્ત્રી અથવા પુરૂષ પોતાની અંદર એ દૈવી પ્રતિભાઓને વિકસિત કરી શકે છે.

પ્રમાણો અને વૈજ્ઞાનિક વ્યાખ્યાઓ આ તથ્યનું સમર્થન કરે છે. સ્ત્રીના અંડ (ઓવમ્) અને પુરૂષના શુક્રાણુ (સ્પર્મ) ના મિલનથી બાળકનો જન્મ થાય છે. અત્યાર સુધી લોકોને એવી ખબર હતી કે અંડ અને શુક્રાણુનું મિલન કેવળ સંયોગથી જ શકય છે. પરંતુ ડૉ. સ્ટીવર્ડે ગાજર પર કેટલીક જાતના પ્રયોગ કરીને સાબિત કરી દીધું છે કે દરેક કોશિકા (સેલ) માં જીવ-નિર્માણની ક્ષમતાઓ મોજૂદ હોય છે. એટલે ફકત સંભોગથી જ સંતાનનો જન્મ શકય છે એવું માનવું યોગ્ય નથી. આ દિશામાં વિજ્ઞાનની શોધ હવે પૂરતી આગળ વધી ચૂકી છે.

સન ૧૮૯૯માં ડૉ. જેમ્સીસ લોવે એક પ્રયોગ કર્યો. તેમણે સમુદ્રમાં મળી આવતા 'અર્ચિન' નામના જંતુની માદાના અંડને મેગ્નેશિયમ ક્લોરાઇડથી ઉત્તેજિત કર્યું. એનાથી શુક્રાણુની સહાયતા વિના અંડમાં ગર્ભાધાન (ફરટીલાઇજેશન) થઇ ગયું. આ ઘટનાની વૈજ્ઞાનિક જગતમાં તીવ્ર પ્રતિક્રિયા થઇ અને કૃત્રિમ ગર્ભાધાનની શોધને માટે વિજ્ઞાનીઓમાં સર્વત્ર હોડ મચી ગઇ.

સ્ત્રીના અંડ (ઓવમ્) માં ગર્ભાધાનને માટે એ જરૂરી છે કે ૨૪ ગુણ સૂત્ર (ક્રોમોસોમ્સ) સ્ત્રીના અને ૨૪ ગુણ સૂત્ર પુરૂષના મળવા જોઇએ. પુરૂષના ગુણ સૂત્રે માં એક વિશેષતા એવી હોય છે કે એક ગ્રુપમાં ૨૪ ગુણ સૂત્રો સમાન હોય છે પરંતુ બીજા ગ્રુપમાં ૨૩ ગુણ સૂત્રો સમાન ધર્મવાળા હોય છે અને એક ગુણ સૂત્ર બાકીના ૪૭ સાથે કોઇ પણ રીતે મળતો નથી. આ એક ગુણ સૂત્ર જ પુરૂષના જન્મનું કારણ છે. જો સ્ત્રી અને પુરૂષનાં ૧૪ સમાન ગુણ સૂત્રો વાળાં ગ્રુપ (એમને અંગ્રેજીમાં એકસ એકસ ક્રોમોસોમ્સ કહે છે) મળે તો કન્યાનો જન્મ થશે. પરંતુ જો સ્ત્રીના ૨૪ ગુણ સૂત્રો સાથે પુરૂષના પેલા એક ભિન્ન પ્રકૃતિના ગુણ સૂત્ર (એને અંગ્રેજીમાં વાય ક્રોમોસોમ્સ કહે છે) વાળું ગ્રુપ મળે તો સંતાન પુત્ર થશે. 'અર્ચિન' જંતુની બાબતમાં શુક્રાણુનું કાર્ય મેગ્નેશીયમ દ્વારા પૂરૂં થયું એ બતાવે છે, કે અંતરિક્ષીય શક્તિઓના માધ્યમથી ગર્ભમાં પિતૃહીન સંતાનોને સ્થાપિત કરી શકાય છે. ડૉ. યુજીન બટાઇલોને દેડકાના અંડમાં પિન ભોંકીને નિષેચનની ક્રિયા માટે પ્રયાસ કર્યો અને એમાં તેમને સફળતા પણ મળી ગઇ. નિષેચન

દેવ-શક્તિઓના આહ્‌વાનથી જન્મેલા અમૈથુન મનુષ્યો દેવદૂત બન્યા છે.



Disclaimer / Warning: All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

એટલે ગુણ સૂત્રોની સંખ્યા બમણી થઇ જવી. જો ગુણ સૂત્રોની સંખ્યા બમળી થઇ જાય, તો પિતાની સહાયતા વિના અંડમાં સંતાન રહી શકે છે. આ પ્રયોગમાં એવું જ થયું પિન ભોંક-વાથી દેડકાનું નિષેચન થઇ ગયું અને તેને કૃત્રિમ ગર્ભાધાનથી જ સંતન થઇ ગયું. આ પ્રયોગ સસલાં પર પણ સફળ થયો. ૧૯૬૭ ના જુલાઇની ૧૫મી તારીખે લંડનથી પ્રકાશિત થતા 'ટિટબિટ્સ' માસિકમાં ડો. જિરાલ્ડ મેક્નાઇટે લખ્યું છે કે બ્રિટનમાં આ પ્રકારનો ક્રમબદ્ધ પ્રયોગ ચાલી રહ્યો છે. ૧૦૦ સ્ત્રીઓ કૃતિમ નિષેચન માટે તૈયાર થઇ. એમાંની ઓછામાં ઓછી આઠ સ્ત્રીઓને બાળક ઉત્પન્ન કરવામાં પુરૂષના સહ-યોગની જરૂર પડી નહિ. શ્રીમતી એમીનેરી જોન્સે 'મોનિકા' નામની પુત્રીને જન્મ આપ્યો. વિજ્ઞાની-ઓએ જોન્સની પૂરેપૂરી દેખરેખ રાખી હતી. મોનિકાનાં રંગરૂપ, આકૃતિ, પ્રકૃતિમાં અને માનવીને યોગ્ય ગુણ, ધર્મ અને પ્રકૃતિમાં બિલકુલ તફાવત ન હતો. કૃત્રિમ ગર્ભાધાનની ક્રિયામાં શુક્રાણુ ( સ્પર્મ ) નું સ્થાન લઇ શકે એવાં તત્વોની શોધમાં હવે વિજ્ઞાનીઓ છે. આ પ્રયોગોની સફળતા દેવો અથવા બ્રહ્માંડમાં રહેલી ચેતન-શક્તિઓનાં રહસ્યો પણ ખુલ્લાં કરશે.

હવે એક જ પ્રશ્ન બાકી રહે છે અને એ છે. સ્ત્રીના પ્રજનન કોષોમાં 'વાય' ( y ) જાતના ગુણ સૂત્રોની હયાતી. અત્યાર સુધી સ્ત્રીઓના શરીરમાં આ ગુણ સૂત્રની હાજરીનું સમર્થન થઇ શક્યું નથી. જો એટલું થઇ જાય તો અમૈથુની સૃષ્ટિનો સિદ્ધાંત છે એવુ માનવાનું કોઇને માટે પણ કોઇ કારણ રહેશે નહિ.

એવાં સ્પષ્ટ પ્રમાણો મળી ચૂક્યાં છે કે જેમનાથી પુરૂષોમાં પૂરતા પ્રમાણમાં સ્ત્રીઓને યોગ્ય ગુણો અને સ્ત્રીઓમાં પુરૂષોને યોગ્ય ગુણો મળી આવ્યા છે. અમેરિકામાં હાલમાં યૌન-પરિવર્તન સામાન્ય ઓપરેશનની શ્રેણીમાં આવી રહ્યું છે. ત્યાંનાં અખબારોમાં કોઇ છોકરીને છોકરાની અને છોકરાને છોકરીની યોનિમાં બદલાઇ જવાના સમાચારો છપાતા રહે છે. યૌન પરિવર્તન ઇચ્છનારાંઓમાં જ્યારે પરિવર્તનને લાયક ગુણો કોઇને કોઇ અંશમાં પહેલેથી જ હયાત હોય ત્યારે જ આ ઓપરેશન શક્ય છે. ઇતિહાસ એવી ઘટનાઓથી ભરેલો છે કે જેમનાથી ખબર પડે છે કે સ્ત્રીઓમાં પુરૂષોના અને પુરૂષોમાં સ્ત્રીઓનાં તત્વ પણ હોય છે અને આ ત્યારે જ શક્ય છે કે જ્યારે તેમના વંશને નિર્ધારિત કરનારા ગુણ સૂત્રોમાં પણ આ વિશેષતાઓ મોજૂદ હોય. જો આ સાચું હોય તો પ્રકૃતિના પ્રત્યેક કણમાં પુરૂષ અને સ્ત્રી બંને સ્વભાવ સનાતન છે એ ન માનવાનું કોઇને કશું કારણ નથી. આને જ પ્રકૃતિ અને પરમેશ્વરની અભિન્નતા કહે છે. મેડ્રિડ ( સ્પેન ) માં મેડિકલ ફેકલ્ટીના એક સર્વેક્ષણમાં ડો. જોન કેસ્લરનો એક હેવાલ છપાયો છે. ડો. કેસ્લરે જણાવ્યું છે કે લોજાનો નામની વ્યક્તિની સ્ત્રીને બે જોડિયાં સંતાન થયાં. એક છોકરો હતો અને એક છોકરી. બંને બાળકોની ભૂખ મટી શકે એટલું દૂધ માના સ્તનોમાં હતું નહિં. એ કારણે બાળકો દિવસભર ભૂખ્યાં રહ્યા કરતાં હતાં. સંજોગવશાત લોજાનોના સ્તન સામાન્ય પુરૂષોના સ્તન કરતાં કંઇક મોટા હતા. એટલે બાળકોને બહેલાવવા માટે તે પોતાના સ્તનોએ તેમને વળગાડી દેતો. બાળકો દૂધ પીવા લાગતાં. ધીરે ધીરે લોઝાનોના સ્તનોમાંથી દૂધ નીકળવા લાગ્યું. દૂધ એટલું નીકળવા લાગ્યું કે તેણે પોતાના બાળકોને પાંચ માસ સુધી દૂધ પાયું. પિતાનું દૂધ પીને બાળકો ખૂબ સ્વસ્થ થઇ ગયાં.

નીમેસના ડો. રેવાલે એક ૧૫ વર્ષના છોકરાનો પરિચય છાપ્યો હતો. તેના બંને સ્તન છોકરીઓ જેવા હતા. થોડાક દિવસોમાં એ સ્તનોમાંથી એટલું દૂધ નીકળવા લાગ્યું કે તેને શરમથી સ્તનોમાં રૂ બાંધેલું રાખવું પડતું હતું.

ભારતીયો પોતાને દેવ-શક્તિઓના અંશ, ઋષિ-પુત્રો માને છે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

૧૯૨૪ ના જાન્યુઆરીના એક અમેરિકન સમાચાર પત્રમાં જબોટા જિયોબિચ નામના ૨૨ વર્ષના એક સર્વિયન યુવકના સમાચાર છપાયા છે. એમાં આશ્ચર્ય પૂર્વક સ્વીકારવામાં આવ્યું છે કે બેલગ્રેડની હોસ્પીટલમાં તેના પેટનું ઓપરેશન કરીને ૧૦ અને ૫ ઇંચ લાબાં બે ભ્રૂણ કાઢવામાં આવ્યાં. એ ભ્રૂણોનાં ગરદન, છાતી, હાથ, પગ પૂરતાં પુષ્ટ થઇ ચૂક્યાં હતાં.

આ ઘટનાઓ પુરૂષોની છે. એ સાબિત કરે છે કે પુરૂષોમાં સ્ત્રીને યોગ્ય સંસ્કાર હોવાનું અશક્ય નથી. ભલે એ પ્રસુપ્ત અવસ્થામાં હોય પરંતુ જો એમને વિકસિત કરી શકાય તો મનુષ્ય પોતે પણ પોતાના શરીરમાં અમૈથુની સૃષ્ટિ ઉત્પન્ન કરી શકે છે.

આ વાત સ્ત્રીઓને પણ લાગૂ પડે છે. તેઓમાં ઘણી વાર પુરૂષોચિત ગુણો સ્પષ્ટ રીતે જોવામાં આવે છે. અમેરિકાની શ્રીમતી ટેલર જેમ જેમ વૃદ્ધ થતી ગઇ તેમ તેમ તેની દાઢી-મૂછો પૂરતી મોટી થતી ગઇ. તેની દાઢીના વાળ સ્તનોની નીચે સુધી પહોંચી ગયા હતા. ૧૭૩૨ માં ડ્રેસડેનામાં રોજિને માર્ગારેટ મુલરનું મૃત્યુ થયું. તેના મરણના સમાચાર છાપતાં ડૉ. ગોલ્ડ અને ડૉ. પાઇલેએ પોતાના પ્રખ્યાત પુસ્તક "એનોમલીજ એન્ડ ક્યુરિયો સિટીજ ઓફ મેડિસિન" માં લખ્યું છે કે શ્રીમતી માર્ગારેટ મુલરને ખૂબ ઘટ્ટ અને લાંબી દાઢી-મૂછો હતી.

નીલ્સ હોપરે પોતાના પુસ્તક 'પુરૂષ સ્ત્રી' માં લખ્યું છે કે ડ્રેસડન (જર્મની) ના સર્જન ડૉ. વાર્નેક્રુત્સને ઇનર વેલનર નામના એક ચિત્રકારને ઓપરેશન કરીને પુરૂષમાંથી સ્ત્રી બનાવી દીધો. ૧૮ એપ્રિલ ૧૯૪૩ના 'હિન્દુસ્તાન સ્ટેન્ડર્ડ' માં જોરહટની પાસે ચારવાલ ગામના કેવટની ૧૭ વર્ષની પુત્રી સઇદા ખાતૂન પુરૂષ બની ગઇ એ સમાચાર છપાયા છે.

આવા સમાચારોની અમારી પાસે એટલી બધી જાણકારી છે કે એનાથી એક સ્વતંત્ર પુસ્તક લખી શકાય. આ સમાચારો અને આ ઘટનાઓ એવું પ્રમાણિત કરે છે કે પુરૂષોમાં સ્ત્રીઓચિત અને સ્ત્રીઓમાં પુરૂષોચિત ગુણોની હયાતી પ્રકૃતિનું એક વિલક્ષણ રહસ્ય છે. એનાથી અમૈથુની સૃષ્ટિનો સિદ્ધાંત સત્ય પ્રમાણિત થાય છે. પ્રમાણ અને વિજ્ઞાન બંને એનું સમર્થન કરે છે.

( ક્રમશઃ )

## વીર બનો, કાયર નહિ !

કાયરતા મનુષ્યનું બહુ મોટું કલંક છે. કાયર વ્યક્તિ જ સંસારમાં અન્યાય, અત્યાચાર તથા અનીતિને આમંત્રણ આપ્યા કરે છે.

સંસારના બધા અત્યાચારોની જવાબદારી કાયરો પર જ છે. કોઇ પણ રાષ્ટ્રમાં કાયરતાનો સમાવેશ જોઇને જ આક્રમણ કરનારા એને જીતવાને માટે આગળ ધપે છે. જે રાષ્ટ્રના લોકો પોતાની બધી દુર્બળતાઓને પોતાના પગ તળે દબાવીને વીર ભાવોથી ઓત-પ્રોત રહે છે, એ રાષ્ટ્ર તરફ સંસારનો કોઇ અત્યાચારી નજર કરવાનું સાહસ કરતો નથી અને જો કોઇ એવું દુસ્સ હસ કરે છે તો તે પોતાના સમગ્ર અસ્તિત્વને મિટાવી દઇને માટીમાં મળી જાય છે.

પોતાની, પોતાના સમાન અને પોતાના રાષ્ટ્રની રક્ષાને માટે વીર બનો, બલિદાની બનો અને એવા લોખંડી પુરૂષ બનો કે અત્યાચારી તમારી સાથે ટકરાઇને ચૂરેચૂરા થઇ જાય.

— જનરલ અવારી.

અંતરિક્ષીય શક્તિઓથી ગર્ભમાં પિતૃહીન સંતાનોને સ્થાપિત કરી શકાય છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# આત્મ-સાક્ષાત્કારને માટે સચ્ચરિત્રતા અનિવાર્ય

કઠોપનિષદમાં યમે નચિકેતાને આત્મ-સાધના પર પ્રકાશ પાડતાં કહ્યું—

नाविरतो दुश्चरितान्नाशान्तो नासमाहितः ।
नाशान्त मानसो वापि प्रज्ञानेनैन माप्नुयात् ॥ १/२/२४

"હે શિષ્ય ! જેણે પોતાના ચારિત્ર્યને શુદ્ધ કર્યું નથી, જેની ઇન્દ્રિયો શાંત નથી, જેનું ચિત્ત સ્થિર રહેતું નથી અને જેનું મન સદૈવ અશાંત રહે છે, તે કેવળ બાહ્ય જ્ઞાનને આધારે આત્માને પ્રાપ્ત કરી શકે નહિ."

ચારિત્ર્ય અથવા કર્મ પોતાનું ફળ કેવી રીતે આપે છે ? આ જાણવા લાયક વાત છે. બીજાને અનુરૂપ જ ફળ હોય છે. પાપથી આત્માની પરાધીનતા દૃઢ થાય છે અને પુણ્ય આત્માને મુક્તાવસ્થા તરફ અગ્રસર કરે છે. આ જ પાપ અને પુણ્યના ફળનું રહસ્ય છે. ખરાબ કર્મો આત્માને માટે જરૂરી છે કે નહિ ? આ વાતો વ્યવહારથી સ્પષ્ટ થઇ જાય છે. સામાન્ય રીતે વાસના પૂર્તિથી અશાંતિ વધે છે, ક્રોધથી શરીર બળવા લાગે છે અને આત્માને બેચેની માલૂમ પડે છે. લોભ આવે છે ત્યારે મનુષ્ય કેટલો અશાંત થઇ જાય છે ? જાણે કે તે નરકના અગ્નિમાં પ્રત્યક્ષ બળી રહ્યો ન હોય. એ જ રીતે સંસારમાં જેટલાં જેટલાં ખરાબ કર્મો છે, એ બધાં આત્માને કષ્ટ આપનારાં અને તેના શાશ્વત ગુણોની વિરૂદ્ધનાં જ હોય છે. તો પછી એ બધાં કાયમ રહે અને આત્મા પોતાના મુક્ત રૂપમાં પ્રગટ પણ કેવી રીતે થઇ શકે ?

મનની મલીનતાઓ, પાપ, ક્રોધ, કામ અને ઇચ્છાઓ ન રહે તો આત્માને તરત શાંતિ મળે છે. ગુણો વધે છે, જ્ઞાન વધે છે, આનંદ મળે છે, શક્તિનો અનુભવ થાય છે અને સંતોષ થાય છે. આ રીતે આત્માને સુખની અનુભૂતિ થાય છે. આનાથી પણ માલુમ પડે છે કે કામ, ક્રોધ વગેરે વિકારો છે અને તે આત્માની પવિત્રતાને કલંકિત કરનારા જ હોય છે. એટલે એ કાયમ રહે તો આત્મ જ્ઞાનની ઇચ્છા કેવી રીતે પૂરી થઇ શકે ?

જેમને આપણે પુણ્ય કહીએ છીએ એવી જ ઇચ્છાઓથી આત્માને સુખદાયક અનુભવ થાય છે. સેવા, સદ્ધર્મ, સદ્ભાવના, પ્રેમ, સ્નેહ, ત્યાગ અને ઉદારતાની ક્ષણોમાં આત્માની શુદ્ધ ઇચ્છા પ્રગટ થાય છે, જ્યારે સાંસારિક ભોગોની ઇચ્છાઓ પરાધીનતા અને બીજા પદાર્થોના દાસ બનાવે છે. તેથી રાગ-દ્વેષ બધાં અસ્વાભાવિક છે. એ હયાત હોય ત્યારે આત્મા-સ્થિરતા અથવા આત્માના સુખોમાં એકાગ્રતા થઇ શકતી નથી અને આત્મ-સ્થિત થયા વિના તેનું જ્ઞાન પ્રાપ્ત કરવાનું શક્ય નથી. આ સ્થિતિ જ એવી છે કે જેને કામનાઓના પહાડ પર ચઢીને જોઇ શકાય નહિ. આત્માને જોવા માટે તો વિશુદ્ધ આત્મ-ગુણવાળા બનવું પડે છે અથવા આત્મામાં જ વસી જવું પડે છે. તેથી આત્માને જાગૃત કરવાનો પહેલો મહા-મંત્ર આત્માને શુદ્ધ બનાવવાનો છે.

અધ્યાત્મ યોગની આધાર શિલાની વ્યાખ્યા કરતાં શ્રી શંકરાચાર્યે પણ આ જ તથ્યનું પ્રતિપાદન કર્યું છે. તેમણે લખ્યું છે—

विषयेभ्यः प्रतिसंहृत्य चेतस आत्मानि समाधान-मध्यात्म योगः ।

એટલે કે ચિત્તને વિષયોમાંથી હટાવીને એનો આત્મામાં સમાવેશ કરવો એ જ અધ્યાત્મ યોગ છે.

ઉપરોક્ત કથનથી સ્પષ્ટ થઇ જાય છે કે આત્માની શુદ્ધિ વિના આત્મ જ્ઞાન શક્ય નથી.

જૈન ધર્મમાં 'તત્વાધિગમ સૂત્ર" માં વધારે વિવરણ યુક્ત કરતાં લખ્યું છે—

**પાપથી આત્માની પરાધીનતા દૃઢ થાય છે અને પુણ્ય આત્માને મુક્તાવસ્થા પ્રાપ્ત કરાવે છે.**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

हिंसा नृतास्तेय ब्राह्म परिग्रहेभ्यो विरतिर्व्रतम् ।

એટલે કે પ્રાણીની હિંસા કરવી, જૂઠું બોલવું, ચોરી કરવી, વ્યભિચાર અને પરિગ્રહ આ પાંચ પાપોને છોડવાં એ જ વ્રત છે.

બૌદ્ધ દર્શનમાં નિવૃત્તિ માર્ગની ચર્ચા કરવામાં આવે છે. એ વાસ્તવમાં આત્મોદ્ધારનો જ પ્રકાર છે. એને માટે જે સાધનોનો વિસ્તાર કરવામાં આવ્યો છે એ પણ ઉપનિષદોની આત્મ-શુદ્ધિ અને જૈન દર્શનના વ્રતોની સમાન જ છે. બૌદ્ધ ભિક્ષુ જ્યારે આત્મ-કલ્યાણને માટે નિવૃત્તિ માર્ગને અનુસરે છે ત્યારે તેને પણ નીચે જણાવ્યા પ્રમાણેની પાંચ પ્રતિજ્ઞાઓ કરવી પડે છે—

(૧) પાણાતિપાતા વેરમણી સિકખાપદં સમાદિયામિ । —હું પ્રાણી-વધ કરીશ નહિ.

(૨) અદિન્નાદાના વેરમણી સિકખાપદં સમાદિયામિ । —કોઇની ચોરી કરીશ નહિ.

(૩) કામે સુમિચ્છાચારા વેરમણી સિકખા-પદં સમાદિયામિ । —વ્યભિચાર કરીશ નહિ.

(૪) મુસાવાદા વેરમણી સિકખાપદં સમાદિયામિ । —કદી જૂઠું બોલીશ નહિ.

(૫) સુરા-મેરેય-મજ્જ પમાદટ્ઠાના વેરમણી સિકખાપદં સમાદિયામિ માંસ-મદિરા વગેરે અભક્ષ્ય પદાર્થોનું સેવન કરીશ નહિ.

હિન્દુ ધર્મમાં પણ આ બધાં દુરાચરણો વર્જિત છે જ. એની સાથે સાથે એમાં મનની સૂક્ષ્મ વિકારમય વૃત્તિઓના નિગ્રહની જરૂર પર પ્રકાશ પાડવામાં આવ્યો છે, જે વાસ્તવમાં બીજા ધર્મોના સિદ્ધાંતો કરતાં વધારે તથ્યપૂર્ણ અને વૈજ્ઞાનિક છે. ઉદાહરણ તરીકે કામ-વાસના ખરાબ વસ્તુ છે અને તે આત્મ-જ્ઞાનથી વિમુખ કરનારી છે. પરંતુ મનુષ્ય કેવળ મનોબળને આધારે વાસનામાંથી મુક્ત થઇ શકતો નથી કારણ કે પરિસ્થિતિઓનો પ્રભાવ પણ પોતાનું મહત્વ ધરાવે છે. મનની કામ-વાસના ખરેખર વૈજ્ઞાનિક દૃષ્ટિએ અન્ન દોષ છે. એટલે કે જો આહાર અનિયમિત હોય તો મનની વાસના પર કદી પણ નિયંત્રણ સ્થાપી શકાય નહિ. એટલે કે સચ્ચરિત્રતાના સિદ્ધાંતોને કેટલાંક વાક્યો સુધી જ મર્યાદિત કરવામાં આવ્યા નથી પરંતુ એમનું ઘણું વિસ્તૃત વિશ્લેષણ કરવામાં આવ્યું છે. અર્થાત્ આ નિયમોને આરંભિક અવસ્થા, આહાર-વિહાર, શિક્ષા-દીક્ષા, ભાષા-વ્યવહાર, ધર્મ-કર્મ વગેરેથી જ બાંધવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આ સર્વાંગી શુદ્ધિ-પ્રક્રિયાને અપનાવ્યા વિના માણસ જીવનના દોષોમાંથી કદી મુક્ત થઇ શકતો નથી.

મનુષ્ય પોતાના ક્ષણિક સુખોને માટે અનેક પ્રકારનાં દુષ્કર્મો કરી નાંખે છે. તેને ખબર હોતી નથી કે આ દુષ્કર્મોનું ફળ તેને છેવટે કેવી રીતે ભોગવવું પડશે. મનુષ્યને જે જાત જાતનાં કષ્ટો ઉઠાવવાં પડે છે એમને માટે અમુક હદ સુધી સમાજ અને દેશકાળની પરિસ્થિતિઓ પણ જવાબદાર હોઇ શકે છે, પરંતુ મોટે ભાગે તે પોતાના જ દુષ્કર્મોનું ફળ ભોગવે છે. પરંતુ માનવ-દેહ દુઃખો ભોગવવા માટે મળ્યો નથી. આત્મ-કલ્યાણ માટેનું એ તો મુખ્ય કર્મ-સાધન છે. એટલે પોતાની પ્રવૃત્તિઓ પણ આત્મ-કલ્યાણના ઉદ્દેશ્યની પૂર્તિની જ હોવી જોઇએ અને એને માટે ખરાબ સ્વભાવ અને ખરાબ કર્મોથી બચવાનું પણ જરૂરી બની જાય છે.

શાસ્ત્રકારે પોતાનો નિષ્કર્ષ સ્પષ્ટ શબ્દોમાં વ્યક્ત કરતાં લખ્યું છે—"સત્યનું મુખ ઢંકાયેલું છે. હે સત્ય શોધક ! જો તું એને પ્રાપ્ત કરવા ઇચ્છતો હોય તો એ ઢાંકણને ખોલવું પડશે કે જેનાથી સત્ય ઢંકાઇ ગયું છે. જો તું એને છોડી શકશે નહિ તો સત્ય જ તને છોડી જશે." બંને બાબતો એક સાથે કદી પણ થઇ શકતી નથી. આત્મ-જ્ઞાનને પણ ખરાબ કર્મોએ આ જ રીતે ઢાંકી દીધું છે. એને પ્રાપ્ત કરવાને માટે આ અશુદ્ધ અવસ્થાનો ત્યાગ કરવો જ પડે છે. સાંસારિક વિષય-વાસનાઓની ઇચ્છાઓ પર વિજય મેળવવો જ પડે છે.

—✶—

આત્માની શુદ્ધિ વિના આત્મ-જ્ઞાન શક્ય નથી.


Disclaimer / Warning: All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# ઇન્દ્રિય સંયમની આવશ્યકતા

મનુષ્યના શરીરમાં પરમાત્માએ દસ ઇંદ્રિયો આપી છે-પાંચ જ્ઞાનેદ્રિયો અને પાંચ કર્મેન્દ્રિયો. (૧) આંખ (૨) કાન (૩) નાક (૪) જીભ (૫) ચામડી એ પાંચ ઇન્દ્રિયો વિષયોનું જ્ઞાન પ્રાપ્ત કરાવે છે. આંખથી સારૂં-ખોટું જોવું, કાનથી કોમળ-કઠોર શબ્દો સાંભળવા, નાકથી સુગંધ-દુર્ગંધ સૂંઘવી, જીભથી ખાદ્ય-અખાદ્યનો સ્વાદ જાણવો અને ચામડીથી કોમળતા અથવા કઠોરતાનો અનુભવ કરવો એ પ્રમાણે ક્રિયાઓ થાય છે. પ્રત્યેક ઇન્દ્રિયનો એક દેવતા હોય છે. તેનાથી જ વિષયોની ઉત્પત્તિ થાય છે. આંખનો વિષય રૂપ અને દેવતા સૂર્ય છે સૂર્ય અથવા અગ્નિ ન હોય તો આંખ નકામી છે. કાનનો વિષય શબ્દ અને ગુણ આકાશ છે. નાકનો વિષય ગંધ અને ગુણ પૃથ્વી છે. જીભનો વિષય રસ અને ગુણ જળ છે. ચામડીનો વિષય સ્પર્શ અને ગુણ વાયુ છે. આ ગુણો અને શક્તિઓને કારણો આ ઇન્દ્રિયોનો ઉપયોગ ઘણો વધારે છે.

પાંચ કર્મેન્દ્રિયોમાં (૧) વાણી (૨) હાથ (૩) પગ (૪) જનનેન્દ્રિય અને (૫) ગુદા છે. વાણી અથવા મુખથી બોલીએ છીએ અને સ્વાદ ચાખીએ છીએ. હાથથી કાર્ય કરીએ છીએ અને પગથી ચાલીએ છીએ. જનનેન્દ્રિયથી મૂત્ર-ત્યાગ અને ગુદાથી મળ-ત્યાગ કરીએ છીએ.

આ ઇન્દ્રિયો આત્માની સગવડ જનક વિકાસ યાત્રાનાં સહાયક સાધનો છે એ આત્માનાં સેવક છે. પરમાત્માએ એમને એટલા માટે આપ્યાં છે કે એમની મદદથી આત્મા પોતાની આવશ્યકતાઓ પૂરી કરે અને સુખ પ્રાપ્ત કરે. આ બધી ઇન્દ્રિયોનું કાર્ય જીવને ઉન્નતિ અને આનંદ પ્રાપ્ત કરાવવાનું છે. જો એમનો સદુપયોગ કરવામાં આવે તો મનુષ્ય નિરંતર જીવનનો મધુર રસ ચાખતો ચાખતો જન્મ સફળ બનાવી શકે છે.

ઇશ્વરે જ્ઞાનેન્દ્રિયો શરીરના ઉપરના ભાગમાં રચી છે અને કર્મેન્દ્રિયો નીચેના ભાગમાં. એનાથી પરમાત્માએ જ્ઞાનને મુખ્યતા આપી છે અને સંકેત આપ્યો છે કે જ્ઞાન અને વિવેક અનુસાર જ કર્મ કરો. એમનાથી તમને સુખ મળશે અને અધોગામી વિષયોમાં ભટકશો તો એ જ ઇન્દ્રિયો તમારે માટે કાળ રૂપ અને વિનાશનું કારણ બની જશે.

ઉપનિષદકારે જણાવ્યું છે કે---

આ શરીર એક રથ છે. એના પર આરૂઢ થનાર સ્વામી આત્મા છે. જીવાત્માને આ વાહન મોક્ષ પ્રાપ્ત કરવા મળ્યું છે. દસેય ઇન્દ્રિયો આ રથના ઘોડા છે. મન એ ઘોડાઓને કાબૂમાં રાખનારી લગામ છે. ઇન્દ્રિયોના ઘોડા વિષયોની સડક પર ચાલતા ચાલતા મુક્તિ-યાત્રા તરફ આગળ વધે છે. આ વાહનનો સારથી છે— મનુષ્યની બુદ્ધિ અને તેનો વિવેક. જો એ સજાગ હોય તો ઇન્દ્રિયો વિષયોમાં ન ભટકતાં કુશળતા પૂર્વક પોતાના સ્વામીને પરમાત્માની સમીપતામાં પહોંચાડી દે છે

ઇન્દ્રિયોનો ઉપયોગ પાપ નથી. વિષયો પણ જરૂરી છે. સાચી વાત તો એ છે કે અંતઃકરણની જુદી જુદી ક્ષુધાઓ અને તૃષાઓને તૃપ્ત કરવાનું ઇન્દ્રિયો એક ઉત્તમ માધ્યમ છે. ઇન્દ્રિય-સંયમનો ફકત એટલો જ આશય છે કે જ્યારે ઇન્દ્રિયો વિષયો તરફ દોડે ત્યારે એમને સાવધાનીથી સંભાળવી અને જેનાથી આત્માની વિકાસ યાત્રા પૂરી થાય છે એ શક્તિને બરબાદ ન કરવી.

ઇન્દ્રિય-નિયંત્રણનો મૂળ મંત્ર છે—આત્મ-સંયમ જીવની વિકાસ યાત્રા માટે શરીરની શક્તિઓ ઉપયોગી જ નહિ પરંતુ જરૂરી પણ છે.

ઇંદ્રિયોનો સદુપયોગ કરવામાં આવે તો મનુષ્ય-જન્મ સફળ બની શકે છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

શરીરમાં બળ અને વીર્યનું ખૂબ પ્રમાણ ન રહે તો તે આત્મિક આદેશોનું પાલન બરાબર રીતે કરી શકશે નહિ. એટલે વીર્ય-રક્ષા જરૂરી છે અને સંભોગ-ક્રિયાને નિયંત્રિત કરી દેવામાં આવે છે. આ સંતાનોત્પત્તિનું સાધન છે જેથી કરીને ભાવી પેઢીઓ ચાલતી રહે પરંતુ બેફામ વીર્યપાતનો કોઈ ઉપયોગ નથી. ઉલટું એનાથી શારીરિક શક્તિનું પતન થાય છે અને મનુષ્યની બુદ્ધિ ભ્રમિત થઈને આત્મ-કલ્યાણનો માર્ગ છોડી દે છે.

આહાર શરીરની ઘણી મોટી આવશ્યકતા છે. પરંતુ શરીર-રક્ષા માટે સ્વાદની ઉપયોગિતા સમજમાં આવતી નથી માત્ર સ્વાદની લાલચથી પેટ ખરાબ થઈ જાય છે અને આરોગ્ય બગડે છે. આ રીતે આહાર કે જે શરીરની આવશ્યકતા હતી એ જ વિધર્મી બનીને આપણી શકિતઓના પતનનું કારણ બને છે. કોઇ પણ ઇન્દ્રિયના ઉપભોગની એક સીમા નિર્ધારિત છે. એ સીમાની અંદર જ એનો સાચો ઉપયોગ કરી શકાય છે. પરંતુ જો એ સીમાનું ઉલ્લંઘન કરવામાં આવશે તો રોગ અને શોક ઘેરી લેશે. ઉપકારી ઇંદ્રિયો જ ત્યારે બંધનનું કારણ બની જશે એટલે ઇંદ્રિય-નિગ્રહને માટે આત્મસંયમની ઘણી જરૂર છે.

આટલું જાણતા-સમજતા હોવા છતાં પણ લોકો વિષયાસક્ત બનતા જોવામાં આવે છે. એનું કારણ જાત જાતનાં પ્રલોભનો હોય છે. લોકોને જાત જાતના ભોગો ભોગવતા જોઇને, શ્રૃંગાર સજાવટ બનાવટ કરતા જોઇને અવિવેકી માણસો પોતે પણ એવું કરવા લલચાય છે. આ પ્રલોભનોમાં નૈતિક દૃષ્ટિએ કમજોર અને નિર્બળ ચારિત્ર્યવાળી વ્યક્તિઓ જ ફસાય છે અને એનાં દુષ્પરિણામો ભોગવે છે.

આ પ્રલોભનોથી બચવા માટે દરરોજ થોડો સમય કાઢીને આત્મચિંતન કરવાનું અને આત્મ સંકેતો દ્વારા આત્મા તથા મનને બળવાન બનાવવાનું જરૂરી છે. "મન પર મારો પૂર્ણ કાબૂ છે. હું મારા મનનો સ્વામી છું. એ મારી આજ્ઞાથી કામ કરે છે. પ્રચંડ અગ્નિ અને ભયંકર તોફાન પણ મારો નાશ કરી શકે એમ નથી. હું અમર છું, શાશ્વત છું. શરીરનો સમ્રાટ હું આત્મા અસંખ્ય સૂર્યોની શકિત ધરાવું છું. હું વિશ્વને પ્રેમમય દેખું છું. મારો મન સાથે કોઈ વિરોધ નથી હું જે કંઈ કરૂં છું એ બધું આત્મ-કલ્યાણની ભાવનાથી થાય છે." આ પ્રકારનો સંકલ્પ દરરોજ બેવડાવતા રહેવાથી વિષયોના પ્રલોભનોથી કાયમ સાવધાન રહેવાશે.

ઇન્દ્રિય-સંયમને માટે બ્રહ્મચર્યનો મહિમા સર્વવિદિત છે. એની શકિત અમોઘ માનવામાં આવી છે. આજે સંસારમાં જેટલી વ્યકિતઓએ મહાન અને ઉપયોગી કામ કરી બતાવ્યાં છે તે કોઇને કોઈ રીતે બ્રહ્મચર્યની અનુગામી હતી. આજકાલના લોકો જ્યારે સંભોગ નીતિની સ્વચ્છંદતાનો પ્રચાર કરે છે ત્યારે તેઓ કેવળ ભોગ પ્રધાન પાર્થિવ અંશને જ ધ્યાનમાં લે છે. તેઓ જીવનની એટલી ક્ષુદ્ર કલ્પના લઈ બેઠા હોય છે કે થોડા જ દિવસોમાં તેમને અનુભવ થઇ જાય છે કે એવી સ્વતંત્રતામાં કોઈ જાતની સિદ્ધિ નથી અને સાચી તૃપ્તિ પણ નથી. તેમને કદી સંતોષ મળતો નથી.

મનુષ્ય શરીરમાં જીવાત્માનું અવતરણ એ નિઃસંદેહ તેનું ઘણું મોટું સૌભાગ્ય હોય છે. વિચાર,વિવેક અને જીવન-મુક્તિનાં બીજાં સાધનો જેટલાં મનુષ્ય-યોનિમાં મળેલાં હોય છે એટલાં અન્યત્ર મળતાં નથી. મનુષ્ય ઇચ્છે તો અનંત વિભૂતિઓનો સ્વામી બની શકે છે. મનુષ્ય દેવતા બની શકે છે. મનુષ્ય ભગવાન બની શકે છે. બધી શકયતાઓ આ શરીરમાં રહેલી છે, પરંતુ જ્યારે શકિતઓનો સંયમ કરવામાં આવે અને તેમના બીન જરૂરી અપવ્યયને રોકવામાં આવે ત્યારે જ એમની ઉન્નતિ અને જાગરણ શકય છે. એને માટે ઇન્દ્રિય-સંયમ મનુષ્યની મુખ્ય જરૂર છે આ કક્ષાને પાસ કર્યા વિના કોઈ આત્મ-કલ્યાણની ઉચ્ચ ભૂમિકા પ્રાપ્ત કરી શકતું નથી.

—o—

મનુષ્ય ઈચ્છે તો અનંત વિભૂતિઓનો સ્વામી બની શકે છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# પ્રાકૃતિક ચિકિત્સાનું અધ્યાત્મ

રોગ નિવારણ માટે અનેક ચિકિત્સા પદ્ધતિઓ પ્રચલિત છે. એલોપથી, હોમિયોપથી, બાયોકેમીક, આયુર્વેદ,યૂનાની વગેરે પદ્ધતિઓ તો ભારતમાં જ ઘણી પ્રસિદ્ધ છે. સંસારના બીજા દેશોમાં આ ઉપરાંત પણ અનેક પદ્ધતિઓ પ્રચલિત છે. એ બધીનો ઉદ્દેશ્ય રોગના કષ્ટમાંથી રોગીને બચાવી લેવાનો માત્ર છે એ બધી પદ્ધતિઓમાં એવી મારક ગુણોવાળી દવાઓના પ્રયોગની વ્યવસ્થા છે કે એમનાથી કષ્ટ દેનારાં વિજાતીય-દ્રવ્યોનું મારણ કરવામાં આવે છે. પરંતુ આ-દ્રવ્યને કોઈ જગાએ અલગ પાડી શકાતું નથી, લોહી-માંસ વગેરેમાં જ એ ભળેલું રહે છે. એટલે એના મારણની સાથે સાથે સ્વસ્થ જીવની શક્તિનું પણ મારણ થાય જ છે. વળી આ મારણ ક્રિયાથી રોગનાં રકત-બીજ સંપૂર્ણ રીતે નાશ પામતાં નથી પરંતુ અર્ધમૃત અને મૂર્છિત થઈને શરીરની અંદર જ પડી રહે છે. અવસર મળતાં જ એ ફરીથી સજીવ થઈ જાય છે અને એ અથવા કોઈ બીજા રોગનું રૂપ ધારણ કરે છે. આ રીતે ઔષધ-ચિકિત્સા કરતા રહેવાથી રોગો દબાતા-ઉછળતા રહે છે. એક તો રોગોના આક્રમણને લીધે તથા બીજું દવાઓના મારક પ્રભાવને લીધે રોગીની જીવની-શક્તિ દિવસે દિવસે ક્ષીણ થતી જાય છે. કેટલાક દિવસ સુધી આ પ્રમાણે ગાડું ગબડયે તો જાય છે, પરંતુ છેવટે જીવન તત્વો ખલાસ થઈ જાય ત્યારે અકાળ મૃત્યુની ઘડી સામે આવીને ઉપસ્થિત થાય છે.

### તુલનાત્મક દૃષ્ટિ

તાત્કાલિક કષ્ટ નિવારણની દૃષ્ટિએ ઔષધિ-ચિકિત્સાનું કોઈ મહત્વ હોઈ શકે છે, પરંતુ જ્યાં સુધી શરીરમાં ભરેલાં વિજાતીય વિષતત્વોની સફાઈનો સંબંધ છે ત્યાં સુધી એને અસફળ જ માનવામાં આવશે. કેટલીક વાર તો તીવ્ર ઔષધિઓ પોતે જ એક રોગ તત્વનું રૂપ ધારણ કરી લે છે અને બીમારી કરતાં વધારે કષ્ટ આપે છે. રોગ ઉપર ઔષધિ અને ઔષધિ પછી રોગનું કુચક્રમાં એવી ખરાબ રીતે ઘૂમે છે કે આ જંજાળમાં ફસાયેલો મનુષ્ય ધીરે ધીરે જીવની-શક્તિથી વંચિત જ થતો જાય છે. જીવન તત્વ નિરંતર ક્ષીણ થતું રહેવાથી મનુષ્યની આત્મિક સ્થિતિ એટલી દુર્બળ થઈ જાય છે કે તે માનવતાના જરૂરી ગુણોથી પણ ધીરે ધીરે વંચિત થવા લાગે છે. ક્રોધ, ચિડિયાપણું, દોષારોપણ, નિરાશા, આવેશ, ચંચળતા, ભય, ચિંતા, અનુત્સાહ, આળસ, વાસના, કાયરતા, દીનતા, ચોરી વગેરેની કેટલીય દુર્વૃત્તિઓ મનુષ્યમાં ફૂલેફાલે છે. પરિણામે તે માનવ-જીવનના મહાન ગૌરવને અનુરૂપ પોતાનું જીવન-નિર્માણ કરી શકવા અસમર્થ થઈ જાય છે.

### નિર્દોષ ચિકિત્સા પદ્ધતિ

ચિકિત્સાનો ઉદ્દેશ્ય રોગોના વિષને શરીરમાંથી કાઢી નાખવાનો જ નહિ, બીમારીના મૂળને કાપી નાખવાનો પણ હોવો જોઈએ. જીવની શક્તિને વધારીને આત્મિક સ્થિતિમાં સુદૃઢતા ઉત્પન્ન કરવાનો પણ હોવો જોઈએ. આ દૃષ્ટિએ વિચાર કરતાં પ્રચલિત ચિકિત્સા પદ્ધતિઓ દોષપૂર્ણ જણાય છે. આ સમસ્યા પર વિચારકો અને તત્વદર્શીઓનું ધ્યાન ગયું છે અને જઈ રહ્યું છે. નિર્દોષ ચિકિત્સા પદ્ધતિઓની શોધ કરવાના ક્રમમાં આદિ કાળથી અત્યાર સુધીમાં જે પ્રયત્નો કરવામાં આવ્યા છે એ બધાનો એક જ નિષ્કર્ષ નીકળ્યો છે-"પ્રાકૃતિક ચિકિત્સા." એને આધારે રોગની તાત્કાલિક ચિકિત્સા થાય છે એટલું જ નહિ, પરંતુ દીર્ઘજીવન અને પ્રફુલ્લ માનસિક

ચિકિત્સાનો ઉદ્દેશ્ય બીમારીનું મૂળ કાપી નાખવાનો હોવો જોઈએ.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સ્થિતિના મૂળ આધાર રૂપ જીવની શક્તિની વૃદ્ધિ પણ થાય છે. એકલા શરીર પર જ નહિ પરંતુ મન પર પણ એનો ભારે પ્રભાવ પડે છે. રોગથી લાચાર બનીને પણ જે આ પદ્ધતિના સંપર્કમાં આવે છે તે ચોક્કસ રીતે સંયમ, સાહસ અને અસંખ્ય માનસિક શ્રેષ્ઠતાઓને અનાયાસ જ પ્રાપ્ત કરી લે છે.

### અમારું વલણ એ તરફ શા માટે ?

અમારા કાર્યક્રમમાં પ્રાકૃતિક ચિકિત્સાને સક્રિય અને પ્રસારાત્મક કાર્યક્રમમાં એટલા માટે સ્થાન મળ્યું છે કે અમારી અભિરૂચિનો વિષય સદાથી અધ્યાત્મ રહ્યો છે. માનવીના મહામાનવ બનવામાં અમે નર દેહની સફળતા અનુભવ કરતા રહ્યા છીએ અને આત્મ-વિકાસના એક માત્ર સાધન અધ્યાત્મને બધી રીતે એક રૂપ કરતા રહ્યા છીએ. અમારો પોતાનો બધો કાર્યક્રમ આ જ દૃષ્ટિથી બને છે. પ્રચાર અને સેવાનું પણ આ જ ક્ષેત્ર છે. પ્રાકૃતિક ચિકિત્સાને પણ અમે વિશુદ્ધ આધ્યાત્મિક આવશ્યકતાના રૂપમાં જાણી છે અને આ જ દૃષ્ટિએ એને અમારા કાર્યક્રમમાં સામેલ કરી છે. સ્વતંત્રતા પ્રાપ્ત કર્યા પછી ગાંધીજી પણ એવું વિચારતા હતા કે ભારતની માનસિક સ્થિતિની ઉન્નતિ કરવા માટે શારીરિક વિકાસનો સાચો અને યોગ્ય આધાર અપનાવવાનું જરૂરી છે. તેમણે ઉરૂલી કાંચન (પૂના) માં એક પ્રાકૃતિક ચિકિત્સાલય સ્થાપિત કરાવ્યું હતું અને તેઓ વિચારતા હતા કે પોતાના સમયનો ચોથો ભાગ તેઓ રાષ્ટ્રની આ મોટી આવશ્યકતાની પૂર્તિમાં આપ્યા કરશે. આપણું દુર્ભાગ્ય છે કે સ્વરાજ્ય પછી અનેક વિષમ પરિસ્થિતિઓ દેશની સામે આવી અને તેઓ એમને ઉકેલવામાં એવા લાગી ગયા કે એમાં જ તેમને ખપી જવું પડયું. જો બાપૂ આજે જીવતા રહ્યા હોત તો ચોકકસ જ ખાદી અને ચરખાની માફક તેમણે પ્રાકૃતિક ચિકિત્સાને પણ ઘેરે ઘેર પહોંચાડી દીધી હોત. બાપૂ ભલે આજે આપણી વચ્ચે ન હોય પરંતુ તેમણે વિચારેલાં નિદાન અને ઉપાય આજે પણ એટલાં જ સત્ય અને મહત્વપૂર્ણ છે. આપણે જો આની ઉપેક્ષા કરીશું તો રાષ્ટ્રીય સ્વાસ્થ્યની સમસ્યા ઉકેલી શકાશે નહિ. એટલું જ નહિ, અસ્વસ્થ શરીરોમાં રહેનારૂં અસ્વસ્થ મન પણ રાષ્ટ્રના પુનઃનિર્માણમાં સહાયક નહિ પરંતુ ઉલટું બાધક જ પુરવાર થશે.

### અધ્યાત્મનો સ્થૂલ પ્રયોગ

પ્રાકૃતિક ચિકિત્સા પદ્ધતિને અમે અધ્યાત્મ જ્ઞાનના શારીરિક ક્ષેત્રમાં એક મહત્વપૂર્ણ પ્રયોગની દૃષ્ટિએ જ જાણી અને માની છે અને એ માન્યતાને આધારે જ એને અગ્રગામી બનાવવાનો પ્રયત્ન કરી રહ્યા છીએ એનો પહેલો આધાર શરીર શુદ્ધિ છે, જે આત્મ-શુદ્ધિનું જ એક સ્થૂલ રૂપ છે. આ પદ્ધતિ પ્રમાણે ચિકિત્સા કરાવનારને માટે આત્મ-સંયમ અપનાવવાનું, ઇંદ્રિયો પર કાબૂ રાખવાનું અને મનને મારવાનું બિલકુલ જરૂરી છે. એના વિના આ ચિકિત્સા પદ્ધતિ એક કદમ પણ આગળ વધતી નથી. ઉપવાસને પ્રાકૃતિક ચિકિત્સાનો પ્રાણ કહેવામાં આવે છે. આહારમાં ઋષિ મુનિઓ જેવી સાત્વિકતા અપનાવવી પડે છે. શાક, ફળ, છાશ અને દૂધને મસાલા અને ખાંડ વિના લેવાં એ જીભ ઇંદ્રિયની એક સખત સહનશીલતા અને તપશ્ચર્યા છે. આજે દરેક માણસ સવાદિયાપણાની આદતોથી ખરાબ રીતે ગ્રસિત છે. ઉપવાસને નામે લોકો જે મશ્કરી બનાવે છે એમાં હલવો, મિઠાઇ, મેંદો, મીઠું, મરી વગેરેનો પૂરો સરંજામ એવો એકઠો કરી લે છે કે જેમાં સવાદિયાપણાની પૂરી છૂટ રહે છે. એની સરખામણીમાં પ્રાકૃતિક ચિકિત્સાનો રોગી કેટલોય વધારે કઠોર ઉપવાસ કરે છે. તેને મિઠાઇ, મસાલા વગેરે બધું છોડવું પડે છે. શરૂઆતમા નિરાહાર ઉપવાસ કરવા પડે છે અને પછીથી ઘણા દિવસો સુધી શાક, ફળ અને છાશ જેવા પરમ સાત્વિક આહારને ઘણા ઓછા પ્રમાણમાં લઇને કામ ચલાવવું પડે છે. જે રીતે દુષ્ટ

**અસ્વસ્થ શરીરમાં રહેનારૂં અસ્વસ્થ મન પણ રાષ્ટ્રના પુનઃનિર્માણમાં બાધક પુરવાર થાય છે.**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

દુરાચારીઓને માટે ભગવાનમાં એક ક્ષણને માટે પણ મન લગાવી શકવાનું મુશ્કેલ છે, એ જ રીતે ઠાંસી ઠાંસીને મસાલેદાર પદાર્થો ખાતી રહેનારી જિહ્વાલોલુપ વ્યક્તિઓને માટે પ્રાકૃતિક ચિકિત્સા એટલી જ મુશ્કેલ છે.

## ઉપવાસની મહત્તા

શાસ્ત્રોમાં ઉપવાસને પાપોનું એક શ્રેષ્ઠ પ્રાયશ્ચિત જણાવવામાં આવ્યું છે. એકાદશી, રવિવાર અને વ્રત-પર્વોના દિવસોમાં લોકો ઘણી શ્રદ્ધા અને ભાવના પૂર્વક ઉપવાસ કરીને આત્મ-શુદ્ધિનું આયોજન કરે છે. ચાંદ્રાયણ વ્રતમાં એક મહીનાના ઉપવાસ કરવા પડે છે અને એનાથી અનેક પાપોનું પ્રાયશ્ચિત થવાની આશા રાખવામાં આવે છે. આ ધાર્મિક ઉપવાસો હવે રૂઢિ બની જવાથી તેઓમાં ઘણી જાતનું ઘણું બધું ખાતા રહેવાની તરકીબો કાઢવામાં આવી છે. પરંતુ પ્રાકૃતિક ચિકિત્સામાં અનિવાર્ય રીતે કરાવવામાં આવનારા ઉપવાસ અને સાત્વિક આહાર પર જમાવેલી શ્રદ્ધામાં ઉપવાસનું વાસ્તવિક અને વૈજ્ઞાનિક તત્વ ભરેલું રહે છે. એનાથી રોગ નિવારણના રૂપમાં શારીરિક પાપોનું પ્રાયશ્ચિત તો પ્રત્યક્ષ જ થઇ જાય છે. માનસિક પાપોની શુદ્ધિ થવાનું પણ ચોકકસ છે. ગીતામાં ઉપવાસને વિષય વાસનાઓમાંથી નિવૃત્ત કરવનારો જણાવવામાં આવ્યો છે. એકાદશી માહાત્મ્યની એક કથા પ્રસિદ્ધ છે. એમાં લડાઇ-ઝઘડાને કારણે એક ધોબણે અજાણતાં એકાદશીને દિવસે કશું ખાધું નહિ. એનાથી તેને એટલું પુણ્ય મળી ગયું હતું કે તેના સ્પર્શથી દેવતાઓનું તૂટેલું વિમાન પણ આકાશમાં ઉડવા લાયક બન્યું હતું. તો પછી પ્રાકૃતિક ચિકિત્સામાં કરાવવામાં આવનારા ઉપવાસ માનસિક સ્થિતિમાં સાત્વિકતા લાવનારા શા માટે પુરવાર નહિ થાય? આ કઠોર આત્મ-નિયંત્રણ અને ઇંદ્રિય-નિગ્રહના ચિકિત્સાર્થીની મનોદશા પર પ્રભાવ શા માટે નહિ પડે?

બીજી ચિકિત્સા પદ્ધતિઓમાં એક મિનિટમાં દવા આપીને ડોકટર પોતાના રોગીથી અલગ થઇ જાય છે. પોતાની દવાનું આખું વિજ્ઞાન રોગીને સમજાવવાની અથવા રોગની ઉત્પત્તિનું કારણ અને ભવિષ્યમાં એનાથી બચતા રહેવાનું તત્વ-જ્ઞાન સમજાવવાની તેને કોઇ જરૂર નથી. પરંતુ પ્રાકૃતિક ચિકિત્સકને માટી–પાણી જેવા મફત અને તુચ્છ ગણવામાં આવતા પદાર્થોની મહત્તાને સમજાવવી પડે છે. સમજાયા વિના રોગીના કુતૂહલ અને અવિશ્વાસનું સમાધાન થઇ શકતું નથી. પ્રાકૃતિક વિજ્ઞાનને સારી રીતે સમજી લેવાથી રોગી ભવિષ્યમાં એ નિયમો પર ચાલવા માટે નિષ્ઠાવાન થઇ જાય છે. પરિણામે સદાને માટે દવાદારૂથી તેનો પિંડ છૂટી જાય છે. એટલું જ નહિ, પરંતુ સાત્વિક પ્રવૃત્તિઓ અપનાવવાથી શરીરને સ્વસ્થ રાખવાની સાથે સાથે તેનું મનોબળ પણ ખૂબ પ્રમાણમાં વધવા લાગે છે. જીવનના સર્વાંગી વિકાસને માટે આ મનોબળ શરીરની જીવની શક્તિ કરતાં કોઇ પણ રીતે ઓછું કીંમતી નથી.

## ધૈર્ય અને વિવેકનો અભ્યાસ

પ્રાકૃતિક ચિકિત્સામાં રોગનું તાત્કાલિક નિવારણ થતું નથી પરંતુ શરીરની પૂરેપૂરી શુદ્ધિ અને સફાઇ કરવી પડે છે. એમાં કેટલોક સમય તો લાગી જ જાય છે. આજે આની, કાલે પેલાની દવા કરાવનાર અધીરો રોગી જ્યારે ધૈર્યવાન બને છે ત્યારે તે ચિકિત્સાનો લાભ ઉઠાવી શકે છે. ચિકિત્સાના દિવસોમાં તેને જીભ ઇંદ્રિય પર કઠોર સંયમ રાખવો પડે છે. એની સાથે સાથે ધૈર્ય અને વિવેકની પણ સાધના કરવી પડે છે. નહિ તો જન્મ ભરથી પડેલી સ્વાદિયાપણાની આદતને કેવી રીતે કાબૂમાં રાખી શકાશે? રોગના દિવસોની વિપન્ન સ્થિતિમાં પણ જેણે ધૈર્ય અને વિવેકની પરીક્ષામાં પાસ થવાનો નિશ્ચય કર્યો છે, એ વ્યક્તિ ભાવી જીવનમાં અવશ્ય ધૈર્યવાન અને વિવેકશીલ બનશે. આ મહાન સદ્ગુણોની

ઉપવાસને પ્રાકૃતિક ચિકિત્સાનો પ્રાણ કહેવામાં આવે છે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

વૃદ્ધિ આત્મિક લાભની દૃષ્ટિએ એટલી મહત્વપૂર્ણ છે કે શારીરિક સ્વાસ્થ્ય લાભ તો એની સરખામણીમાં ઘણી જ તુચ્છ શ્રેણીનો લાભ બની જાય છે. આ બંને ગુણોની વૃદ્ધિ માનવીને મહામાનવ બનાવી શકવામાં ઘણી ઉપયોગી પુરવાર થાય છે.

### મૃગ તૃષ્ણાથી છુટકારો

કૃત્રિમતાના દુષ્પરિણામ અને પ્રકૃતિદત્ત પ્રેરણાઓના મહત્વને સમજવાં એ જ પ્રાકૃતિક ચિકિત્સાનો આધાર છે. જેને આવો વિશ્વાસ થઇ જશે, તે વિલાસિતા, દેખાવ, ઢોંગ અને આંધળી દુનિયાની પાછળ ભાગવા કરતાં પ્રકૃતિ અને ઈશ્વર પાસેથી પ્રેરણા પ્રાપ્ત કરશે. માટી, પાણી, હવા, અગ્નિ અને આકાશનાં પાંચ તત્વોથી આ શરીર બન્યું છે, તો એમના ઉપચારથી જ તે નિરોગી થઇ શકશે. આ માન્યતા બની ગયા પછી એવી માન્યતા બનવાનું પણ સ્વાભાવિક છે કે આત્માને શાંતિ અને સ્થિરતા તેનાં સજાતીય અધ્યાત્મ, ધર્મ અને ઇશ્વરમાંથી જ મળવાની છે. જે રીતે શારીરિક સ્વાસ્થ્યને માટે ઇંદ્રિય-સંયમ અને નિયમિતતા જરૂરી છે, એ રીતે આત્મિક સ્વાસ્થ્યને માટે તૃષ્ણા અને વાસનાનો ત્યાગ જરૂરી છે. આ ભાવના અંતઃકરણમાં ઉત્પન્ન થવાથી શરીર સ્વાસ્થ્ય કરતાં પણ વધારે ઉપયોગી આત્મિક સ્વાસ્થ્ય તરફ મનુષ્યનું ધ્યાન જાય એ સ્વાભાવિક છે જે શરીરને સાત્વિક ઢાંચામાં ઢાળી શકે છે તે મનને પણ ધર્મ અને સદાચારનાં બંધનોમાં બાંધી શકે છે, ધર્મ અને અધ્યાત્મ પૂજા ઘર સુધી સીમિત રાખવાની નહિ પરંતુ જીવનમાં ઓતપ્રોત થઇ જવાની વસ્તુ છે. સંયમ અને નિયમિતતા શરીરનો ધર્મ અને અધ્યાત્મ છે. જે એનું પાલન કરવા લાગશે તેની પ્રવૃત્તિ આંતરિક અધ્યાત્મને વ્યવહારિક જીવનમાં ઉતારવા માટે અવશ્ય અગ્રસર થશે. ઉચ્ચ સિદ્ધાંતોને કાર્ય રૂપમાં ફેરવવાનો વ્યવહારિક અભ્યાસ પ્રાકૃતિક ચિકિત્સામાં થાય છે. ★

પંઢરપુરમાં દામોદર પંત નામના એક સાચા ભક્ત રહેતા હતા. તે એક જમીનદારને ત્યાં નોકરી કરતા હતા. એક વખત દેશમાં ભયંકર દુકાળ પડયો. એને લીધે ખેડુતો જમીન-મહેસુલ આપી શકયા નહીં. રાજા જમીનમહેસુલ વસુલ કરવા દબાણ કરવા લાગ્યા. દામોદર પંતથી આ સહન થયું નહીં. "વૈષ્ણવ જન તો તેને કહીએ જે પીડ પરાઇ જાણે રે" એ લક્ષણોથી યુક્ત દામોદર પંત કિસાનોને દુઃખ આપી ન શકયા.

તેમણે પોતાનું ઘર વેંચી દીધું. ઘર વેંચતાં જે રૂપીયા મળ્યા એ રૂપીયા એક સિપાઇને આપીને, મહેસુલ ખાતામાં જમા કરાવવા તેને રાજાને ખજાને મોકલ્યો. પંત વિચાર કરવા લાગ્યા કે જો તેમની પાસે પૂરે પૂરૂં મહેસુલ ભરતા જેટલું ધન હોત તો તે ગરીબ ખેડૂતોનું બધું મહેસુલ પોતે જ ભરી દેત. સાચા ભક્તના અંતઃકરણનો અવાજ ભગવાન સાંભળે છે. ભગવાન સિપાઇનું રૂપ ધારણ કરીને ગયા અને બધા કિસાનોનું મહેસુલ રાજાના ખજાનામાં જમા કરાવી દીધું. એનાથી રાજા ઘણા પ્રસન્ન થયા અને પગારનો વધારો કરવાનું વિચાર્યું.

રાજાએ કહ્યું—"આજથી તને બે લાખ મળશે." ભગવાન બોલ્યા—"મારે માટે તો એક લાખ જ પૂરતા છે." રાજા એવું સમજીને હસ્યા કે એ મૂર્ખ સિપાહી તેમની વાત સમજ્યો નથી. ભગવાન ચાલ્યા ગયા થોડી વાર પછી દામોદર પંતે મોકલેલો સિપાહી થોડાક જ રૂપીયા લઇને આવ્યો. રાજાએ પૂછપરછ અને તપાસ કરી તો ખબર પડી કે પહેલાં જે સિપાહી આવ્યો હતો તે તો સાક્ષાત ઇશ્વર હતા. હવે રાજાને ખબર પડી કે ભગવાન પોતાના ભક્તના પેકારને કેટલું બધું માન આપે છે!

આત્માને શાંતિ અને સ્થિરતા તેના સજાતીય અધ્યાત્મ, ધર્મ અને ઇશ્વરમાથી જ મળે છે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# બાળકોના નિર્માણનો આધાર

બાળકોનું સૌથી પહેલું અને મુખ્ય વિદ્યાલય ઘર હોય છે. ઘરના વાતાવરણમાં મળેલું શિક્ષણ બાળકના સંપૂર્ણ જીવનમાં ખાસ કરીને કામમાં આવે છે. માતા બાળકનો પહેલો આચાર્ય કહેવાય છે, પછી બીજો નંબર પિતાનો અને ત્યાર પછી શિક્ષક, આચાર્ય, ગુરૂનું સ્થાન છે. માનવ જીવનનું બે ભાગનું શિક્ષણ મા-બાપની છત્ર-છાયામાં ઘરના વાતાવરણમાં પુરૂં થાય છે. ઘરના વાતાવરણની યોગ્યતા અને શ્રેષ્ઠતા પર જ બાળકોના જીવનની ઉત્તમતાનો આધાર છે અને જીવનની ઉત્તમતા અક્ષરીય જ્ઞાન પર નહિ પરંતુ જીવન જીવવાની સારી રીતો પર આધારિત છે.

સારો સ્વભાવ, સારી આદતો, સદ્ગુણો અને સદાચાર જ ઉત્તમ જીવનના આધાર છે. એ પુસ્તકોનાં પાનામાંથી, સ્કૂલ-કોલેજ-બોર્ડિંગ હાઉસની દીવાલોમાંથી નથી મળતાં પરંતુ ઘરના વાતાવરણમાં જ શીખવા મળે છે. આ જ ગુણો પર જીવનની સરસતા, સફળતા અને વિકાસનો આધાર હોય છે. જે મા-બાપો આ જવાબદારીને નિભાવીને ઘરનું યોગ્ય વાતાવરણ બનાવે છે તેઓ પોતાનાં બાળકોને બધી સંપત્તિઓથી મોટી ચારિત્રિક સંપત્તિ આપીને જાય છે.

## પરિસ્થિતિઓનો પ્રભાવ

ઘરમાં વિપરીત વાતાવરણ હોય ત્યારે સ્કુલ-કોલેજોમાં ગમે તેટલું સારૂં શિક્ષણ આપવામાં આવે તો પણ એ પ્રભાવશાળી સિદ્ધ થતું નથી. જો કે સ્કૂલના પાઠયક્રમમાં ચારિત્ર્ય, સદાચાર, સાધુતા, સદ્ગુણોની ઘણી વાતો હોય છે પરંતુ એ બધી કેવળ શાબ્દિક અને મૌખિક જ્ઞાનનો આધાર રહે છે અથવા પરીક્ષાના પ્રશ્ન પત્રોમાં લખવાની વાતો માત્ર હોય છે. વિદ્યાર્થીના જીવનમાં ક્રિયાત્મક રીતે એમનું કશું મહત્વ હોતું નથી. ઘરનું વિપરીત વાતાવરણ જ એનું મુખ્ય કારણ હોય છે. બાળકોના નૈતિક સ્તરની જાણકારી મેળવવા માટે એક સ્કૂલમાં પરીક્ષા લીધા પછી તપાસ કરતાં ખબર પડી કે ઘણા છોકરાઓએ પોતાના ખોટા જવાબોના પણ સારા માર્ક આપી દીધા અને કેટલાકે ફરીથી નકલ કરીને સાચા જવાબ લખી દીધા. જેમણે પોતાને માટે સારા માર્ક મૂકી દીધા હતા તેઓમાં ખાતાં પીતાં, ધનવાન અને સારાં કહેવાતાં ઘરોનાં બાળકો જ વધારે હતાં. ગરીબ અથવા સામાન્ય કહેવાતાં ઘરોનાં બાળકો ઓછાં હતાં. એવું શાથી? ધનવાન ઘરોનાં બાળકો તો સારાં હોવાં જોઇએ. પરંતુ એ ભૂલ છે એવાં ઘરોમાં મોટે ભાગે મોટાઇ, શિષ્ટતા અને ચતુરાઇની આડમાં સદાચાર, નૈતિકતા અને સદ્ગુણો પર માત્ર ઉપર ઉપરની નિષ્ઠા હોય છે. બાહ્ય સફળતા પ્રાપ્ત કરવી એ જ એમનું લક્ષ્ય હોય છે. જરૂર પડે ત્યારે સહેલાઇથી તેઓ જીવનનાં નૈતિક તત્વોનું બલિદાન કરી દે છે. ધન, પદ, પ્રતિષ્ઠા, સાધન-સામગ્રી વગેરે જે રીતે પ્રાપ્ત થઇ શકે એવું જ એ લોકો આચરણ કરે છે. આ પ્રકારના વાલીઓની છત્રછાયામાં ઉછરનારાં બાળકો પણ તેમનું અનુકરણ કરીને પોતાની સફળતાને માટે અનૈતિક તત્વોનું આચરણ કરતાં ખમચાતાં નથી.

## અનુકરણની આદત

જે ઘરોમાં ખેંચતાણ, લડાઇ, ઝઘડા અને અશાંતિ રહે છે ત્યાં બાળકો પર એનો બહુ ખરાબ પ્રભાવ પડે છે. મા-બાપો કે જે બાળકોનાં શ્રદ્ધા-સ્નેહનાં કેન્દ્રો હોય છે, તેમને પરસ્પર લડતાં અને એક બીજાને ખરાબ કહેતાં જ્યારે જુએ છે, ત્યારે બાળકોના કોમળ હૃદય પર એનો બહુ ખરાબ પ્રભાવ પડે છે. એ બાળકોમાં મા-બાપ પ્રત્યે

સારો સ્વભાવ, સારી આદતો, સદ્ગુણો અને સદાચાર જ ઉત્તમ જીવનના આધારો છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

તુચ્છતા, અનાદર અને સંકુચિતતાના ભાવ ઉત્પન્ન થઇ જાય છે. આગળ જતાં એ જ ભાવો તેમના સ્વભાવ અને વ્યક્તિત્વનું અંગ બની જાય છે. એટલે કદી ભૂલથી પણ બાળકોની સામે માતા-પિતાએ પોતાની તકરારની વાત પ્રગટ થવા દેવી જોઇએ નહિ. બાળકો પોતાના મા-બાપ, ભાઇ, સગાં, પડોશી એ બધાં પાસેથી લાડ-પ્યાર મેળવવાની આશા રાખે છે એનાથી વિરૂદ્ધ લડાઇ, ઝઘડા, કલેશ અને અશાંતિથી બાળકોના કોમળ મન પર આઘાત પહોંચે છે.

## અયોગ્ય લાડ-પ્યાર

પોતાનાં બાળકોની ખોટી આદતો, તોડફોડ, સામાન વેરવિખેર કરી નાંખવો, નુકશાન કરવું વગેરે બાબતો પર કેટલાંક મા-બાપો લાડ-પ્યાર વશ કશું ધ્યાન આપતાં નથી. કોઇ વસ્તુનો નાશ થાય ત્યારે ફરીથી એને ખરીદી લાવે છે. આ બીનજરૂરી ઉદારતા અને સ્નેહ-મમતાનો દૂષિત પ્રભાવ બાળકોમાં કેટલીય બુરાઇઓ ઉત્પન્ન કરી દે છે. બાળકો આ ખોટી આદતોથી ટેવાઇ જાય છે. સામાન આપવો અથવા કોઇ કામ પોતે કરી લેવું, એ પોતાનાં બાળકોમાં સજાગતા, ચાતુર્ય, સદાચાર અને સારી આદતો ઉત્પન્ન કરવા જેટલું મહત્વપૂર્ણ નથી. ખરેખર તો મા-બાપને માટે આ જ કસોટીનો આધાર છે. જે વસ્તુ બાળકે તોડી હોય એનો અભાવ થોડા દિવસ કાયમ રહેવા દેવો જોઇએ, જેથી કરીને બાળક પોતાની ભૂલથી ઉત્પન્ન થયેલી મુશ્કેલી પર વિચાર કરી શકે.

બાળકોને ડરાવવા, ધમકાવવા અથવા કુતૂહલ ઉત્પન્ન કરવા ભૂત, ચૂડેલ વગેરેનો તેમને ડર બતાવવો એ તેમની ક્ષમતા, સાહસ અને શક્તિને કુંઠિત કરવા બરાબર છે. એ ભયની પ્રબળ ભાવના ઉત્પન્ન કરવા બરાબર છે કે જે જીવનભર તેમનો સાથ છોડતી નથી. આ જ ભયની ભાવના તેમને જીવનના કોઇ પણ મહત્વપૂર્ણ કામમાં હાથ નાંખવા દેતી નથી. આવા બાળકો મોટા થાય ત્યારે પણ નાની નાની બાબતોથી ભયભીત થઇ ઉઠે છે. ઘરમાં ભૂત, ચૂડેલ વગેરેના ભયની માન્યતા રાખવી, તેઓમાં વિશ્વાસ રાખીને જાત જાતના ઉપચારો કરવા એ પણ બાળકોમાં એ સંબંધી ભયનો પાયો નાંખવા બરાબર છે. ઘરમાં કોઇ પણ પ્રકારનો ભય ઉત્પન્ન કરનારૂં વાતાવરણ હોવું એ ખરાબ છે.

## વ્યક્તિત્વનું પ્રતિબિંબ

ઉદારતા, પ્રેમ, આત્મીયતા, બંધુત્વ વગેરેની અનુકૂળ-પ્રતિકૂળ ભાવનાઓનો અંકુર બાળકોના આરંભિક જીવનમાં જ લાગી જાય છે. જે બાળકોને મા-બાપનાં પૂરતાં લાડ-પ્યાર મળે છે, જેમના પર વાલીઓની છત્રછાયા કાયમ રહે છે, એ મા-બાપો બાળકોના જીવનમાં દિલચસ્પી પ્રગટ કરે છે એવાં બાળકો માનસિક વિકાસ પ્રાપ્ત કરે છે. માતા પિતાનાં વ્યવહાર આચરણથી જ બાળકોનું જીવન બને છે. સાહસ, નિર્ભયતા અને આત્મ-ગૌરવની ભાવના નાનપણમાં ઘરના વાતાવરણમાં જ વિકસે છે.

મા-બાપોનાં વ્યસનો અને આદતોનું અનુકરણ બાળકો સૌથી પહેલાં કરે છે. મા-બાપને સિનેમા જોતાં, પત્તાં રમતાં, બીડી-સિગરેટ પીતાં અને ફેશન-શ્રૃંગાર સજાવતાં જોઇને બાળકો પણ એવું જ કરવા લાગે છે. એ જ રીતે જે મા-બાપો સદાચાર, સંયમી, વિચારશીલ અને સદ્ગુણી હોય છે તેમનો એવો જ પ્રભાવ તેમનાં બાળકો પર પડે છે.

પરિવારના વાતાવરણમાં બાળકોના સંસ્કાર, ભાવ, વિચાર, આદર્શ, ગુણ અને આદર્શોનું નિર્માણ થાય છે, જે તેમના સમસ્ત જીવનને પ્રભાવિત કરે છે. ઉપદેશ અને પુસ્તકોમાંથી જીવનનું મહત્વપૂર્ણ શિક્ષણ મળતું નથી. એનો આધાર તો ઘરના વાતાવરણને સ્વર્ગીય, સુંદર અને ઉત્તમ બનાવવા પર જ રહે છે.

—★—

સાહસ, નિર્ભયતા અને આત્મ-ગૌરવની ભાવના નાનપણમાં ઘરના વાતાવરણમાં જ વિકસે છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# સંતાન ન હોવું એ શું દુર્ભાગ્ય છે ?

લગ્ન થયા પછી જલદીમાં જલદી સંતાન ઉત્પન્ન થાય એવી ઈચ્છા અને આશા રાખવામાં આવે છે, જાણે કે લગ્નની સફળતા સંતાનોત્પત્તિ પર જ નિર્ભર હોય. જો સંતાન થવામાં થોડી વાર લાગે છે તો પતિ-પત્ની પણ ઉદાસ રહેવા લાગે છે, પોતાને ભાગ્યહીન માને છે અને પડોશી-સગાઓ પણ દુઃખ પ્રગટ કરવા લાગે છે. સ્ત્રીઓ તો પોતે સંતાનહીન હોવું એને એક શાપ માને છે અને સંતાન વિનાની સ્ત્રીના સંબંધમાં એવું વિચારે છે કે તે બિચારી દુઃખમાં ડૂબેલી અને વિપત્તિની મારી છે. જેમને સંતાન હોતું નથી તેઓ એને માટે એટલાં ચિંતાયુક્ત રહે છે કે વૈદ્ય, ડાકટરોથી માંડીને પીર, ચેલા, પંડિત અને ભુવાના ચક્કરમાં તેમને પોતાની કમાણીનો એક મોટો ભાગ બરબાદ કરતા રહેવું પડે છે. કેટલીક વાર તો સંતાન વિનાનાં નર-નારીઓને પોતાની જિંદગી પણ ભાર રૂપ જણાવા લાગે છે.

સંતાન ન હોવું એને દુર્ભાગ્ય માનવું એ પણ એક બિલકુલ ભ્રમપૂર્ણ અજ્ઞાન મૂલક માન્યતા છે. આ માન્યતાની પાછળ નથી કોઇ તર્ક અને નથી વાસ્તવિકતા. વાત માત્ર એટલી જ છે કે સંતાન જ લગ્નની સફળતાનું પ્રમાણ-પત્ર છે એવી માન્યતા લોકોએ બનાવી રાખી છે.

પ્રાચીન કાળમાં જ્યારે આ દેશમાં વસ્તી ઘણી ઓછી હતી, ફળદ્રુપ જમીન યોજનો સુધી નકામી પડી હતી અને એનો ઉપયોગ કરનાર કોઇ ન હતું ત્યારે લોકોની એવી ઈચ્છા રહી હશે કે પોતાને વધારે પુત્ર-પૌત્રો હોય, જેથી કરીને પોતાનુ મોટું કુટુંબ બને અને વધારે ભૂમિ પર અધિકાર સ્થાપીને પોતાની સમૃદ્ધિ વધારવાનો અવસર મળે. જાતીય સંઘર્ષો પણ અહીં ઓછા ન હતા. અસુરો અને સંસ્કારી લોકો વચ્ચે નિરંતર સંઘર્ષો ચાલતા હતા. આ સંઘર્ષોમાં વિજયનો આધાર વસ્તી પર રહેતો હતો. દરેક કુટુંબ પોતાની જન સંખ્યા વધારવા પ્રયત્ન કરતું. અસુરોથી આત્મ-રક્ષા કરવાને માટે પણ પરિવાર વૃદ્ધિને એક સૈન્ય-સંગઠનની માફક જરૂરી ગણવામાં આવતી હતી. આને લીધે સંતાનોત્પત્તિને વધારે પ્રોત્સાહન આપવામાં આવતું હતું. ખેતી, પશુ-પાલન અને સંઘર્ષમાં વધારે યોગ્ય હોવાથી કદાચ પુત્રને કન્યા કરતાં વધારે મહત્વ મળ્યું હશે. પુરૂષોના બહુ વિવાહની પ્રથા પણ કદાચ એટલા માટે ચાલી છે કે એક કુટુંબ જલદીથી ઘણા મોટા વિસ્તાર સાથે વધી શકે યુદ્ધમાં હારેલાઓની સ્ત્રીઓને પણ વિજેતા લોકો કદાચ એટલા માટે અપહરણ કરી લઇ જતા હોય કે તેમનાથી તેઓ પોતાનું કુટુંબ જલદી વધારી શકે. એવા સમયમાં સંતાનોત્પત્તિને કોઇ ઘણી મોટી સફળતા અથવા આવશ્યકતા માનવામાં આવતી રહી હોય તો એ વાત અમુક હદે સમજમાં પણ આવે છે.

પરંતુ આજે તો સ્થિતિ બિલકુલ ભિન્ન છે. અન્નના એક-એક દાણા માટે આપણે વિદેશોના આશ્રિત છીએ. જો વિદેશીઓ આપણને કૃપા-પૂર્વક અન્ન ન આપે તો લાખો અને કરોડો લોકોને ભૂખે મરવું પડે. અન્ન સ્વાવલંબન માટે સરકાર તનતોડ પ્રયત્ન કરી રહી છે પરંતુ એમાં સફળતા મળી શકી નથી. ખેતી માટે જમીન ઓછી પડી ગઇ. પશુઓ માટે ચરા રહ્યા નહિ. એમને મારી કાપીને જલદી ખાઇ જવાની વાત વિચારવામાં આવી રહી છે, જેથી કરીને પશુઓના હિસ્સાની જમીનનો પણ મનુષ્ય ઉપભોગ કરી શકે. મકાનોની સમસ્યા મુશ્કેલ બની રહી છે.

સંતાન-હીનતાને ભાગ્ય હીનતા માનવીએ એક બિલકુલ ભ્રમપૂર્ણ માન્યતા છે,


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સડકો પર ચાલવાની જગા નથી, રેલ અને મોટરોમાં ભીડ સમાતી નથી. દુધ પણ દુર્લભ બની રહ્યું છે. ગંદકી સાફ થઇ શકતી નથી. અખાદ્ય અને અસ્વચ્છતાની સમસ્યા એવી વિષમ થઇ ગઇ છે કે કોલેરા, ક્ષય વગેરે રોગોથી લાખો મનુષ્યો મચ્છરોની માફક મરવાના રિપોર્ટ અખબારોમાં છપાતા રહે છે. આ વિષમ પરિસ્થિતિઓમાં રાષ્ટ્રીય દૃષ્ટિએ એ એક વિચારવા જેવી બાબત છે કે વસ્તી વધારો ખાસ કરીને ભારત જેવા સાધનહીન દેશ માટે—કયાં સુધી યોગ્ય કહેવાશે ?

દરેક દંપતિને સંતાન થવું જ જોઇએ અને લગ્ન પછી જલદી થવું જોઇએ, એ આકાંક્ષાને આ.જની પરિસ્થિતિઓમાં એક વિશુદ્ધ અંધ પરંપરાનું અનુકરણ જ કહી શકાય. ઘણાં સંતાન, જરૂર સંતાનના રટણને હવે બંધ કરી દેવું જોઇએ. સ્વાસ્થ્ય વિજ્ઞાનના વિશ્વ વિખ્યાત વિશેષજ્ઞ પ્રો૦ હરમનની પુત્રીએ સ્વાસ્થ્ય વિશે પોતાનો શોધપૂર્ણ નિબંધ વાંચતાં વિશ્વને જે ચેતવણી આપી હતી એને આપણે ધ્યાનપૂર્વક વાંચીએ અને સાંભળીએ તો સારૂં તેણીએ કહ્યું - 'જે ગતિએ સંતાનોત્પત્તિ હાલમાં થઇ રહી છે એ ક્રમ નહિ અટકે તો સન ૨૦૫૦ માં દુનિયાની વસ્તી ૯ અબજની થઇ જશે. ત્યારે આ ધરતી પર એટલા લોકોને માટે ન તો ખાવાનું મળી શકશે, ન શુદ્ધ વાયુ ન પાણી અને ન વિજળી. દરેક વ્યક્તિને ભાગે એક વર્ગ મીટર જગા આવશે, જેમા માત્ર ઉભા રહેવાની જગા મળી શકશે. આ દુનિયામાથી પશુઓનુ નામ નિશાન સુદ્ધા ભૂસાઇ જશે, કારણ કે જ્યારે મનુષ્યોને રહેવા અને ખાવાને માટે ધરતીની શક્તિ પૂરતી નહિ રહે ત્યારે પશુઓને એમાથી કોણ હિસ્સો લેવા દેશે ? લોકો એમને મારી કાપીને બહુ પહેલાથી જ ચટ કરી જશે." અ. આ વિષમ પરિસ્થિતિઓમા સંતાનોત્પત્તિને જેટલી નિરૂત્સાહિત કરવામા આવે એટલું જ ઉત્તમ છે.

જેમના પર બાળકોની જવાબદારી આવી ગઇ છે તેમણે તો એને નિભાવવી જ જોઇએ અને પોતાની પાછળ સમાજ માટે શ્રેષ્ઠ નાગરિકો છોડતા જવાના કર્તવ્યનું પાલન કરવું જોઇએ. કહે છે કે સંતાનથી પોતાનું નામ અને વંશ ચાલે છે. આ 'ચાલવાનું' વંશની શ્રૃંખલા સતત રીતે ચાલવાના રૂપમા જ હોય તો એમા કંઇક તથ્ય માનવામાં આવશે. નહિ તો બે-ચાર પેઢી પછીનાં છોકરા પણ પોતાના પૂર્વજોનું નામ ભૂલી જાય છે. જેમનું નામ સુદ્ધાં પોતાના પૌત્ર અને પ્રપૌત્રને યાદ નથી તેમનું નામ દુનિયામાં ચાલી રહ્યું છે એ માન્યતા કેવળ ભ્રમ માત્ર છે.

નામ તેમનું જ ચાલશે કે જે પોતાના પૂર્વજોની માફક પોતે પણ શ્રેષ્ઠ કાર્ય કરતો કરતો પોતાના પૂર્વજોના યશને વધારી રહ્યો છે અને પોતાની પાછળ પ્રાચીન ગૌરવને નીચું પડવા ન દે એવા સભ્ય નાગરિકો છોડતો જઇ રહ્યો છે. વંશ ગૌરવની યશસ્વી પરંપરા ચલાવનાર સંતાનનું નિર્માણ કરી શકવાની જેમના કાબૂની વાત નથી, કેવળ પ્રજનન કરતા રહેવા માત્રથી એવી આશા રાખવી જોઇએ નહિ કે તેમનું નામ અને વંશ ચ લતા રહેશે. કુતરી, બકરી અને ભૂંડણ દરેક વર્ષે ડઝન બંધ બચ્ચા ઉત્પન્ન કરે છે. એમનો વંશ કયાં ચાલે છે ? નામ નિશાન ક્યા રહે છે ? જે લોકો કીડા-મકોડાની માફક ગમે તેવા શુભ-અશુભ કર્મો કરીને પોતાની જિંદગી પૂરી કરી રહ્યા છે તેઓ પોતાનું નામ પણ પોતાને હાથે ડૂબાડી રહ્યા છે. તેઓ પોતના પૂર્વજોનું શું નામ ચલાવવાના હતા ?

જેમને સંતાનો પ્રાપ્ત થયેલા છે તેમણે પોતાની જવાબદારીઓ પ્રત્યે સજાગ થવું જોઇએ અને બાળકોમં સદ્‌ગુણો ઉત્પન્ન કરવા માટે એ જ સદ્‌ગુણો પોતાની અંદર ઉત્પન્ન કરવા જોઇએ. બીજાને ઉપદેશ આપવામાં કુશળ રહેવા માત્રથી કોઇ પ્રયોજન સિદ્ધ થઇ શકતું નથી. પોતાના આચરણ દ્વારા બીજાઓના અંતાકરણને પ્રભાવિત

બાળકો માબાપની ક્રિયાઓ, ભાવનાઓ, દોષો અને ગુણોને અત્યંત બારીકાઇથી જોતાં રહે છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

કરીને આપવામાં આવેલું શિક્ષણ જ સાર્થક થાય છે. બાળકો ધમકાવવાથી નહિ, પરંતુ પોતાનાં વાલીઓ શું કરે છે અને કેવી રીતે પોતાનું જીવન વીતાવે છે એનાથી પ્રભાવિત થાય છે. બાળકો પોતાના ઘરના માણસોની ક્રિયાઓ, ભાવનાઓ દોષો અને ગુણોને અત્યંત બારીકાઇથી જોતાં-સમજતાં રહે છે અને એમનું અનુકરણ કરીને એવાં જ બની જાય છે. એટલે સંતાનોત્પત્તિ દ્વારા નામ અને વંશ ચલાવવાની ઇચ્છા ધરાવનારાઓએ ધ્યાનમાં રાખવું જોઇએ કે કુસંસ્કારી સંતાનોથી તેમનો વંશ ડૂબશે જ. એટલે સંતતિને સુસંસ્કારી બનાવનારા સદ્ગુણોને સૌથી પહેલાં તેઓ પોતાની અંદર ઉત્પન્ન કરે અને વંશવૃદ્ધિની વાત ત્યાર પછી વિચારે.

જેમને સંતાન નથી તેઓ આ દૃષ્ટિએ વધારે ભાગ્યવાન છે. તેઓ સહેલાઇથી આવી જવાબદારીઓમાંથી બચેલા રહે છે. ગુરૂને શિષ્યના અને માતા-પિતાને પોતાના સંતાનનાં પાપોની દસાંશ સજા ભોગવવી પડે છે. સત્કર્મોના દસમા ભાગનું પુણ્ય પણ તેમને મળે છે. પિતૃઓને પિંડદાન આપીને તેમની સદ્ગતિ કરાવવાનું રહસ્ય એ જ છે કે સંતાનનાં શુભ કર્મો રૂપી પિંડોનું પુણ્ય ફળ પૂર્વજોને મળે.

શાસ્ત્રકારોએ પિંડદાનનો એક અલંકારિક-ભાવનાત્મક વિચાર એટલા માટે આપ્યો છે, કે લોકો પરલોકમાં પોતાની સદ્ગતિના સ્વાર્થને લીધે પણ સંતાનને પિંડદાન આપવાના અધિકારી બનાવવા—સત્કર્મ કર્તા અને સુસંસ્કારી બનાવવા માટે નિરંતર પ્રયત્નશીલ રહે અને સંતાન પ્રત્યેના પોતાના કર્તવ્ય પાલનમાં ભૂલ ન કરે. આપણે જાણવું જોઇએ કે દરેક પોત પોતાનાં પાપ-પુણ્યનું ફળ મેળવે છે. પોતે કર્તવ્યઘાત કરી રહ્યા હોઇએ તો નરકની જ તૈયારી કરી રહ્યા છીએ. સંતાનને સદ્ગુણી બનાવી ન શકવું એ પણ એક કર્તવ્યઘાત છે કે જેનું ફળ નરક મળવું હોવું જોઇએ. જેમનામાં એ ક્ષમતા નથી તેઓ સંતાનોત્પત્તિની જવાબદારીમાંથી બચેલા રહે, ત્યારે તેઓ સંતાનને સુયોગ્ય બનાવી ન શકયા એ એક પાપમાંથી તો તેમનો બચાવ થઇ જ જાય છે. ત્યારે તેમને અંશે નારકીય ત્રાસ તો થોડો ઓછો જ ભોગવવો પડશે. આ દૃષ્ટિએ જે લોકોને કોઇ કારણવશ સંતાનોત્પત્તિની જવાબદારી ઉઠાવવી પડી નથી તેઓ નફામાં જ રહેશે. જેમને ઇશ્વર કૃપાથી સંતાનની જવાબદારી ઉઠાવવી પડી રહી નથી, જેમને સંતાન નથી, તેમણે પોતાને બીજાઓ કરતાં વધારે સુખી અને ભાગ્યશાળી માનવાં જોઇએ. તેમણે પોતાને અભાગી તો કદી માનવાં જોઇએ નહિ.

સાચી વાત તો એ છે કે એ એક સુઅવસર અને સૌભાગ્ય છે કે જે શક્તિઓ બાળકોના પાલન-પોષણમાં ખર્ચાય છે એ બચી જવાથી મનુષ્ય વધારે આત્મોન્નતિ કરી શકે છે. વધારે સમાજ-સેવા કરી શકે છે, આર્થિક દબાણ અને ચિંતાઓમાંથી મુક્ત રહી શકે છે અને બંધન-મુક્ત જીવન વ્યતીત કરી શકે છે. કુસંસ્કારી બાળકો ઉત્પન્ન કરવાનું પાપ પણ પોતાને લાગતું નથી. વધતી જતી વસ્તી આજે આખા સંસારને માટે એક ભારે વિપત્તિ બનેલી છે. આ ભયંકરતાનું વિકરાળ સ્વરૂપ જેમ જેમ વધતું જશે તેમ તેમ માનવ સભ્યતા જોખમમાં પડતી જશે. એટલે જ વિચારશીલ લોકો સંતતિ નિયમનના જુદા જુદા પાસાં પર ઘણું ધ્યાન આપી રહ્યા છે અને જે બની શકે એ કરી પણ રહ્યા છે.

જેમને સંજોગવશાત સંતાનોત્પત્તિની જવાબદારી ઉઠાવવી પડી રહી નથી તેઓ અજાણ્યે વિશ્વ-માનવની એક ભારે સેવા કરી રહ્યાં છે. તેમના દ્વારા જોખમનું એટલું સમાધાન તો થાય છે જ, કે જેટલા માટે તેઓ પોતે જવાબદાર હોત. સંતાનહીનોમાંથી કોઇએ પણ પોતાને અભાગી માનવું જોઇએ નહિ. ખરેખર તો તેઓ બીજાઓ કરતાં વધારે ભાગ્યશાળી છે એવું જ તેમણે માનવું જોઇએ. એનાથી દુઃખી થવાનું તો સ્હેજ પણ કારણ નથી.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# વિવેકયુક્ત દૂરદર્શી બુદ્ધિમત્તા જ શ્રેયસ્કર છે

બુદ્ધિનું અનુદાન આપણને એટલા માટે મળ્યું છે કે એનાથી આપણે ખરા-ખોટાને પારખતા રહીએ અને જે યોગ્ય તથા ઉપયોગી હોય એનો જ સ્વીકાર કરીએ. મનનું કામ ઈચ્છા કરવાનું છે. આ ઈચ્છાઓ નજીકની વ્યક્તિઓ, ઘટનાઓ અને પરિસ્થિતિઓને આધારે ઉત્પન્ન થાય છે. આસપાસના સુખી-સમૃદ્ધ લોકો જે કરે છે એનું અનુકરણ કરવાની વાત સૂઝે છે. અણઘડ મન મોટા કહેવાતા લોકોની નકલ ઉતારે છે અને બીજાઓએ જે કોઇ સરળ ઉપાયોથી સફળતા મેળવી હોય એમને માટે લલચાય છે. મનની મરજી પર ચાલનારા લોકો ભૂલી જાય છે કે જે વિચારવામાં આવી રહ્યું છે એમાં કિંચિત લાભ સિવાય કયાંક કોઇ ભયાનક હાનિ તો છૂપાયેલી નથી ને.

બુદ્ધિનું કામ આ આવરણોને હડાવીને દૂર-ગામી પરિણામો જોવાનું તથા આપણા અતિશય લાભનો માર્ગ કર્યો છે એનો નિર્ણય કરવાનું છે. ઘણું કરીને જે આકર્ષક હોય છે એ હિતકારી હોતું નથી અને જે હિતકારી હોય છે એમાં આકર્ષણ રહેતું નથી. કોઇ કોઇ વખત હિતકારી અને આકર્ષકનો સમન્વય પણ થાય છે પરંતુ એ થાય છે ઓછું જ.

મનની માગણી છે કે વધારે સરળતા સાથે વધારે સગવડો મેળવવાનો માર્ગ અપનાવવો અને એમાં અયોગ્યતા અપનાવવી પડે તો અચકાવું નહિ. મનની આતુરતા તરત જ મોટી સફળતા પ્રાપ્ત કરવામાં રહે છે પરંતુ એ શક્ય નથી. દરેક મહત્વપૂર્ણ પ્રયોજન સમય સાધ્ય અને શ્રમ સાધ્ય હોય છે. એને માટે યોગ્ય સાધનો એકઠાં કરવા તત્પરતા પૂર્વક સતત પ્રયત્ન કરવો પડે છે. અધીરા મનનું બાળપણ એને માટે સંમત થતું નથી. કેટલીક મહત્વાકાંક્ષી વ્યક્તિઓ પોતાની આ બાળ ચંચળતાને કારણે અનેક શ્રેયકારી પ્રયાસોને અપનાવવાની સાથે સાથે એમને દફનાવવાનો આરંભ પણ કરતી રહે છે અને છેવટે અસફળતા મળતાં દુર્ભાગ્યનાં રોદણાં રડતી રહે છે.

આપણે ચંચળ મનની બાળકના જેવી વૃત્તિ અપનાવવી જોઇએ નહિ. અણઘડ મનની નેતા-ગીરી સ્વીકારવી જોઇએ નહિ, પરંતુ દૂરદર્શી સદ્બુદ્ધિનો આશ્રય લેવો જોઇએ અને પોતાના ચિત્તને વ્યવસ્થિત બનાવવા માટે વિવેકશીલતા અપનાવવી જોઇએ. બીજા લોકો અનીતિપૂર્ણ પ્રવૃત્તિઓ અપનાવીને પણ ક્ષણિક સફળતાઓ પ્રાપ્ત કરી લે છે, પરંતુ એ કુમાર્ગગામિતાનાં દુષ્પરિણામો પણ એ છાં ભોગવતા નથી. કોઇ પણ બુદ્ધિમાન અને દૂરદર્શી વ્યક્તિએ આ માર્ગ અપનાવવો જોઇએ નહિ.

દુષ્ટ વૃત્તિઓના દુષ્ટ પરિણામો અનુભવ્યા પછી એમને ઓળખવી, એટલા માટે જીવનની કીંમતી ક્ષણે નથી. એમને વિવેક બુદ્ધિને આધારે જ જાણી લેવી જોઇએ અને આ દેવ-દુર્લભ જીવન સંપત્તિનો શ્રેષ્ઠતમ સદુપયોગ થઇ શકે એવી રીતિ નીતિ અપનાવવાનો નિર્ણય કરવો જોઇએ. ભૌતિક સંપત્તિઓની સરખામણીમા સદ્-ભાવનાઓ અને સદ્-વૃત્તિઓને જે શ્રેષ્ઠ ઠરાવી શકે અને એમને પ્રાપ્ત કરવાની પ્રેરણા આપી શકે એ સદ્બુદ્ધિ જ પ્રશંસનીય છે. જે વિવેકને આધારે આતુરતા પર નિયંત્રણ રાખી શકાય અને મહત્વપૂર્ણ પ્રાપ્તિઓ માટે ધૈર્ય તથા સાહસ સાથે સતત શ્રમ કરવાનો ઉત્સાહ ઉત્પન્ન થઇ શકે એ જ વંદનીય છે.

—★—

દરેક મહત્વપૂર્ણ પ્રયોજન સમય સાધ્ય અને શ્રમ સાધ્ય હોય છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# શું નારીને આ રીતે સતાવવામાં આવતી રહેશે ?

આપણું સામાજીક જીવન દાંપત્ય જીવનથી શરૂ થાય છે. પતિ–પત્ની વચ્ચે પ્રેમ, સૌજન્ય, આત્મ-ભાવ, આત્મ-સમર્પણ અને વફાદારીના જેટલા ભાવ રહેશે એટલું જ ગૃહસ્થ જીવન આનંદમય થશે અને એટલા જ પ્રમાણમાં શ્રી, સમૃદ્ધિ અને સુખ-શાંતિ વધશે. ધર્મના આરંભિક ઉપદેશોમાં નારીને પૂજ્ય, પવિત્ર, શ્રેષ્ઠ અને આદર પાત્ર માનવામાં આવી છે અને કહેવામાં આવ્યું છે કે જ્યાં નારીની પૂજા થશે ત્યાં લક્ષ્મીનો વાસ થશે. નારીને પ્રસન્ન અને સંતુષ્ટ રાખવી એ પુરૂષનું પરમ પવિત્ર કર્તવ્ય માનવામાં આવ્યું છે. નારીને ગાયની માફક અવધ્ય માનવામાં આવી છે. તેના પર હાથ ઉઠાવનારને બાયલો અને નારકીય કીડો જણાવવામાં આવ્યો છે. તેનાથી કોઇ ભૂલ પણ થાય તો તેને ઉદારતા પૂર્વક ક્ષમા કરવાની અને પ્રેમ સાથે સુધારવાની ભારતીય પરંપરા રહી છે. મોટી ઉંમરની થાય ત્યારે પણ નારીને ભોળી કન્યા, મમતામયી માતા અને સ્નેહભીની બહેનના રૂપમાં જોવાનું યોગ્ય માનવામાં આવ્યું છે. ધર્મપત્નીના રૂપમાં તો તે સાક્ષાત લક્ષ્મીનું રૂપ ધારણ કરીને જ ઘરમાં વિરાજે છે.

ખેદની વાત છે કે આજે તેનો દરજ્જો પશુઓના જેવો થઇ રહ્યો છે. જરાક વાત પર લોકો તેને સતાવે અને તિરસ્કૃત કરે છે. એટલું જ નહિ, કેટલાક નર-પિશાચો તો તેનું લોહી પીને પોતાની દાનવી દુષ્ટતાને શાંત કરે છે. પરિણિત વધુઓનું સાસરી માટે આત્મ–ત્યાગ કરવાનું કાર્ય એક અલૌકિક કાર્ય છે. એનો બદલો ચૂકાવવા માટે સાસરીવાળા તેના પ્રત્યે જેટલી કૃતજ્ઞતા પ્રગટ કરે, તેને જેટલા આદર અને સ્નેહ આપે એટલાં ઓછા છે પરંતુ આજે એ સૌજન્ય કોઇ કોઇ જગાએ જ જોવા મળે છે. વહુના આત્મ–સમર્પણ, સેવા, ઉદારતા અને કોમળ ભાવનાઓના પહાડને ન જોતાં, લોકો તેની નાની–મોટી ભૂલોને જ વધારે પડતી જુએ છે અને તેને તુચ્છ પશુ કરતાં પણ વધારે તિરસ્કૃત કરવામાં તથા કેટલીક વાર તેનું લોહી સુદ્ધાં પીવામાં પણ અચકાતા નથી. આવા ક્રૂરતા ભર્યા સમાચાર અખબારોમા વારંવાર છપાતા રહે છે.

## અહંકાર અને અત્યાચાર

વિજય રાઘવગઢ થાણાના પરસવારા ગામના સમાચાર છે કે ત્યા એક વ્યક્તિ પોતાની પત્નીને લેવા સાસરીમાં આવ્યો અને તરત જ પોતાની સાથે ચાલવા પત્નીને કહ્યું. પત્નીએ પોતાનાં બહાર ગયેલાં માતા પિતા પાછા ફરે ત્યા સુધી રોકાઇ જવા પતિને કહ્યું. પત્નીની આ સલાહ પતિથી સહન થઇ નહિ. આટલી નાની બાબત પર તેણે પત્નીને કોદાળીથી મારી નાંખી.

જબલપુરના ગંગા સાગર મહોલ્લાની રમેશ નામની વ્યકિતને તેના ઘરની બહાર બોલાવીને છરાથી તેનું ખૂન કરવામાં આવ્યું. કહેવાય છે કે મરનારે થોડા દિવસ પહેલાં એક ત્યજયેલી સ્ત્રી કલાવતી સાથે લગ્ન કર્યું હતું. ત્યજાયેલી સ્ત્રીના પહેલો પતિ આને સહન કરી શકયો નહિ અને તેણે નવા પતિને જ મારી નાંખ્યો.

દિલ્હી ઝંડેલવાલાન મહોલ્લાના ઓમપ્રકાશને પ્રેમવતી નામની છોકરીને મારી નાખવા માટે જીવનભર કારાવાસની સજા થઇ છે. તે છોકરી સાથે લગ્ન કરવા ઇચ્છતો હતો પરંતુ છોકરીનો પિતા સંમત ન હતો. પિતા પરનો ક્રોધ તેણે છોકરી પર કાઢયો અને તેને જ મારી નાખી.

સુધિયાના પાસે બરેબાલ ગામના સુખસિંહ પોતાની પત્નીનું ખૂન કરવાના ગુનામ આવ્યો. જણાવવામાં આવે છે કે તેની પત્ની તેનું ખાવાનું

જ્યા નારીની પૂજા થશે ત્યાં લક્ષ્મીનો વાસ થશે.



Disclaimer / Warning: All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

લઇને ખેતરમાં મોડી પહોંચી. આનાથી આરોપી ક્રોધમાં આવી ગયો અને તેણે પોતાની પત્નીને ભાલાથી મારી નાંખી.

મેરઠના જજે પરમાત્માશરણ નામની વ્યક્તિને ફાંસીની સજા ફરમાવી. આરોપી પોતાની પરિણિત પત્નીથી અલગ થઇને એક ખ્રિસ્તી નર્સ સાથે લગ્ન કરવા માગતો હતો. તેણે પોતાની ઉંઘતી પત્ની પર તેલ છાંટી આગ ચાંપી.

અલાહાબાદ જીલ્લાના ભરવારી ગામમાં રાત્રે પતિ-પત્ની વચ્ચે તકરાર થતાં પતિએ પત્નીનું નાક અને સ્તન કાપી લીધાં.

ફગવાડાની ૨૫ વર્ષની યુવતી કૈલાસરાણીએ મેજીસ્ટ્રેટ સમક્ષ પોતાના મૃત્યુ-બયાનમાં વર્ણન કરતાં કહ્યું—"મારી સાસુએ મારા શરીર પર ગ્યાસતેલ છાંટીને આગ ચાંપી અને બારણું બંધ કરી દીધું. બચવાનો બીજો કોઇ ઉપાય ન જોતાં મેં પાછળના મકાનની પાછળ છલાંગ મારી." દવાખાનામાં પાંચ કલાકની સારવાર પછી પણ યુવતી બચી શકી નહિ. બાળી નાખવાનું કારણ એટલું જ જણાવવામાં આવે છે કે તે પોતાના પતિને સાસુ અને દિયર વિશે ફરિયાદ કર્યા કરતી હતી.

## ક્રુરતા અને વિશ્વાસઘાત

દિલ્હીની સદર બજાર પોલીસે ગલીબરનાના કંવરપાલ નામના દરજીને પોતાની ૨૧ વર્ષની પત્ની શકુંતલાનું ખૂન કરવાના ગુનામાં લોહી વાળી કાતર સાથે ગિરફ્તાર કર્યો છે. જણાવવામાં આવે છે કે લગ્નનાં ૧૦ વર્ષ વીતી જવા છતાં તેને કોઇ બાળક થયું ન હતું. આ બાબતથી કંવરપાલ તેના પર ગુસ્સે થયેલો રહેતો હતો. તે દિવસે તેણે કાતરથી તેનું ગળું જ કાપી નાખ્યું.

ઇટાવાના સમાચાર છે કે કાનપુરથી એક યુવક સાથે ભાગી આવેલી યુવતીએ યમુનામાં પડીને આપઘાત કરવાનો નિષ્ફળ પ્રયત્ન કર્યો. તેનો કહેવાતો પ્રેમી તેને છોડીને નાસી ગયો હતો. એટલે ગ્લાનિ અને દુઃખને કારણે ઘેર પાછા ન ફરતાં તેણીએ આપઘાતનો પ્રયાસ કર્યો પરંતુ ઘાટ પર ઉભેલા લોકોએ તેને બચાવી લીધી.

આગ્રા જીલ્લાના અએલા ગામમાં એક વ્યક્તિએ સામાન્ય તકરારમાં ગુસ્સે થઇને તરવારથી પોતાની ગર્ભવતી પત્નીને કાપી નાખી.

પટિયાલા જીલ્લાના નિયામતપુર ગામમાં ખંડીબાઇ નામની મહિલાના ખૂન સંબંધમાં તેના સિનેમા-શોખીન પતિ તેજારામને પકડવામાં આવ્યો છે. જણાવવામાં આવે છે કે સિનેમા માટે પૈસા ન આપવાથી દિવસે તેણે પત્નીને મારી ત્યારે તો તેના પિતાએ બચાવી લીધી. પરંતુ રાત્રે તેણે ઉંઘતી પત્નીને કુહાડીથી કાપી જ નાખી.

## બંધન અને પીડાની અતિશયતા

ગોરખપુરના જજે અલગૂ, પ્યારે અને સાવકી મા તિલકાને અનુક્રમે ૬,૬ અને ૪ વર્ષની સજા ફરમાવી દીધી. આરોપીઓએ અલગૂની પત્ની દુખિનીને કોઇ નાની બાબત પર નારાજ થઇને નાગી કરી ખાટલા પર પંદર દિવસ સુધી જંજીરોથી બાંધી રાખી, ભૂખી રાખી અને તેના ગૃહ્યાગ, ગાલ, કપાળ અને કૂલાઓને ખૂરપી ગરમ કરીને એનાથી બાળવાનો ગુનો કર્યો હતો.

જણાવવામાં આવે છે કે છપરામાં એક સ્ત્રી પતિની આજ્ઞા લીધા વિના પોતાની બહેનને ત્યાં ગઇ. આ બાબત પર તેના પતિ અને સાસુએ તેને બાંધીને લોઢાના ગરમ સળિયાથી તેના સ્તન, બંને ગાલ અને કાનોને ડામ દીધા. જ્યારે જ્યારે એ દર્દથી તે બૂમો પાડતી ત્યારે પતિ તેને લાકડીથી મારતો.

જાણવામાં આવ્યું છે કે હિસાર જીલ્લાના ચાંવલ ગામમાં એક છોકરીને એક યુવક સાથે પ્રેમ હતો. લગ્નની શક્યતા ન જોતાં બંને પ્રેમી ઘેરથી ભાગી નીકળ્યાં. છોકરીના ભાઇએ બંનેનો પીછો પકડયો અને ગામથી થોડે દૂર બંનેને ઘેરી લઇને બંનેની કતલ કરી. પોલીસે હત્યારાને ગિરફ્તાર કરી લીધો.

પરિણિત વધુઓનું સાસરી માટે આત્મ-ત્યાગ કરવાનું કાર્ય એક અલૌકિક કાર્ય છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

દિલ્હીની રામલાલ નામની વ્યકિતને પોતાની ૧૫ વર્ષની બહેનનું ખૂન કરવાના ગુનામાં પકડવામાં આવી છે. કહે છે કે છોકરી પોતાના ઈચ્છિત યુવક સાથે લગ્ન કરવા માગતી હતી પરંતુ ભાઈને એ વાત મંજુર ન હતી. ક્રોધે ભરાયેલા ભાઈએ પોતાની બહેનને જ મારી નાખી.

ખુરજાની નજીક પહાસૂગામના સમાચાર છે કે એક કુંભારની છોકરી કોઈ પડોશી યુવક સાથે પ્રેમ કરવા લાગી. તે ગર્ભવતી થઇ ગઈ ત્યારે પોતાના પ્રેમી સાથે ગામ છોડી બીજે જવા લાગી. ઘરનાં માણસો તેને પકડી લાવ્યાં અને રાત્રે તેનાં મા બાપે જ તેની કતલ કરી અને પોતે કુવામાં કૂદી પડયા. કુંભારણ તો મરી ગઈ પરંતુ કુંભાર બચી ગયો.

## દહેજની બલિ વેદી પર

કન્યા જેવા અમૂલ્ય રત્નને પ્રાપ્ત કરીને સાસરીવાળાઓએ પોતાનું સૌભાગ્ય માનવું જોઇએ. એને બદલે તેઓ ઉલટું એવું માને છે કે તેમણે કોઇની બેટીને પોતાના ઘરમ લઇને તેના પર ઉપકાર કર્યો છે. આ ઉપકારના બદલામાં તેઓ બેટીવાળાં પર પોતાની અકડાઈ બતાવતાં રહે છે અને દહેજના રૂપમાં મોટી રૂશ્વત માગતાં રહે છે. એ ન મળે તો પોતાના ઘરમાં આવેલી નિર્દોષ છોકરીને અનેક રીતે સતાવે છે અને કેટલીક વાર તો તેના જાનના ગ્રાહક જ બની જાય છે. કોટલા મુબારકપુરના રહેવાસી વેણીપ્રસાદ અને તેની માતા ઉમરાવતીને દિલ્હીના સેશન જજે જીવન-ભરની કારાવાસની સજા કરી છે. ફરિયાદ પ્રમાણે નવ-પરિણિત વહૂ કમળા પર તેની સાસુ ઉમ-રાવતીએ ગ્યાસતેલ છાંટયું અને પતિ વેણી પ્રસાદે આગ ચાંપી. આરોપી છોકરીના પિતા પાસે પૈસા પડાવવા માગતો હતો. એ ન મળી શકયા ત્યારે છોકરીને જ આ રીતે મારી નાખી.

ઇટાવાના કંચોસી ગામના એક શેઠના પુત્રે પોતાની પત્નીને ઘરમાં બંધ કરીને નિર્દયતા પૂર્વક મારતાં મારતાં તેનાં કેટલાંક હાડકાં તોડી નાખ્યાં. કહેવામાં આવે છે કે તે સ્ત્રીનો પતિ અને સસરો હંમેશાં એ બાબત પર જોર મૂકતા હતા કે તે સ્ત્રી પોતાની ધનવાન માતા પાસેથી ધન લાવીને તેમને આપે. તેણે લાવીને આપ્યું પણ ખરૂં. પરંતુ જયારે માની પાસે કશું રહ્યું નહિ ત્યારે તેને આ પ્રમાણે સતાવવામાં આવવા લાગી.

કાનપુરની હરિરામ નામની વ્યકિતને, પોતાની પત્ની ઉપર તેલ છાંટી આગ લગાડીને તેનું ખૂન કરવાના ગુના બદલ સેશનમાં સુપરત કરવામાં આવી છે. કહેવામાં આવે છે કે આરોપીએ પોતાની નવ- રિ ણુત પત્નીને કહ્યું–"તું તારા પિતાને કહે કે લગ્ન વખતે તેમણે જે મકાન મને આપવાનું કહ્યું હતું તે મને આપી દે." પત્નીના મુખમ થી "હું શા માટે કહું, આપ જ કહોને" શબ્દો નીકળત જ આરોપીનો પારો ગરમ થઇ ગયો અને તેણે રૂમમાં તેને બંધ કરીને આગ ચાંપી દીધી.

## છોકરીઓ ધન પણ સાથે લાવે !

પતિપાલાગાં એક નવ–પારેણિત છોકરી માયા દેવીના ખૂનના સમાચાર મેળવીંન પોલીસે ચિતા પરથી તેનું શબ પોતાને કબજે કર્યું. કહેવામાં આવે છે કે છોકરીનું ખૂન સાસરીમાં એટલા માટે કરવામાં આવ્યું હતુંક કે રવ ચોથ (કારતક વદ ચોથ સ્રીઓ 'કરવા'થી ગૌરી પૂજા કરે છે) પછી તે પોતાના માતા પિતાને ત્યાંથી જે સામાન લાવી હતી એ પરિવારની આશાને અનુકૂળ ન હતો.

ચિડાવા ગામમ સાસુ, સાસરા દ્વારા એક વહૂને એટલા માટે જીવતી બાળીને મારી નાખ-વાના સમાચાર છે કે તેઓ વહૂને અશુભ ઘડીમ આવેલી માનતાં હત અને એવું સમજતાં હતાં કે જયાં સુધી તે રહેશે ત્યાં સુધી કોઇને કોઈ દુઃખ કાયમ રહ્યા કરશે.

બરનોલમાં એક ઘંટીવાળાની પુત્ર વધૂ કપડામાં આગ લાગવાથી બળી મરી. કહેવામાં આવે છે કે લગ્નમાં દહેજ ઓછું મળવાથી એ વ્યકિત અને તેના પુત્ર વહુને ઘણું કષ્ટ આપતા હતા. આગ લાગી ત્યારે પણ બધાં લોકો જોતા રહ્યા

---

કન્યા જેવા અમૂલ્ય રત્નને પ્રાપ્ત કરવામા સાસરીવાળાઓએ પોતાનું સૌભાગ્ય માનવું જોઇએ.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પરંતુ કોઈએ તેને બચાવવાની કોશિશ કરી નહિ. બળી જવાથી તે એક મહીનો દવાખાનામાં રહીને મરી ગઈ

## બિચારી કુસુમ કુમારીઓ

કાનપુરમાં કુસુમકુમારી નામની એક અગ્રવાલ છોકરીનું મૃત્યુ શંકાશીલ સ્થિતિમાં થયું. પોલીસે સાસરીવાળાં પર ખૂનનો મુકદમો ચલાવ્યો. કહેવામાં આવે છે કે લગ્ન પછી વર પક્ષવાળાઓએ કન્યા પક્ષવાળાઓ પાસેથી ૧ હજાર રૂપીયાની માગણી કરી, જેને તેઓ પૂરી કરી શકયા નહિ. એટલે આરોપીઓએ છોકરીને ભોજન ન આપવાની, મારવા-પીટવાની વગેરે પીડાઓ આપવાની શરૂઆત કરી દીધી. છેવટે તેનું મૃત્યુ જ થઈ ગયું.

ગાઝિયાબાદમાં તિવારી પરિવારની નવ-પરિણિત છોકરીના શંકાશીલ મૃત્યુની તપાસ પોલીસ ઘણી ચાલાકીથી કરી રહી છે એવા સમાચાર છે. કહે છે કે છોકરી પોતાનાં સાસરીયાના દબાણથી પોતાના ભાઇ અને મા પાસે ૬૦૦ રૂપીયા માગવા ગઇ હતી. તેણે પોતાની મા ને કહ્યું હતું "આજે હું માતા પ્રાણોની ભીખ માગવા આવી છું. મને ગમે તે રીતે ૬૦૦ રૂપીયા આપો" રૂપીયાની વ્યવસ્થા ન થતાં તે નિરાશ થઇને પાછી આવી. બીજે જ દિવસે બપોર સુધીમાં તેના મૃત્યુના સમાચાર આવી ગયા. મહોલ્લાના લોકોનું કહેવું. છે કે તેની ઠાડડી પણ બંધ કમરામાં બનાવવામાં આવી હતી અને ચાર-પંચ ઘરની વ્યક્તિઓ જ તેને ચુપચાપ બાળી આવી.

## જો દહેજ ન આપી શકે તો ?

દહેજ નહિ આપી શકવાને કારણે કેટલાંય માતા-પિતા પોતાની કન્યાઓનાં લગ્ન કરી શકતાં નથી. એવા લોકો કેટલીક વાર અધીરા બનીને પોતાની આત્મ હત્યા સુદ્ધાં કરી બેસે છે. કેટલાંકને પોતાની કન્યાઓ કુપાત્રોને સોંપીને તેમનું જીવન દુઃખમય બનાવવા લાચાર બનવું પડે છે. ઇટાવા જીલ્લાની જગદંબા પ્રસાદ નામની વ્યક્તિએ પોતાની પત્નીનું ખૂન કરીને બે પુત્રીઓને કુવામાં પટકી દીધી અને પોતે ગાડી નીચે કપાઈ મર્યો. જણાવવામાં આવે છે. કે મરનાર વ્યકિતની બંને છોકરીઓ યુવાન થઇ ગઇ હતી. તેની આર્થિક સ્થિતિ દયાપાત્ર હતી. દહેજની કોઇ વ્યવસ્થા ન થઇ શકી ત્યારે નિરાશ થઇને તે કરૂણા જનક હત્યાકાંડ કરી બેઠો.

નારી પ્રત્યે આપણો દૃષ્ટિકોણ અનુદાર, સંકુચિત અને અહંકારપૂર્ણ છે તેને આપણે તુચ્છ, હીન અને પીડા આપવા લાયક ગણીએ છીએ. એમાં કેટલી માનવતા છે ? આ પ્રશ્ન જો આપણા મનને ઢંઢોળતો ન હોય તો એવું જ માનવું પડશે કે આપણો અંતરાત્મા મરી ગયો અને આપણે મનુષ્યતાના સાથે રહેનારી જરૂરી ભલમનસાઇ છોડી બેઠા. નારીએ નરની આગળ આત્મ-ત્યાગનો જે અનુપમ આદર્શ મૂકયો છે એનો અર્થ એવો નથી કે તેનું કશું જ મૂલ્ય ન આંકવામાં આવે, તેને મનગમતી રીતે સતાવવામાં આવે અને તેને બંધનમાં એટલી બધી બાધવામાં આવે કે તે હાલીડોલી ન શકે.

પરાધીનતાનાં બંધન બધી દિશાઓમાં તૂટી રહ્યાં છે. નારીનો આત્મા પણ પૂછે છે કે તેને મનવોચિત આદર અને સ્વાતંત્ર્ય કયારે મળશે ? નાગરિક અધિકારોથી તેને કયાં સુધી વંચિત રહેવું પડશે ? તેને પાંજરામાં પૂરેલા પક્ષી અને ખીલે બાધેલા પશુ કરતાં કંઇક વધારે ગણવાનો અવસર કયારે પ્રાપ્ત થશે ? તેને કેવળ ઉપભોગનું જ મશીન સમજવું જોઇએ નહિ પરંતુ તેને પ્રગતિ અને ઉન્નતિનો અવસર પણ મળવો જોઇએ. આ સ્થિતિને લાવવાને માટે આપણે પોતાના સડી ગયેલા, ક્રૂર અને રૂઢિવાદી વિચારોને બદલવા પડશે. અને એવી નૈતિક દૃષ્ટિ અપનાવવી પડશે કે જેને આધારે પતિ-પત્ની એક બીજા પ્રત્યે પ્રેમ, વિશ્વાસ, આદર, ત્યાગ, સેવા, ક્ષમા, ઉદારતા અને સમાનતા ભર્યો વ્યવહાર કરતાં કરતાં સાચા દાંપત્ય જીવનની સુદૃઢ આધાર શિલા રાખી શકે.

—o—

નારી પ્રત્યેના આપણા સંકુચિત અને અહંકાર પૂર્ણ દૃષ્ટિકોણમાં કેટલી માનવતા છે ?


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# ગૃહસ્થાશ્રમ પણ એક યોગ સાધના છે

ગૃહસ્થ-જીવન ઘણી મોટી જવાબદારીઓનું જીવન છે. કૌટુંબિક અને સામાજીક મહત્વનાં કાર્યોનો આરંભ ગૃહસ્થાશ્રમમાં જ થાય છે. ગૃહસ્થાશ્રમ તો જાણે કે એક તપોભૂમિ છે. સહન-શીલતા, સંયમ, ઉદારતા, ત્યાગ અને આત્મીયતાના સદ્ગુણોની સાધના ગૃહસ્થાશ્રમમાં જ થાય છે. જે લોકો ગૃહસ્થ જીવનને મોજમજા ઉડાવવાનો, ઇંદ્રિયોનાં સુખો ભોગવવાનો અને થોડું ઘણું ધન, પ્રતિષ્ઠા વગેરે કમાઈ લેવાનો અવસર ગણે છે તેઓ એના મહત્વને ઓછું કરે છે. એના પ્રત્યે બેદરકારી પ્રગટ કરે છે.

ગૃહસ્થાશ્રમ કેવળ પતિ પત્નીને માટે જ નથી. તેમનાં પોતાનાં સુખો માટે આ સંસ્થા નથી. મનુષ્યની દુર્દમ્ય નૈસર્ગિક ઇચ્છાઓની પૂર્તિને માટે પણ ગૃહસ્થ-જીવન નથી. માનવ-જીવનને વધારેમાં વધારે વિકસિત કરવાનો, મહાનતા તરફ અગ્રસર થવાનો એ રાજમાર્ગ છે. ગૃહસ્થ-જીવનમાં પતિ-પત્ની એક બીજાનાં સહાયક અને સહયોગી બનીને સામાજીક કર્તવ્યોની પૂર્તિમાં લાગી જાય છે પોતાના પૂર્વજો પાસેથી પ્રાપ્ત થયેલા વારસાને વધારીને એને નવી પેઢીને આપ-વાનો-વધારે યોગ્ય બનાવવાનો ભાર ગૃહસ્થ પર જ હોય છે. વિકાસની શ્રૃંખલામાં નવી પેઢીના નવ નિર્માણની મહાન જવાબદારી ગૃહસ્થાશ્રમમાં જ છે. માનવ જાતિનાં સંસ્કરણોને ધીરે ધીરે ઉત્તમ અને કલ્યાણમયી સ્થિતિ સુધી પહોંચાડવાની એ સીડી છે.

ગૃહસ્થ-જીવનનાં પતિ-પત્નીનું જીવન એક સૂત્રમાં બંધાય છે, જાણે કે બે શરીરોમાં એક જ ચૈતન્ય વહેવા લાગે છે. પછીથી આ બંને સાથે સંબંધિત પરિવારો આત્મીયતાનાં સૂત્રોમાં બંધાય છે. ત્યાર પછી એ પરિવારો સાથે સંબંધ રાખનારા બીજા પરિવારો સુધી આ સંબંધ-સૂત્રો ફેલાવા લાગે છે. પરસ્પર એક બીજાને સહકાર અને સદ્ભાવનાઓ મળવા લાગે છે અને એક બહુ મોટો સમાજ આત્મીય સંબંધોમાં જોડાઈ જાય છે. એનો દરેક સભ્ય એક બીજા પ્રત્યે કર્તવ્ય તથા પારસ્પરિક અધિ-કારોથી બંધાયેલા જેવો રહે છે. આટલા મોટા સમાજમાં ગૃહસ્થાશ્રમ દ્વારા બધાના સેવા-સત્કાર કરવાં એને આપણે ત્યાં ધર્મ કર્તવ્ય માનવામાં આવ્યું છે. ગૃહસ્થાશ્રમ અને પંચમહાયજ્ઞ સમાજ પ્રત્યે આ કર્તવ્ય પાલન કરવાને માટે જ બના-વવામ આવ્યાં છે. એમ દેવતા, પિતૃઓ, જ્ઞાની, મનુષ્ય અને જીવમાત્રની સેવા આવી જાય છે. આટલો મોટો છે આપણો ગૃહસ્થ ધર્મ.

ગૃહસ્થાશ્રમની સફળતાનો આધાર ત્રણ બાબતો પર છે (૧) ગૃહસ્થ જીવનની પૂર્વ તૈયારી (૨, પતિ પત્નીનું દાંપત્ય જીવનમાં આવવાનું ધ્યેય અને (૩) ગૃહસ્થ જીવનમાં એક બીજાનો વ્યવહાર અને તેમનું કર્તવ્ય પાલન.

બ્રહ્મચર્યાશ્રમ ગૃહસ્થ-જીવનમાં પ્રવેશ કરવાની તૈયારી કરવાનો સમય છે. સંસારમાં જરૂરી અને ઉપયોગી જ્ઞાન પ્રાપ્ત કરવાને માટે બ્રહ્મચર્યની જરૂર હોય છે. આ જ સમયમાં મનુષ્ય અનેક કળાઓ, જ્ઞાન અને વિદ્યાઓ પ્રાપ્ત કરે છે અને જાત જાતના સારા અનુભવો અને સંસ્કારો મેળવે છે. આ તૈયારી જ ગૃહસ્થ જીવનનો આધાર હોય છે. લગ્ન પહેલાંનું જેમનુ જીવન સફળ અને ઉપયોગી હોય છે તેઓ ગૃહસ્થ-જીવનને પણ વધારે સફળ બનાવી શકે છે. જો કે બ્રહ્મચર્યનું સ્વરૂપ અત્યારે રહ્યું નથી, તો પણ આજનો વિદ્યાર્થી કાળ ગૃહસ્થ-જીવનનો પૂર્વ સમય જ છે. ગૃહસ્થ-જીવનની મોટા ભાગની સફળતાનો આધાર

**સહનશીલતા, સંયમ, ઉદારતા, ત્યાગ અને આત્મીયતાના સદ્ગુણોની સાધના ગૃહસ્થાશ્રમમાં જ થાય છે.**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

એ બાબત પર રહે છે કે દાંપત્ય-જીવનમાં પ્રવેશ કરતા પહેલાં મનુષ્યે એને માટે શું તૈયારી કરી. શારીરિક, માનસિક અને આત્મિક દૃષ્ટિએ સામર્થ્યવાન અને ગુણવાન બનીને ગૃહસ્થ જીવનમાં પ્રવેશ કરનારાં દંપતિ પોતાનું જીવન વધારે સફળ બનાવી શકે છે. જેઓ અયોગ્ય, અસમર્થ અને અવિકસિત રહીને ગૃહસ્થ જીવનમાં પ્રવેશ કરે છે તેમનું જીવન મુશ્કેલીઓ અને સમસ્યાઓથી ઘેરાયેલું રહે છે અને હીન અવસ્થામાં વીતે છે. તેઓ ગૃહસ્થાશ્રમનો કોઈ વિશેષ લાભ ઉઠાવી શકતા નથી.

ગૃહસ્થ જીવનની સફળતાઓ અને અસફળતાઓનો ઘણો ખરો આધાર લગ્ન સંસ્કાર, સ્ત્રી અને પુરૂષના દાંપત્ય જીવનમાં પ્રવેશ કરવાના ઉદ્દેશ્ય અને આદર્શો પર પણ રહે છે. જ્યાં લગ્ન કેવળ શારીરિક સુખ અથવા એક બીજાને લોભાવવાનું કારણ હોય છે ત્યાં લગ્નનો આદર્શ જ નાશ પામે છે. જો લગ્ન-સંબંધોની પાછળ કોઈ મહાન આદર્શ, ઉત્તમ ધ્યેયની ભાવના ન હોય, તો ગૃહસ્થ-જીવન પણ હલકી કક્ષાના ભાવ એટલે કે આકર્ષણ અને લોભ વૃત્તિ પર જ ચાલે છે અને પછી એમાં કટુતા, ક્લેશ તથા અશાંતિની બોલબાલા થઈ જાય છે. જે સ્ત્રી-પુરૂષો પરસ્પર દેહના આકર્ષણથી, ધન-સંપત્તિના લોભથી અથવા નિરૂદ્દેશ્ય દાંપત્ય-જીવનમાં ઘુસે છે તેમને માટે આગળ જતા એ જીવન નિભાવવું મુશ્કેલ થઈ જાય છે. જ્યાં આ પ્રકારના લગ્ન સંબંધો સ્થપાય છે એ સમાજ કદી ઉન્નત થઈ શકતો નથી કારણ કે ગૃહસ્થાશ્રમ જ એની કરોડ છે. એટલું તો સ્પષ્ટ જ છે કે ધન, સુંદરતા અથવા બીજા કોઈ આકર્ષણને આધારે સ્થાપિત થયેલા લગ્ન સંબંધોથી ગૃહસ્થાશ્રમની સફળતા શક્ય નથી. આ પ્રકારની પ્રવૃત્તિઓ દંપતિની સાથે સાથે સમાજ અને માનવતા માટે હાનિકારક પુરવાર થાય છે.

ગૃહસ્થાશ્રમ જીવનના પવિત્ર અને ઉત્તમ ધ્યેયની પૂર્તિ માટે છે. તાત્કાલિક લાભ અને વ્યક્તિગત સુખને લક્ષ્ય રાખીને ચાલવું એ ગૃહસ્થ જીવનની મશ્કરી છે. એનું પરિણામ છેવટે દુઃખ, ક્લેશ, અસંતોષ અને પરેશાનીઓમાં જ આવે છે ગૃહસ્થાશ્રમમાં જ સમાજ-સંસારની ઉન્નતિ સાધવાના અવસર છે. સ્ત્રી-પુરૂષ એક બીજા પ્રત્યે વ્રતશીલ બનીને એક નિષ્ઠા સાથે પોતાનાં કર્તવ્યોનું પાલન કરે છે. એમાં સંયમની ઉપાસના કરતા કરતા ચંચળતા અને અસંયમનો સંપૂર્ણ રીતે ત્યાગ કરીને, એક દિવસ ગૃહસ્થ-જીવનને વિશુદ્ધ બનાવવાની સ્થિતિમાં પણ પહોંચી જવાનું જ જરૂરી હોય છે.

આજે ગૃહસ્થાશ્રમનો કોઈ પવિત્ર ઉદ્દેશ્ય આપણી સમક્ષ રહ્યો નથી. વાલીઓની ઈચ્છા અથવા દહેજનો લોભ અથવા દૈહિક વાસના મય આકર્ષણ વગેરેથી પ્રેરાઈને લગ્ન સંબંધો સ્થપાય છે. પછી ગુજારો કરવા લાયક કોઈ કામ ધંધો કરવો, બાળ-બચ્ચાનું ગમે તેમ ગુજરાન કરી લેવું, થોડા ઘણા પૈસા અથવા પદ-પ્રતિષ્ઠા કમાઈ લેવાં એ જ ગૃહસ્થ-જીવનનો ઉદ્દેશ્ય રહી ગયો છે.

> ઉપદેશ માત્ર સ્વભાવ બદલી શકતો નથી. ગરમ પાણી તો થોડી વારમાં ફરીથી ઠંડું થઈ જાય છે

એનાથી બહાર કોઈ ઉચ્ચ ઉદ્દેશ્ય, ઉચ્ચ વિચાર, ઉત્તમ સંસ્કારો અને ઉત્તમ ભાવનાઓના માટે કોઈ સ્થાન હોતું નથી. આજના મોટા ભાગના ગૃહસ્થોની જીવન-પદ્ધતિ પોતાની ઈચ્છા, વાસના અને કામનાઓથી પ્રેરાઈને આદર્શહીન સામાન્ય જીવન વીતાવવાની હોય છે. પરંતુ એનાથી વ્યક્તિ અને સમાજ બેમાંથી કોઈનું હિત સધાતું નથી. દરેક વર્ષે લાખો દંપત્તિઓ ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરે છે અને તેઓ પોતાનાથી પહેલાંની પેઢીની મૂર્ખ ભૂલોને બેવડાવીને નિરૂપયોગી જીવન વીતાવે છે. આ ખોટી પ્રણાલીને સુધારવાની જરૂર છે. ગૃહસ્થાશ્રમને મનુષ્યના વિકાસ અને ઉન્નતિનો આધાર બનાવવાને માટે એના મહત્વને સમજવું જોઈએ.

ગૃહસ્થાશ્રમ માનવ જીવનને વિકસિત કરવાનો અને મહાનતા તરફ પ્રયાણ કરવાનો રાજમાર્ગ છે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# આધ્યાત્મિક કામ વિજ્ઞાન—એક મહાન તથ્ય—૨

**આ** સમગ્ર વિશ્વમાં શક્તિનો સાગર લહેરાઇ રહ્યો છે. બ્રહ્માજીને બે પત્નિઓ છે તે બાબતની ચર્ચા પુરાણોમાં જોવા મળે છે. એકનું નામ ગાયત્રી અને બીજીનું નામ સાવિત્રી છે. એકને અપરા પ્રકૃતિ અને બીજીને પરા પ્રકૃતિ કહેવામાં આવે છે. બીજા શબ્દોમાં તેને ચેતન અને જડ સૃષ્ટિ પણ કહી શકાય. જડ શક્તિ તે છે કે જે અણુ શક્તિની પાછળ પ્રેરણા આપતી સત્તાથી શરૂ થાય છે. નાભિક ન્યુાકલયસનાં અંતરાળમાં ભરેલી અગણિત અને અદ્ભૂત ગતિ વિધિઓ અને દિશા-વિદિશાઓના રૂપમાં જેનો પરિચય મળી શકે છે. ભૌતિક જગત એનાથી જ ફેલાયેલું છે. ઇન્દ્રિઓથી જેનું સ્વરૂપ દેખી-જાણી શકાય છે અને જે ઈન્દ્રિયાનીત શકિતઓને જેના સાધનથી પકડી શકાય છે તે બધી જ દૃશ્ય-અદૃશ્ય શકિતઓ કંઇ હલન ચલન વગરની નથી. પણ તે શકિતઓમાં ચિંતન કરવાની શકિત ન હોવાથી તેને જડ કહેવામાં આવે છે. જડ પ્રકૃતિ એટલે ગતિ હીન પ્રકૃતિ—એમ નહિ મનવું. શકિતમાં જો ગતિ ન હોય તો તેને શકિત કેમ કહેવાય. બોલવા-ચાલવાની ભાષામાં તેને જડ-દાર્શનિક ચર્ચામાં તેને પરા, પૌરાણિક, અલંકારોમાં તેને સાવિત્રી કહેવામાં આવે છે. જેટલું અને જેવી રીતે આ જગત દેખાઈ રહ્યું છે-જણાઇ રહ્યું છે. તેને સાવિત્રી કહેવું જોઇએ. જે વિચારની-ભાવનાની ઉત્સાહની શકિત છે તેને ગાયત્રી કહે છે. પુરાણોનું ઉપરોકત અલંકારિક ઉપાખ્યાન-પ્રતિપાદન કરે છે કે બ્રહ્મ પરમેશ્વર તેની પરા અને અપરા પ્રકૃતિના જડ અને ચેતન વિભૂતિઓના માધ્યમથી સમસ્ત સૃષ્ટિનો ઉદ્ભવ, પોષણ અને પ્રત્યાવર્તન કરે છે.

મનુષ્ય આ પરા અને અપરા પ્રકૃતિઓનું સજીવ સંમિશ્રણ છે. શરીર પંચ તત્ત્વોનું બનેલું હોવાથી જડ છે. આત્મા વિચારશીલ અને ભાવ સંપન્ન હોવાથી ચેતન છે. જડ અને ચેતનનો આ સંયોગ જ મનુષ્યની અદ્ભૂત પ્રતિભાનો સ્રોત છે, જે નિમ્ન વર્ગના જીવ-જંતુઓનું ચેતન જેટલું નિર્બળ છે એટલા જ તે (મનુષ્યોથી) હલકા છે એમ માનવું. આ માનવ કાયામાં ઉત્કૃષ્ટ પ્રકારની પરા અને અપરા પ્રકૃતિને પરમેશ્વરે સારી રીતે નિયોજીત કરેલ છે. એટલા માટે જ આપણે અગણિત સંપદાઓ અને વિભૂતિઓના અધિપતિ બની શકયા છીએ.

માનવ કાયામાં આ બે શક્તિઓનાં બે કેન્દ્રો આવેલાં છે. સાવિત્રી એ જડ પરા પ્રકૃત્તિનું કેન્દ્ર છે. મૂલાધાર ચક્રમાં કુંડલિની મહાશકિત અત્યંત પ્રચંડ સ્તરની શકિતઓને દબાવીને બેઠી છે. પુરાણો તેને મહાકાલિ કહીને પોકારે છે.

બીજા શબ્દોમાં તેને કામ-શકિત પણ કહેવાય. કામ-શકિતનો અનુપયોગ, સદુપયોગ, દુરૂપયોગ-વગેરે કેવી રીતે મનુષ્યના વ્યકિતત્વનો પ્રભાવિત કરે છે. એ બાબતને આધ્યાત્મિક કામ વિજ્ઞાન કહેવું જોઇએ. આ શકિતનો ખૂબ જ સમજણ પૂર્વક પ્રયોગ કરવો જોઇએ, એ જ બ્રહ્મચર્યનું તત્ત્વ જ્ઞાન છે. વિજળીની શકિતથી અનેક કાર્યો થઇ શકે છે. અનેક લાભો ઉઠાવી શકાય છે. તે વસ્તુનો સારી અને સાચી રીતે ઉપયોગ કરવામાં આવે તો જ ઉકત લાભો મેળવી શકાય અને જો તેના ઉપયોગમાં જરાયે ભૂલ થઇ જાય તો એની એ વિજળી ઉપયોગીને બદલે પ્રાણઘાતક સિદ્ધ થાય.

જેવી રીતે ધન કેટલું છે, કયાં છે વગેરે બાબતને ખાસ કરીને લોકો ગુપ્ત જ રાખે છે. એવી રીતે કામ-શકિત પણ ગુપ્ત રાખવા જેવી બાબત ગણાય છે. તેની અનાવશ્યક ચર્ચા કરવાથી

આધ્યાત્મિક કામ શકિતનો સમજણ પૂર્વક પ્રયોગ કરવો.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આહત થવાની આશંકા રહે છે. એવી જ રીતે કામ-તત્વને ગુપ્ત જ રાખવામાં આવેલું છે. પણ તેની મહત્તા, સત્તા અને પવિત્રતાની બાબતમાં ક્યારેય કોઇએ પણ ઇન્કાર કર્યો નથી. તે (કામ-શકિત) ઘૃણાજનક નહિ પવિત્રમાં પવિત્ર છે. તે ધિક્કારવા જેવી નથી વંદન કરવા યોગ્ય છે. ભારતીય અધ્યાત્મ શાસ્ત્રની અંદર શિવ અને શકિતનો પ્રત્યક્ષ સમન્વય જે પૂજા-પ્રતિકમાં પ્રસ્તુત કરવામાં આવ્યો છે. તેથી ઉકત રહસ્યનું સહજ રીતે ઉદ્ઘાટન થઇ જાય છે. શિવને પુરૂષની જનનેન્દ્રય અને પાર્વતીને નારીની જનનેન્દ્રયનું સ્વરૂપ આપવામ આવ્યું છે. તે બન્નેનો બનેલો શ્રી વિગ્રહ (તે બન્નેની બનેલી મૂર્તિ) જ આપણા દેવ મંદિરોમાં સ્થાપિત થયેલી છે. તે અશ્લીલ નથી. તે સૃષ્ટિમાં સંચરણ અને ઉલ્લાસ ઉત્પન્ન કરનાર પ્રાણ અને રયી-અગ્નિ અને સોમના સંયોગથી ઉત્પન્ન થતા મહાન શકિત પ્રવાહનો સંકેત છે. આ તત્ત્વ જ્ઞાનને જાણવું એ ઘૃણાજનક કે અશ્લીલ નથી પરંતુ શકિતનો ઉદ્ભવ, વિકાસ અને વિનિયોગનો ઉચ્ચ સ્તરના વૈજ્ઞાનિક તથ્યો પર આધારિત એક દિવ્ય સંકેત છે. જો એવું ન હોય તો આપણા ત્રિકાળદર્શી અને ઇશ્વરના સમકક્ષ સ્તર સુધી પહોંચેલા તપોમૂર્તિ પૂર્વજો ભગવાન શિવ અને તેમની સ્ફૂરણ શકિત (પાર્વતી) નો સમન્વય મંદિરોમાં સ્થાપિત કરત નહિ દરેક વસ્તુનો દુરૂપયોગ જ ધિક્કારવા જેવો ગણાય. અમૃતનો પણ દુરૂપયોગ કરવાથી તે વિષ બની જાય છે. કામ-શકિત સ્વયં ઘૃણાપાત્ર નથી જ, પરંતુ જેના દ્વારા આટલી બધી બહુમૂલ્ય જ્યોતિ ધરાને શરીરને જર્જરિત અને મનને અધઃ-પતિત કરવા માટેનો આવવેક પૂર્વક ઉપયોગ કરવામાં આવે છે એ વિટંબણા જ ઘૃણાજનક છે. સાવિત્રી ( રૂપી )-કુંડાલનો ( સાવિત્રીનો-કુંડલિનો) પ્રાણ-કામ પતિત કેવી રીતે હોઇ શકે ?

તે તો દેવતાઓની પંકિતમાં અતિ સન્માન પૂર્વક વિરાજમાન થતો આવ્યો છે. એક તથ્ય છે કે, જે જેટલો ઉત્કૃષ્ટ હશે, તે જો વિકૃત થાય તો તે તેટલી જ વિકૃત કક્ષાનો બની જશે. કામ-તત્વના સંબંધે પણ સિદ્ધાંત લાગુ પડે છે. જ્યારે કામ વિદ્રોહી અને ઉચ્છૃંખલ બન્યું અને અવ અ્છનીય ચેષ્ટા કરવા લગ્યું ત્યારે તેના શમનનો પ્રયોગ કરવો પડયો. ભગવાન શિવે ત્રીજું નેત્ર ખોલીને તેની ઉકત ચેષ્ટાઓને બાળી દીધી હતી. તેના અસ્તિત્વનો નાશ ન કર્યો પરંતુ તેનો વરદાન આપીને અજર-અમર બનાવી દીધું. ખરેખર જો 'કામ' ઉપયોગી ન હોય તો શિવજી તેનો ત્રિપૂરા-સૂરની જેમ સમૂળગો નાશ કરી નાંખત પરંતુ શિવજીએ તેમ ન કર્યું. જો એવું કર્યું હોત તો આ સંસારમાં મહાન દુર્ઘટના સર્જાત. પ્રાણીઓ અશકત, નીરસ, નિરાશ, નિરીહ અને મરણાસન્ન જીવન જીવતાં જીવતાં મૃત્યુ જેવા દિવસો વિતાવી રહ્યા હોત. આ સૃષ્ટિમાં આનંદ અને ઉલ્લાસ જેવી ઉમંગ અને ઉત્સાહ જેવી શકિત, પ્રગતિ, શ્રી અને સમૃદ્ધિને ઉત્પન્ન કરનારી પરિસ્થિતિ જોવા પણ ન મળી શકત.

બ્રહ્માની બીજી પત્ની-શકિત-ગાયત્રી જેને વિચારણા અને ભાવના કહેવાય છે. તે પોતાના સ્થાન પર અતિશય મહત્વની છે. માનવીય ચિંતનોનો ઉચિત નિર્દેશ તેના દ્વારા જ થઇ શકે છે. ઋતમ્ભરા પ્રજ્ઞા જ નર-પશુને નર-નારાયણ બનાવે છે. સમગ્ર ધર્મ-શાસ્ત્ર, તત્ત્વ-જ્ઞાન, સ્વાધ્યાય, સત્સંગ, મનન, ચિંતન તેની જ ક્ષેત્ર-પરિધિમાં આવે છે. તેના પ્રકાશ વિસ્તાર પર કોઇ જ પ્રતિબંધ ન હોવાથી અતિતથી માંડીને અદ્યા-વધિ પર્યન્ત ઘણું ઘણું કહેવામાં-સાંભળવામાં આવ્યુ છે. "યુગનિર્માણ યોજના" માં પણ ઉકત વિષયની ચર્ચા થતી રહી છે. જેની ચર્ચા બાકી હતી તે 'સાવિત્રી'ની (ચર્ચા બાકી હતી). કુંડલિની શકિતને ગુપ્તતાનું ઉદ્ઘાટન કરવાની બાબતથી દૂર રહેવાની જ પરંપરા ચાલી આવી છે. ગુપ્તતાની મર્યાદા જ્યાં સુધી રહી ત્યાં સુધી તેને તંત્ર વિદ્યાના માધ્યમથી કોઇને કોઇ

કામ શકિતની અનાવશ્યક ચર્ચા અહિતનું જ સ્વાગત કરે છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

રૂપે રજુ કરવામાં આવી છે. પરંતુ જ્યારે દુરુપયોગનો વિગ્રહ અતિ ઉગ્ર સ્વરૂપ લેવા લાગ્યો ત્યારે તે બાબત અશ્લીલતા સુધી પહોંચી ગઇ. તેનો ઉપયોગ કરનારા અસૂર અને દુષ્ટ બનવા લાગ્યા, ત્યારથી તેની ચર્ચા પણ અધિક અસ્પૃશ્ય બની ગઇ. જ્યાં સુધી તાંત્રિક યુગ રહ્યો ત્યાં સુધી સ્નાયુ મંડળમાં વિચરણ કરી રહેલી આ મહાક લિની વિવેચના અને સાધના સન્માનિત રહી. દશ મહાવિદ્યાઓ કે જેની સાધનાથી ભૌતિક જીવનમાં રિદ્ધિ-સિદ્ધિઓનું અદ્‌ભુત સંચરણ કરી શકાય છે—એનો આધાર સ્તંભ તો તંત્ર-વિજ્ઞાન જ છે. આ દશ દેવીઓનું પૂજા-પ્રકરણ અમે અમારા 'તંત્ર-વિજ્ઞાન' નામક ગ્રંથમાં પણ લખ્યું છે, પરંતુ ગહન ક્ષેત્રમાં પ્રવેશ કરવાથી એટલું તો સ્પષ્ટ જણાઇ આવે છે કે—વસ્તુસ્થિતિ પૂજા ઉપાસના પૂરતી જ મર્યાદિત નથી. તેને તો જીવનની જ્યોતિમયી શક્તિ પીઠ જ કહેવી જોઇએ. દશ મહાવિદ્યા એ માત્ર પૂજા-સાધનામાં પ્રયુક્ત રહેનારી દેવીઓ નથી જ. પરંતુ માનવીય ચેતનાની સમસ્ત ક્રિયા-પ્રક્રિયાઓમાં વ્યાપ્ત શક્તિ-નિર્ઝરિણી છે. જેમાં સ્નાન, અવગાહન કરવાથી મનુષ્ય સામાન્ય ન રહેતાં અસામાન્ય બની જાય છે—તુચ્છતાનું કલેવર ઉતારી દઇને મહાનતાની ભૂમિકામાં પ્રવેશ કરે છે.

સમય આવી ગયો છે કે, કામ-વિદ્યાના તત્વ-જ્ઞાનને સંયત અને વિજ્ઞાન-સંમત પ્રતિપાદિત કરવાનું સાહસ કરવામાં આવે અને સંકોચનો તે પડદો ઉઠાવી લેવામાં આવે, પરંતુ તેમ કરવાથી આ મહાન વિદ્યાની વિવેચના દરેક સ્તરે અશ્લીલ જ માનવામાં આવશે—તેને તો દરેક સ્થિતિમાં ગોપનીય જ રહેવા દેવી જોઇશે. ઉક્ત સંકોચ માનવ-જાતિને એક મહાન લાભથી વંચિત જ રાખશે. તેની ચર્ચા કરનારને લોકે હલકા-સ્તરનો સમજશે તેનું ગૌરવ ઘટી જશે. શરીર શક્તિનું શિક્ષણ આપનારા અધ્યાપકો જનનેન્દ્રિયોનાં સ્વરૂપો સમજાવવામાં સંકોચવશ થઇને પોતાના વિદ્યાર્થીઓને તેના મહત્વપૂર્ણ જ્ઞાનથી વંચિત નથી રાખતા. જો આ સંકોચ શીલતા છોડવામાં ન આવે તો યોનિ સંબંધી રોગોના ચિકિત્સકો ક્યાંથી બહાર આવી શકે ? તો આ સંબંધી ચિકિત્સા જ કોણ કરત ? પ્રસવ કાળની સહાયતા અને ગર્ભાશયની શલ્ય-ક્રિયા ક્યાંથી સંભવી શકત ? જ્યાં અશ્લીલતા અને કુત્સાઓ ઉત્પન્ન થતી હોય એવી બાબતમાં આવો સંકોચ રાખવો એ ઉચિત છે. પ્રતિબંધ તો પશુતા જાગૃત કરનારી અશ્લીલતા-કામૂકતા-વાસના વગેરેની આત્મઘાત પ્રવૃત્તિ અને તેના પ્રસારણ પર હોવો જોઇએ. સૃષ્ટિની સંચરણ પ્રક્રિયા અને માનવ-જીવનની અતિશય મહત્વપૂર્ણ અને પ્રેરક-પ્રવૃત્તિની દિશા-વિદિશા જાણવા માટે વંચિત રહેવું, એ ખરેખર તો આપણા જ પગ પર કુહાડા મારવા સમાન છે. ઉચિત જ્ઞાનના અભાવે જ પ્રક્ષિપ્ત જ્ઞાનને વિસ્તરવાનું ક્ષેત્ર મળે છે. કામ-વાસના એ મનુષ્ય જીવનની એક અતિ પ્રબળ પ્રવૃત્તિ છે. તેની હલચલથી મસ્તિષ્ક ઉત્તેજીત બને છે. તેના ફળ સ્વરૂપે વ્યક્તિ કામ-શક્તિની બાબતમાં કંઇકને કંઇક પૂછવાની-કહેવાની તેના વિષે વાંચવાની જાણવાની ઘણી ઉત્કંઠા રાખે છે—ઘણી શોધ ખોળ કરતી હોય છે. ઉચ્ચ સ્તરીય જ્ઞાન ન હોવાથી તેવી વ્યક્તિને હલકી, વિકૃત અને અનિચ્છનીય વસ્તુ હાથ લાગે છે અને તેનાથી તો તે આત્મઘાત જ નોતરે છે. આવી સ્થિતિથી બચવા માટે પણ એટલું આવશ્યક છે—જરૂરી છે કે કામ પ્રવૃત્તિની રહસ્યપૂર્ણ જાણકારી સર્વ સાધારણને પ્રાપ્ત થાય અને તેના આધારે તેને પોતાના વ્યક્તિ-વિકાસ અને શક્તિ-સંતુલનમાં સહાયતા મળતી રહે.

હાલની પરિસ્થિતિમાં રહેલા ભારતીય જનોને આધ્યાત્મિક કામ-વિજ્ઞાનનો પ્રથમ પાઠ શિખવવો જોઇએ કે, તેઓ પ્રકૃતિ અને પુરૂષની સમીપતા અને એકતાને—તાત્વિક દૃષ્ટિથી જુએ અને તેનો એવી રીતે સમન્વય કરે કે જેમ એક જ શરીરમાં

કામ પ્રવૃત્તિની જાણકારી વ્યક્તિ-વિકાસ અને શક્તિ-સંતુલન માટે આવશ્યક છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

રહેનાર આ બે તત્વો જાણે સહજ ભાવથી જ રહ્યા હોય. મસ્તિષ્ક પ્રાણનું-અગ્નિનું-બ્રહ્મનું પ્રતીક છે. મૂળાધાર કામ સંસ્થાન-રયીનું- સોમનું-પ્રકૃતિનું પ્રતીક છે. એ બન્ને એક જ શરીરમાં ઓતપ્રોત થયેલા અને પાસે-પાસે જ રહેલાં છે. આ બન્નેની આવી સ્થિતિ કોઇ જાતનો ઉપદ્રવ કરતી નથી પરંતુ એક જાતની અપૂર્ણતાનો પૂર્ણતામાં વિકાસ કરે છે. બન્ને પૃથક્ અંગોની સીમામાં વિકસિત થઇને તે પ્રક્રિયામાં એકથી બે માં અને બેથી ઘણાંમાં વિકસિત થાય છે. નર અને નારી એ બન્ને મનુષ્ય જ છે અને બન્નેના અસ્તિત્વમાં પ્રત્યક્ષ રૂપે કોઇ જ અંતર દેખાતું નથી. બન્નેની યોગ્યતા, શક્તિ અને મર્યાદા લગભગ એક સરખી જ માનવી જોઇએ. પરંતુ જો સૂક્ષ્મતાના ઉંડાણથી જોવામાં આવે તો તેમની મૂળ પ્રવૃત્તિમાં જાણવા મળશે કે—નર કે જ્યાં પ્રાણનું-પૌરુષનું બાહુલ્ય રાખતો હશે ત્યાં નારી-શીતળતા સૌજન્યની ભાવનાનું પ્રતિનિધિત્વ કરી રહી હશે. બન્નેની પોત પોતાની વિશેષતાઓ છે અને તેનું મહત્વ સમાન રૂપે મૂલ્યવાન છે. બન્ને એક બીજાના પૂરક છે. સમીપતાથી બન્ને એક બીજાને ઘણું ઘણું આપે છે. એક બીજાના વિરોધી નથી પણ પૂરક છે. એટલા માટે તેમણે પરસ્પર અછુતની જેમ ન રહેવું જોઇએ. પાછળના દિવસોમાં—સામંતશાહી યુગમાં નારીનું ખૂબ જ દુઃખદ અને દુર્ભાગ્ય પૂર્ણ ચિત્રણ કરી દીધું હતું. તેનું સ્વર્ગની દેવીના ઉચ્ચ સ્થાનથી ઘસડીને વેશ્યા જેવી નારકીય સ્તર સુધીનું ચિત્રણ દોરવામાં આવ્યું હતું. તેને માત્ર કામિની અને રમણી જ રહેવા દીધી. નારીને કળાને નામે ફક્ત ઘૃણા જનક વાસનાની પ્રતિ-મૂર્તિ સમી શણગારીને રાખવામાં આવી. ગતિ, કાવ્ય, ચિત્ર, મૂર્તિ, અભિનય, નૃત્ય, સાહિત્ય આદિ કળાના જેટલા પ્રકાર હતા તે બધાએ મળીને નારીને યૌન લિપ્સાની પૂર્તિને માટે પ્રયુક્ત થનારી ભોગ સામગ્રીના રૂપમાં પ્રતિ-પાદિત કરી. મસ્તિષ્ક એ જ બીબામાં ઢળતું આવ્યું અને નારીનો સ્વાભાવિક-વેષ-વિન્યાસ એવી રીતે રચવામાં આવ્યો કે જેનાથી વાસના જ ઉત્પન્ન થાય એટલું જ લક્ષ્ય દેખાવા લાગ્યું. આજ સર્વત્ર નારી કુરૂચિપૂર્ણ, સાજ-સજાવટમાં અલંકૃત બનીને નજરે પડે છે એનું મુખ્ય કારણ તો સામંતશાહી યુગ જ કાર્ય કરી રહ્યો છે. આમ તો તાત્વિક રીતે જોઇએ તો નારીનું આ ઘોર અપમાન છે કે તેણીને નરની વાસના ઉત્પન્ન કરવા માટે આવી વેશ-ભૂષાનો સ્વીકાર કરવો પડે છે. જરૂર એક દિવસ એવો આવશે કે તે પોતાના પર લાદેલા આવરણો પ્રત્યે વિદ્રોહ કરશે અને નર-નારીની સમાન વેશ ભૂષાનું પ્રચલન થશે. નર-નારીને આકર્ષિત કરવા માટેની દૃષ્ટિથી સજાવટ નથી કરતો—સાધન, શ્રૃંગાર વગેરે નથી રાખતો તો પછી નારી જ શા માટે આવી સજાવટ અને વેશ-ભૂષાનો અંગીકાર કરીને પોતાની હીનતાનો પરિચય કરાવે ? ભોગ્યા હોવાનું પ્રદર્શન એ પોતાના વ્યક્તિત્વનું અપમાન છે. એમ શું તે ન સમજે ? એક દિવસ એવો આવશે જ અથવા નરને પોતાને જ ઉક્ત બાબતથી સમજવું પડશે અથવા જાગૃત નારી તે સમસ્ત બૌદ્ધિક દુરભિસંધિઓને જે તેને તિરસ્કાર પાત્ર, હીન, ઘૃણીત, ભોગ્યા, રમણી, કામિની જેવાં લાંછનોથી તિરસ્કૃત કરે છે એવી કળાના નામે ગૂંથાઇ ગયેલ કરોળિયાનાં જાળાંને તોડીને ફેંકી દેશે.

નારીનું જે સ્વાભાવિક સ્થાન છે તે તેને મળવું જ જોઇએ. સમાજમાં તેને પુરુષનું પૂરક બનીને રહેવું જોઇએ. નારીની અછૂત-અસ્પર્શ સ્થિતિ જે અત્યારે જોવામાં આવે છે તેનું એક માત્ર કારણ રુગ્ણ મનોવૃત્તિ છે. તેથી જ નારીનું અસ્તિત્વ કામ-સેવન પૂરતું જ માની લેવામાં આવ્યું છે. જો તેને બહેન, બેટી, મા, મિત્ર અને પૂરક માનવામાં આવે તો જે રીતે બે પુરુષોના સાન્નિધ્યથી કામ-પ્રવૃત્તિ જાગૃત થવાનો કોઇ ડર નથી, તેવી જ રીતે નર-નારીની વચ્ચે પણ અકારણ કલુષ-કષાય ઉત્પન્ન ન થાય. વાસના કે વિકારને માટે નરનું

**નારીનું સજાવટ અલંકૃત થવું એ તેનું ઘોર અપમાન જ છે.**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

કે નારીનું અસ્તિત્વ દોષિત નથી. ફક્ત એની મનોવૃત્તિ દોષિત છે કે જે–અનિચ્છનીય તત્વોમાં રહેલ ભ્રમ-જંજાળના રૂપમાં કાગળના રાવણની જેમ બનાવીને ઉભી કરી દીધી છે.

આજ આપણા સમાજમાં નારીને નરથી સર્વથા દૂર જ રાખવામાં આવે છે. નર–નારી ક્યાંક ભેગાં મળે, વાતો કરે, હંસે–બોલે તો તે વ્યભિચાર કરતાં હોય એવું જ વિચારવામાં આવે છે, પછી ભલેને તે પ્રસંગ ગમે તેટલો પવિત્ર રહ્યો હોય. આ આપણી તુચ્છતાનું ઘૃણિતમાં-ઘૃણિત સ્વરૂપ છે. નારી ધિક્કારવા જેવાં હલકા પ્રયોજન સિવાય પુરુષની સાથે વાત જ નથી કરતી, તેના મનમાં કુત્સા સિવાય કંઇ હોતું જ નથી, આવું આવું વિચારીને જ પડદા જેવા કઠોર પ્રતિબંધ જેવી જંજીરોમાં તેને બાંધી રાખવાની પ્રથા નિસ્સંદેહ ખૂબ જ ઘૃણાજનક અને છીછરી-હલકી મનોવૃત્તિનો-પરિચય કરાવે છે. આપણે આ દુર્બુદ્ધિમાં ફસાઇ ગયા છીએ. પડદાની પ્રથા હજુ સુધી ચાલુ રહી છે. તે ભારતીય સમજન. ચારિત્ર્યના પછાતપણાને પ્રદર્શિત કરે છે. એમાં લાભ રતી ભાર નથી, પણ હાનિ અપાર છે. નારીમાં હીનતાની ભાવના ઘર કરી ગઇ, તેનું સાહસ ચાલ્યું ગયું, પરાવલંબી બની ગઇ, ડગલેને પગલે નિરાશા છાઇ ગઇ, પ્રગતિની દિશામાં તે કશું જ સાહસ કરી શકતી નથી, સ્વાવલંબનનો વિચાર કરતાં ડરી જાય છે. આવી સ્થિતિને લીધે તેના વ્યક્તિત્વને એટલું બધું દુર્બળ બનાવી દીધું છે કે ડગલેને પગલે પદ-દલિત થઇ ગઇ છે. ઉચ્ચ-વર્ણની હિંદુ કન્યાના લગ્ન કરતી વખતે ઘણી બધી રકમ દહેજ આપવી પડે છે. વિના મૂલ્યે નારી મળે એ નરનું અસામાન્ય સૌભાગ્ય છે આ સૌભાગ્યનું મૂલ્ય કંઇ પણ ન ગણવામાં આવે અને તેને અતિ તુચ્છ માનીને દહેજ મળે તો જ તેનો સ્વીકાર કરવામાં આવે એ નારીની તુચ્છ-તાનું કેટલું દયાજનક અને હૃદય વિદારક દુર્દશાનું દુર્ભાગ્ય ગણાય. તેનો બધો જ દોષ તે મનોવૃત્તિને જ છે કે જે મનોવૃત્તિએ નારીને ભોગ્યા ગણી અને બીજી ભોગ્ય સામગ્રીઓની જેમ પોતાને માટે સંગ્રહ કરવાની દૃષ્ટિ જ રાખવામાં આવી. આ બંધનથી નારી એટલી બધી દુર્બળ બની ગઇ કે તે સમાજને માટે—પરિવારને માટે—પોતાને માટે કેવળ ભારરૂપ બની રહી છે.

આવી સ્થિતિનો અંત કરવો જ જોઇએ, સર્વ સાધારણને એવું સમજાવવું જ જોઇએ કે નારી ન તો ભોગ્યા છે—ન તો રમણી કે—કામિની એ પણ મનુષ્ય જ છે, અગણિત વિભૂતિઓની સ્વામીની છે. નરની પૂરક છે. નર-નારી બન્ને હળી-મળીને સહયોગી સહચરની જેમ રહે એ સ્વાભાવિક, ઉચિત અને ન્યાય સંગત છે. પ્રતિ-બંધોની બાબતમાં જે વ્યભિચાર પર નિયંત્રણ કરવાની બાબતો વિચારવામાં આવે છે, તે સર્વથા નિરર્થક છે. વ્યભિચાર માત્ર ક્રિયા જ નથી વસ્તુતઃ દૂષિત દૃષ્ટિનું જ પરિણામ છે. જેનામાં દૃષ્ટિનો દોષ ભરપૂર છે તે અવિવાહિત હશે તો પણ વ્યભિચારનો દંડ ભોગવશે અને જેની ભાવના પવિત્ર હશે તે વિવાહિત હોવા છતાં પણ બ્રહ્મ-ચારી છે. આપણે આવી પ્રવૃત્તિનો વિકાસ કરવો જોઇએ, નારીને રમણી-કામિનીની ભાષામાં વિચારવી બંધ કરી દેવું જોઇએ. કળાના નામે જે દુષ્ટ દુરાત્માઓએ નારીને વેશ્યાને સ્થાને પહોંચાડવા સુધીની રમત કરી છે તેવાઓને અપરાધીઓની પંક્તિમાં ઉભા રાખવા જોઇએ. નારી પણ નરની જેમ માત્ર મનુષ્ય છે અને મનુષ્યને મનુષ્યનો સહયોગ-સંપર્ક રાખવાની છૂટ હોવી જ જોઇએ તે માનવીય અને સામાજિક ન્યાયની માગણી છે તેને વધુ દિવસો સુધી નિર્દયતાથી દબાવી દેવી ન જોઇએ. પરસ્પર પૂરક રહીને સહયોગ અને સદ્ભાવની, સ્નેહ અને સૌજન્યની ભાવનાઓનો વિકાસ કરતાં કરતાં આપણે યોગ્ય અને સ્વાભાવિક સ્થિતિનો સમાજ નિર્મિત કરી શકીશું. આધ્યાત્મિક દૃષ્ટિએ તો એ ખૂબ જ આવશ્યક છે. પ્રાણ અને રયીની સમીપતા

---

**વાસના–વિકાર માટે નર-નારી દોષિત નથી, દોષિત છે તેની મનોવૃત્તિ.**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

વિના આંતરિક ઉલ્લાસ-ઉદ્ભવી નહિ શકે. પત્ની વિનાની સરસતા, બહેન વગરનું સૌહાર્દ, પુત્રી વિના સ્નેહ વગેરેની ધારાઓ સૂકી જ પડી રહેશે અને નારીને અછુત માનનારો નર સ્મશાનમાં રહેતા પ્રેત-પિશાચની માફક એકાકીપણાની આગમાં બળતો રહેશે આવી જ રીતે પ્રતિબંધિત નારી પણ મણિ વગરના સર્પની માફક ભૂલી-ભટકી બહાવરી જેવી અશાંત, ઉદ્વિગ્ન અને અવિકસિત જ રહેશે. આવી અવાંછનીય સ્થિતિ કે જે ગર્હિત કામ-વિજ્ઞાને ઉત્પન્ન કરી છે તેને બહિષ્કૃત, પરિસ્કૃત કરવી જ પડશે. તો જ બ્રહ્મ અને પ્રકૃતિના સાન્નિધ્યની જેમ નર-નારીનો સ્નેહ, સદ્ભાવ વધવાથી સૃષ્ટિનો, માનવ-સમાજનું સૌંદર્ય અને પ્રકાશ વધતો જ જશે, ઘટશે નહિ.

યૌન સંપર્ક એ એક વિશેષ પ્રક્રિયા છે. તેની પાછળ અગ્નિ અને સોમના મિલનથી ઉત્પન્ન થતી એક વિદ્યુત સંચારની વિશેષ પ્રક્રિયા સન્નિહિત છે, એટલા માટે તેની ઉપયોગિતા અને પવિત્રતા પર અધિકમાં અધિક ધ્યાન રાખવામાં આવે છે. પણ તે પ્રયોજન અનાવશ્યક પ્રતિબંધોથી નહિ થઇ શકે. એ પ્રતિબંધ તો આવી દુષ્ટ માન્યતાઓને જ બળ આપશે કે જે પ્રમાણે વ્યભિચાર સિવાય બીજા કશાં જ પ્રયોજનને માટે નર-નારી ચર્ચા જ ન કરી શકે. વર્તમાન પ્રતિબંધીની અવાંછનીયતા સમજી લેવી જોઇએ અને તેને એ દૃષ્ટિથી શિથિલ અને સમાપ્ત કરી દેવા જોઇએ કે નર અને નારી સ્વેચ્છાથી સદ્ભાવની મહત્તા સ્વીકાર કરી શકે અને અધિકમાં અધિક પવિત્રતા પૂર્વક, સહયોગ અને સૌજન્યતા પૂર્વક પ્રગતિની દિશામાં એક બીજાનાં પૂરક બનીને સાહસપૂર્ણ કદમ ઉઠાવી શકે. (ક્રમશઃ)

—:★:—

---

મહર્ષિ રમણના સંબંધમાં લોકો વાતો કરતા કે એને તો ભગવાન મળ્યા છે. તેઓ પ્રભુની દરરોજ મુલાકાત લેતા હોય છે. તેમના આચાર-વિચાર અને રહેણી-કરણી પરથી એ વાત માત્ર કપોળ કલ્પિત તો કહી શકાય જ નહિ. તેની આંખોમાં શાંતિનો અગાધ સાગર, ચહેરા પર સૌમ્યતા, શરીર પર તેજ અને નિશ્ચલ સ્થિતિ પરથી તેની સ્થિર પ્રજ્ઞાનો સ્પષ્ટ પરિચય મળતો હતો.

જેમ જેમ વાતે વેગ પકડયો અને ચોતરફ પ્રસરવા લાગી કે મહર્ષિને ભગવાન મળ્યા છે ત્યારે અંગ્રેજો અને ઇસાઇ પાદરીઓને તેની મોટી ઇર્ષા થવા લાગી. પાદરીઓ આ વાતને ઢોંગ અને પ્રચાર કહેતા. એક વાર અહંકારવશ કોઇ ઇસાઇ પાદરી તેની પાસે ગયા અને બોલ્યા—"આપ ધર્મના નામે મિથ્યા પ્રચાર કરીને લોકોને ઠગો છો. ભલા, જો ખરે તમને ભગવાન મળ્યા જ હોય તો મને પણ તેના દર્શન કરાવો. ભગવાન તો ઇસુ સિવાય કોઇને મળ્યા જ નથી. જો મને દર્શન નહિ કરાવો તો તમારો આ બધો ઢોંગનો ફંદ તોડી નાંખીશ."

આ સમયે રમણ મહર્ષિ કયાંક જવાની તૈયારી કરી રહ્યા હતા. પાદરીને તેણે પોતાની સાથે આવવાને પ્રભુ દર્શન કરાવવા કહ્યું. પાદરી અને મહર્ષિ બંને ખૂબ જ સુધી એક કેડી પર ચાલતા રહ્યા. ચાલતા ચાલતા રમણ મહર્ષિ એક ઝુંપડીની સામે આવીને અટકયા. દરવાજો ખુલ્યો કે તરત જ અંદર ઘૂસી ગયા સાથે પાદરી પણ ગયા. જોયું તો પલંગ પર એક ક્ષીણકાય રૂગ્ણ દેહે વૃદ્ધ વ્યક્તિ પડી છે જેને સેવા પરિચર્યાની આવશ્યકતા છે.

"આ જ મારા ભગવાન"—કહીને મહર્ષિ રમણ તેની પરિચર્યામાં લાગી ગયા.

---

નર-નારી બંને મળીને જ સાહસપૂર્ણ કદમ ઉઠાવી શકે છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# અમર બલિદાની—શ્રી ગણેશશંકર વિદ્યાર્થી

દેશની સ્વાધીનતામાં વિઘ્ન રૂપ બનેલા સાંપ્રદાયિક વિષને પીને પોતાનું બલિદાન આપનાર શ્રી ગણેશશંકર વિદ્યાર્થીનો જન્મ આસો વદી ૧૪ સંવત ૧૯૪૭ ( સન ૧૮૯૦ ) ને દિવસે પ્રયાગના અતરસુઇયા મહોલ્લામાં થયો હતો. તેમનું એક કુટુંબ સામાન્ય મધ્યમ વર્ગનું હતું. તેમના પિતા મુન્શી જયનારાયણ ગ્વાલિયર રાજ્યમાં મુંગાવલી કસબાની એક મિડલ સ્કૂલના સહાયક શિક્ષક હતા.

વિદ્યાર્થીજીના પિતાની આર્થિક સ્થિતિ સારી ન હતી, પરંતુ તે ઘણા જ મિતવ્યયી, સદાચારી અને સાદા સ્વભાવના હતા. સંતોષને તેમણે જીવનની સુખ-શાંતિનો મૂળમંત્ર બનાવ્યો હતો. પોતાના આ ગુણોને લીધે તેઓ પોતાના સંતાનો પર એટલા પવિત્ર સંસ્કાર પાડી શકયા, કે તેમના આદર્શ પુત્ર ગણેશશંકર એકલા પોતાના કુટુંબનું જ નહિ પરંતુ દેશનું મસ્તક ઉંચું કરીને ગાંધીજી જેવા મહાન મનસ્વીના પ્રશંસા અને પ્રેમ પાત્ર બન્યા.

મુન્શી જયનારાયણજી પોતાની મુશ્કેલ આર્થિક પરિસ્થિતિઓને કારણે પોતાના સુલક્ષણા પુત્ર ગણેશશંકરને વધારે શિક્ષણ આપી શકયા નહિ. તેઓ ગણેશશંકરને માત્ર અંગ્રેજી મિડલ સુધીનું શિક્ષણ અપાવ્યા બાદ એવી આશા રાખવા લાગ્યા કે ગણેશશંકર નોકરી કરીને કુટુંબનો બોજ ઉપાડે. ગણેશશંકર પિતાની લાચારીને જાણીને કાનપુરમાં પોતાના મોટા ભાઇ પાસે નોકરી કરવા માટે ચાલ્યા ગયા.

જતી વખતે તેમના પિતાએ કહ્યું—"ગણેશ ! હું સારી રીતે જાણું છું કે ભણવામાં તારી રૂચિ છે અને તું આગળ ભણવાની ઇચ્છા રાખે છે, પરંતુ પરિવારની સ્થિતિથી તું અજાણ નથી. દરેક રીતે લાચાર બનીને જ હું તને નોકરી કરવાની અનુમતિ આપી રહ્યો છું જો તારામાં શિક્ષણની સાચી લગની હશે તો તું નોકરી કરવા છતાં પણ આગળ ભણવ.નો માર્ગ કાઢી લઇશ. મનુષ્ય જો પોતાના ધ્યેયનો ધની હોય છે તો પર્વતો વચ્ચે પણ પોતાનો રસ્તો બનાવી લે છે."

પિતાના પ્રેરણા પૂર્ણ શબ્દોએ ગણેશશંકર પર ઘણો ઉંડો પ્રભાવ પાડયો અને હજાર વિઘ્નો વચ્ચે પણ જીવનની ઉન્નતિ અને જન સેવા કરવાનો સંકલ્પ મનમાં કરીને તે કાનપુર માટે વિદાય થયા કાનપુર પહોંચીને તેમણે પોતાના મોટા ભાઇને પોતાનું મંતવ્ય જણાવ્યું. તેમના દૂરદર્શી ભાઇએ તેમને આગળ ભણવા પ્રેરિત કર્યા. તેમની હાર્દિક ઇચ્છા હતી કે તેમનો ઉદ્યમી અને પરિશ્રમી ભાઇ વધારેમાં વધારે શિક્ષણ મેળવે અને જીવનમાં વિકાસ કરે. તેમણે પોતાનાં મર્યાદિત સાધનોમાંથી ગણેશશંકર માટે એન્ટ્રાન્સના પાઠય-ક્રમનાં પુસ્તકો ખરીદી અને થોડું ખર્ચ આપીને પિતા પાસે પાછા મોકલ્યા તથા પિતાને વિનંતિ કરી કે ગણેશશંકરને સ્કૂલમાં દાખલ કરીને આગળ ભણવાનો અવસર આપવો. પિતાએ ખૂબ ખુશ થઇને ગણેશશંકરને એન્ટ્રાન્સમાં દાખલ કરાવીને ભગવાનને ધન્યવાદ આપ્યા.

ગણેશશંકરે ખૂબ મન લગાવીને અભ્યાસ કર્યો અને ઘણા જ સારા માર્ક સાથે એન્ટ્રાન્સની પરીક્ષા બીજી શ્રેણીમાં પાસ કરી. આગળ અભ્યાસ કરવા માટે તે અલાહાબાદની કાયસ્થ કોલેજમાં દાખલ થયા પરંતુ આગળનું ખર્ચ નહિ પહોંચી વળવાથી સાત-આઠ મહીના પછી તેમને કોલેજ છોડી દેવી પડી.

પરંતુ તેમણે પોતાના ઉત્સાહને મંદ પડવા દીધો નહિ અને કાનપુરમાં કરન્સી કાર્યાલયમાં

મનુષ્ય જો પોતાના ધ્યેયનો ધની હોય તો પર્વતા વચ્ચે પણ પોતાનો રસ્તો બનાવી લે છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

નોકરીએ ચઢી ગયા. પરંતુ સ્વતંત્ર વિચારના ઉદ્યમી યુવક ગણેશશંકરને સરકારી ગુલામી પસંદ પડી નહિ અને તેમણે કરન્સીની નોકરી છોડીને કાનપુરની પૃથ્વીનાથ હાઇસ્કૂલમાં અધ્યાપકનું કાર્ય કર્યું.

પોતાના અધ્યાપન કાળમાં વિદ્યાર્થીજી છાત્રોને ભણાવતા હતા. એટલું જ નહિ, પરંતુ તેમના હૃદયમાં દેશ-ભક્તિનો સંચાર પણ કરતા અને સમાચાર પત્રો તથા માસિકોમાં લેખો પણ લખ્યા કરતા હતા. આ સમયે દિલ્હી દરબારના અવસર પર વડોદરાના મહારાજાએ પોતાના સ્વમાનની રક્ષામાં એવું આચરણ વ્યક્ત કર્યું કે જે દરબારની પ્રથાને અનુરૂપ ન હતું. દેશનાં સરકારનાં ખાંધિયાં અખબારો એ વડોદરાના મહારાજાની આકરી ટીકા કરી ગણેશશંકરથી આ અન્યાય સહન થયો નહિ અને તેમણે ભારતીય સ્વમાનની રક્ષા કરનારા વડોદરાના મહારાજાના આચરણને યોગ્ય ઠરાવતાં ઘણા જ તેજસ્વી શબ્દોમાં 'કર્મયોગી' વગેરે અખબારોમાં લેખ લખ્યા.

ગણેશજીનું આ સ્વતંત્ર સાહસ તેમની જિંદગીમાં એક મહત્વપૂર્ણ વળાંક પુરવાર થયું જનતાએ તેમની પ્રતિભાને ઓળખી. સ્કૂલના અધિકારીઓએ ગણેશશંકરજીના તેજપૂર્ણ વિચારોને અહિતકારી જણાવ્યા અને તેમને સ્કૂલની નોકરીમાંથી છૂટા કરી દીધા.

એ જ સમયે 'સરસ્વતી'ના સંપાદક આચાર્ય મહાવીર પ્રસાદ દ્વિવેદીને એક યોગ્ય સહાયકની જરૂર હતી. તે ગણેશજીના વિચારોની તેજસ્વિતા અને કલમની વિશેષતાથી પરિચિત થઇ ચૂક્યા હતા તેમણે ગણેશજીને આગ્રહ પૂર્વક સરસ્વતી' માં બોલાવી લીધા અને ત્રીસ રૂપીયા માસિક પગારનો પ્રસ્તાવ કરતાં કહ્યું—' વિદ્યાર્થીજી ! સરસ્વતી પાસે સાહિત્ય સેવાના અવસર સિવાય બીજો કોઇ લાભ નથી." ગણેશશંકરજીએ નમ્રતા-પૂર્વક કહ્યું—"માત્ર પચીસ રૂપીયા પગાર મારા માટે પૂરતો છે કારણ કે મારૂં પોતાનું કોઇ વિશેષ ખર્ચ નથી. મેં મારૂં જીવન પૈસાને માટે નહિ પરંતુ કોઇ પણ માધ્યમથી દેશ સેવા માટે સમર્પિત કરવાનો નિશ્ચય કરી લીધો છે. સરસ્વતીએ મને આ અવસર આપીને કૃતાર્થ કરી દીધો છે."

પ્રસ્તાવ કરતાં પાંચ રૂપીઆ ઓછું વેતન લઇને ગણેશશંકરજીએ સરસ્વતીમાં એટલી ઉંચી લગની અને ભારે પરિશ્રમથી સેવા કરી કે આચાર્ય દ્વિવેદીએ એક સ્થાન પર કહ્યું—'વિદ્યાર્થીજી જ્યાં સુધી મારી સાથે રહ્યા ત્યાં સુધી તેમણે ઘણી હોંશિયારી અને પરિશ્રમથી કામ કર્યું. તે દરરોજ બે માઇલ ચાલીને સવારમાં કામ પર ચઢી જતા હતા અને સંધ્યા પછી પાછા જતા હતા. તેમની શાલીનતા, સજ્જતા અને પરિશ્રમશીલતાએ મને મુગ્ધ કરી લીધો. વિદ્યાર્થીજીમાં જ્ઞાન પ્રાપ્ત કરવાની એટલી લગની હતી કે તે રસ્તામાં ચાલતાં પણ કોઇને કોઇ અખબાર અથવા પુસ્તક વાંચ્યા કરતા હતા."

સરસ્વતીની નિષ્કામ સેવાએ તેમને ભારતના પત્રકાર જગતમાં પ્રખ્યાત કરી દીધા. એને પરિણામે અલાહાબાદના 'અભ્યુદય' સાપ્તાહિકે તેમને દ્વિવેદીજી પાસેથી માંગી લીધા. દ્વિવેદીજીએ તેમને રાજનૈતિક વિચારધારા વિકસિત કરવાની સલાહ આપીને આશીર્વાદ પૂર્વક 'અભ્યુદય' નું સંપાદન કાર્ય સંભાળી લેવાની અનુમતિ આપી દીધી

દેશની સ્વાધીનતાને માટે સેવા કરવાની ઇચ્છા ધરાવતા ગણેશજીને હવે યોગ્ય ક્ષેત્ર મળી ગયું હતું અને તેમણે પોતાના તેજસ્વી વિચારોથી રાજનૈતિક વાતાવરણમાં એક ખળભળાટ મચાવી દીધો પરંતુ થોડા સમય પછી બીમાર થઇ જવાથી તેમને 'અભ્યુદય'માંથી હટવું પડ્યું.

સ્વસ્થ થયા પછી તે ફરીથી મેદાનમાં આવી ગયા. આ વખતે તે 'પ્રતાપ' નામના નવા સાપ્તાહિકની યોજના લઇને બહાર આવ્યા.

તેજસ્વી વિચારો ગમે તે ક્ષેત્રમાં ખળભળાટ મચાવી શકે છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

'પ્રતાપ' ની યોજનાનો પ્રસ્તાવ મૂકતી વખતે તેમણે પોતાના સહયોગી મિત્ર પં. શિવનારાયણ મિશ્રના નિરાશાપૂર્ણ પ્રશ્નનો જે ઉત્તર આપ્યો, એ કંઇક કરવાની ઈચ્છા ધરાવતા લોકોને માટે પ્રેરણાજનક છે. તેમણે કહ્યું— "રૂપીયા-પૈસા અને પ્રેસ વગેરે બીજાં સાધનોની કમીને આપણે પોતાનાં સતત પરિશ્રમ અને લગનીથી પૂરી કરી લઇશું. આપણે નિઃસ્વાર્થ ભાવે જનતાની સેવા કરવાનું વ્રત લઇને કાર્ય કરીશું અને જનતા આપણને સહકાર આપશે. મિશ્રજી, આપ નિરાશ ન થશો. આત્મ-વિશ્વાસ સાથે પુરૂષાર્થનો સહારો લઈને મેદાનમાં આવો. આપણે લેખન કાર્યથી માંડીને ચપરાસી સુધીનું બધું કામ જ્યારે પોતે જ કરીશું, ત્યારે આપણી જન ઉપયોગી યોજના સફળ નહિ થાય એવું કોઇ કારણ નથી."

ગણેશશંકર વિદ્યાર્થીજીએ એ પ્રમાણે જ કર્યું અને સાધનોના અભાવમાં પણ 'પ્રતાપ' નીકળ્યું. તેમણે પોતાના પત્રની નીતિ કિસાન, મજૂર તથા દેશી રાજ્યોની પીડિત અને શોષિત જનતાના હિતનું સમર્થન કરનારી બનાવી. તેમણે રાયબરેલીના કિસાનો અને કાનપુરના મિલ-મજૂરોનું સમર્થન કરતાં કરતાં ચંપારણમાં ગોરાઓએ કરેલા અત્યાચારની સખત આલોચના શરૂ કરીને જન-સ્વાધીનતાનો સંઘર્ષ શરૂ કર્યો. આ રાષ્ટ્રીય સેવના ઇનામ સ્વરૂપે તેમને પાંચ વખત જેલ-યાત્રા કરવી તથા યાતના સહન કરવી પડી.

શ્રી ગણેશશંકરની આ જીવંત સેવાઓએ તેમને ગાંધીજીના નિકટસ્થ કરીને તેમના કૃપા-પાત્ર બનાવી દીધા. પછી તો તેમણે હોમ રૂલ આંદોલન, કાનપુરની સૂતરની મિલોના મજૂરોની હડતાલ, રાયબરેલી કૃષક-સંઘર્ષ, વિદેશી માલનું બહિષ્કાર-આંદોલન અને મીઠા-સત્યાગ્રહોમાં સક્રિય ભાગ લઇને મહત્વપૂર્ણ કાર્ય કરી બતાવ્યું. એને માટે તેમને પ્રાંતીય રાજનૈતિક સંમેલનના અધ્યક્ષ બનાવવામાં આવ્યા અને જનતાએ તેમને ૧૯૨૫માં કાનપુરના એક ધન-કુબેર સાથેની હરિફાઇમાં ચૂંટણીમાં જીતાડીને પ્રાંતીય કાઉન્સીલમાં મોકલ્યા. પરંતુ તેમને ધારાસભાનું નિષ્ક્રિય જીવન પસંદ પડયું નહિ. તે તો મેદાનમાં સૈનિક બનીને દેશની સ્વાધીનતાને માટે સક્રિય સેવા કરવા ઈચ્છતા હતા. તેમણે ૧૯૨૯ માં ધારાસભાનો ત્યાગ કર્યો.

એ જ સમયે જ્યારે તે કરાંચીના અખિલ ભારતીય કોંગ્રેસ સંમેલનમાં ભાગ લેવા માટે જવાની તૈયારી કરી રહ્યા હતા, ત્યારે કાનપુરમાં અંગ્રેજ સરકારે હિંદૂ-મુસ્લિમ તોફાન કરાવ્યું. શ્રી ગણેશશંકરે કરાંચી જવાનું મોકૂફ રાખ્યું અને એ સાંપ્રદાયિક વિષ પીવામાં લાગી ગયા. તે હિંદૂ મહોલ્લાઓમાંથી મુસલમાનોને અને મુસલમાન મહોલ્લાઓમાંથી હિંદૂઓને કાઢવા અને સમજાવવાના કાર્યમાં લાગી ગયા. આ જ સેવાના અવસર પર એક ઉશ્કેરાયેલી મુસ્લિમ ભીડને સમજાવતી વખતે તે એક ધર્માંધ મુસલમાનની કુહાડીને શિકાર બની ગયા.

૨૯ માર્ચ સન ૧૯૩૧ ના તેમના બલિદાનના દિવસે શ્રી ગણેશશંકર વિદ્યાર્થીનાં આ અંતિમ વાકયો યુગ-યુગ સુધી ઇતિહાસમાં અંકાયેલાં રહીને આવનારી પેઢીઓને પ્રેરણા આપતાં રહેશે.

"ભાઇ ! આપ મને ઢસરો છો શા માટે ? હું મૃત્યુના ભયથી ભાગનારો નથી. એક દિવસ મરવાનું તો છે જ ને ? તો પછી આવા મહત્વ-પૂર્ણ મૃત્યુથી ડરવાનું જ શું છે ? જો મારા લોહીથી આપની તરસ બુઝાતી હોય તો મારૂં બલિદાન આપવા હું સહર્ષ તૈયાર છું. આપ આપની ઈચ્છા પૂરી કરો. હું મારા કર્તવ્ય-પાલન માટે આપની સમક્ષ હાજર છું."

એટલું કહીને તેમણે પોતાનું મસ્તક ઝુકાવી દીધું અને અત્યાચારીની કુહાડી તેમની ગરદનની પાર નીકળી ગઇ શ્રી ગણેશશંકરનું આ આદર્શ બલિ-દાન સદા સર્વદાને માટે અમર થઇ ગયું. ★

પરિશ્રમ અને લગનથી દરેક કમીની પૂર્તિ થઇ શકે છે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# આપણે હીલિયમ જેટલા હલકા બનીએ

હલકાપણું આમ તો ઉપેક્ષણીય માનવામાં આવે છે અને ભારેપણાને દરેક દૃષ્ટિએ મહત્વ આપવામાં આવે છે, પરંતુ સર્વત્ર એવી વાત પતંગો અને બલૂનો પોતના હલકાપણાને કારણે જ આકાશમાં ઉડે છે. નાવ પાણીમાં એટલા માટે તરે છે કે એના કણ પાણીના કણો કરતાં હલકા હોય છે. ભારે શરીરોની સરખામણીમાં હલકા શરીરવાળી વ્યક્તિઓ વધારે નિરોગી રહે છે એટલું જ નહિ, પરંતુ વધારે દીર્ઘજીવી પણ હોય છે.

હવામાં ઓક્સિજન, નાઇટ્રોજ, કાર્બન, હાઇડ્રોજન વગેરેનાં જુદાં જુદાં પ્રમાણ ભળેલાં હોય છે. આ બધા કરતાં હલકો હોય છે હીલિયમ ગેસ. એની આ હલકાપણાની વિશેષતાને લીધે એની ઉપયોગિતા અનેક ગણી વધી જાય છે.

હીલિયમ ગેસ પૃથ્વીના વાયુ મંડળમાં ઘણો ઓછો છે. નાઇટ્રોજનના દસ લાખ અણુઓ પાછળ એનું પ્રમાણ એકનું રહે છે. પહેલાં એની હયાતિ સૂર્યમાં માનવામાં આવતી હતી પરંતુ પાછળથી ખબર પડી કે એનો એક અલ્પ અંશ પૃથ્વીના વાયુ મંડળમાં પણ મોજૂદ છે. એના કણો નથી તો આપસમાં મળતા અને નથી બીજાઓ સાથે સંયોગ કરતા.

સૂર્યના વાતાવરણમાં હીલિયમનું પ્રમાણ ૯ ટકા છે. બીજા તારાઓમાં પણ એનું પ્રમાણ લગભગ એટલું જ મળી આવે છે. સૂર્યમાં ૯૦ ટકા હાઇટ્રોજન છે. એ નિરંતર ભયંકર વિસ્ફોટ સાથે નાશ પામે છે અને ધીરે ધીરે હીલિયમમાં બદલાઇ રહ્યો છે. હીલિયમના એક અણુમાં હાઇડ્રોજનના બે અણુ કરતાં પણ વધારે શક્તિ હોય છે. સંસારમાં હીલિયમ ઘણો જ હલકો ગેસ છે. સાધારણ હવાના એક કણના વજન પર હીલિયમના સાત કણ તોલાઇ જશે. એની સૌથી મોટી ખૂબી એ છે કે એ કોઇ પણ રીતે બાળી શકાતો નથી. પરંતુ એ ચમકે છે જરૂર. શૂન્યથી ૨૬૯ ડિગ્રી સેન્ટીગ્રેડ પર હીલિયમ પ્રવાહી બની જાય છે. તાપમાન બે ડિગ્રી વધારે ઘટી જાય તો એ સખત થઇને જામી જાય છે.

જેમણે પોતાના પર પરિવારની જન-સંખ્યાનો—ચિંતાઓ અને જવાબદારીઓનો ભાર જેટલો વધારી લીધો હશે, તેમનું જીવન સંકટ એટલું જ ભારે થઇ જશે. થોડા વજન વાળી હલકી સ્વારીઓ ઝડપથી દોડે છે અને તેમને ખેંચનારાં વાહનો થાકયા વિના ઉત્સાહ પૂર્વક પોતાનું કર્તવ્ય નિભાવે છે. મનુષ્ય જો હલકું ફૂલ જીવન જીવે-પોતાના પર થોડી જવાબ-દારીઓ રાખે અને અશાંત થયા વિના શાંત અને સ્થિર ચિત્તથી કામ કરતો રહે, તો તેનાં કામ પણ વધારે થશે અને ચિત્તમાં હલકાપણું રહેશે.

ડૂબકી મારવાની ક્રિયામાં હવે હીલિયમનો ઉપયોગ વધવાથી ઉંડી ડૂબકી મારનારાઓનું જીવન સુરક્ષિત રહે છે. થોડા સમય પહેલાં જ્યારે આ ગેસની જાણ ન હતી ત્યારે સમુદ્રમાં ડુબકી મારનારા નાઇટ્રોજનના દબાણથી માંદા પડી જતા હતા અને કેટલીક વાર તો માંડ માંડ બચતા. પરંતુ હવે જ્યારથી ઓક્સિજન સાથે તેમને હીલિયમ પણ મળવા લાગ્યો છે, ત્યારે તેમને પહેલાંના જેવી મુશ્કેલીનો સામનો કરવો પડતો નથી આપણે જો હીલિયમ ગેસની માફક હલકા થઇ શકીએ તો સૂર્યને પ્રાણ અને પૃથ્વીને જીવન આપી શકવા સમર્થ બની શકીએ.

—✶—

ભારેપણું ડૂબે છે અને બીજાઓને પણ ડુબાડે છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# મમતા અને કરૂણાની મૂર્તિ–કુમારી ડાયના બાલેમી

યશ અને અપયશ, વિચાર અને ભાવના–ઓને કોઇ વાહનની જરૂર પડતી નથી. એમની પોતાની પાંખો હોય છે. પાંખોની મદદથી એ વાયુમાં તરતાં તરતાં વન, પર્વત, સમુદ્ર અને રણને પાર કરીને દેશ દેશાંતરોમાં ભ્રમણ કર્યા કરે છે અને પોતાને અનુરૂપ હૃદયોમાં ઉતરીને પોતાનો માળો બનાવી લે છે.

કોઇ એક દેશના રહેવાસીઓ કોઇ બીજા દેશની દશા અને પરિસ્થિતિના સમાચાર મેળવીને પોતાની વૃત્તિઓને અનુરૂપ અર્થ પૂર્ણ યોજનાઓ બનાવે છે અને કલ્પના કર્યા કરે છે. આસુરી વૃત્તિના લોકો કોઇ બીજા સંપન્ન અથવા વિપન્ન માનવોથી પોતાનો સ્વાર્થ સિદ્ધ કરવાની જુદી જુદી રીતો કાઢી લે છે.

દૈવી વૃત્તિઓથી અલંકૃત મનુષ્યોની વિચાર–વાની રીત જુદી જ હોય છે. તેમની કલ્પનાનો દેવરથ કરૂણા, મમતા, સહાનુભૂતિ, સેવા અને મૈત્રીની સંપત્તિ લઇને, જ્યાંથી ગરીબ માનવતાની પીડાનો અવાજ આવે છે ત્યાં જ જાય છે. દૈવી સંપત્તિના સરદારોના હાથમાં ફરેબી, ઠગાઇ, ધૂર્તતા અથવા અત્યાચારનાં શસ્ત્રો હોતાં નથી. તેઓ તો મનુષ્યતાના સ્વરોમાં આલાપ ભરતા ભરતા પ્રેમની વાંસળી લઇને જ તન, મન, ધનથી પીડિત મનુષ્યોની સેવાના અવસરો શોધતા ફરે છે. શોષણનો ધા કરતા નથી.

આ લાંબા–પહોળા સંસારના એક ખૂણેથી બીજા ખૂણા સુધી આસુરી તથા દૈવી વૃત્તિઓ ફેલાયેલી છે. દેશ, વિદેશ અને વસાહતમાંથી કોઇ પણ આ વૃત્તિઓનું ઠેકાદાર નથી. બધામાં બંને વૃત્તિઓ સરખી રીતે કામ કરી રહી છે. બધાં દેશોમાં આસુરી અને દૈવી પ્રકૃતિના લોકો જન્મ લે છે અને પોતાના કર્મો દ્વારા પોતાનું સ્વરૂપ પ્રગટ કરતાં કરતાં સુખ–દુઃખ ભોગવ્યા કરે છે.

મહાનતા અને માનવતાના ગુણો ન તો કોઇને માટે સુરક્ષિત છે અને નથી કોઇને માટે પ્રતિબંધિત. જે કોઇ ઇચ્છે તે પોતાની શુભેચ્છાઓથી પ્રાપ્ત કરી શકે છે.

હજારો યોજન દૂર સમુદ્રની પાર કયાં ન્યૂઝીલેન્ડ અને કયાં ભારત. પરંતુ અહીંની ગરીબાઇના સમાચારોએ હજારો કોફી હાઉસોમાંથી કોઇ એકમાં બેઠેલી કુમારી ડાયના બાલેમીને પ્રભાવિત કરી દીધી. વિદેશોમાં લાખો અને કરોડો લોકો દરરોજ સમાચાર પત્રોમાં ભારતની ગરીબાઇના સમાચાર વાંચતા રહે છે પરંતુ બધા તટસ્થ તથા ઉદાસીન જ રહે છે. નથી કોઇ પ્રભાવિત થતું અને નથી કોઇ ધ્યાન આપતું. કોઇની દરિદ્રતા, દીનતા અથવા દયા–પાત્રતા સાથે શી લેવા દેવા ? માનવતાના આ ત્રાસો સાથે સંબંધ બંધાય છે પેલા માનવીય દેવતાઓનો, કે જેમની મનોભૂમિ દયા-સભ્યતાનાં ફૂલોથી સુશોભિત અને સુગંધિત રહે છે.

દૈવી વૃત્તિઓ વાળી વ્યક્તિઓના કાનોમાં સંસારના કોઇ પણ ખૂણાનો પોકાર ગૂંજતા જ તેમનું હૃદય-દ્રવી ઉઠે છે અને તેઓ દેશ–વિદેશની વિભાજન રેખાને પાર કરીને કોઇ દૈવી પ્રેરણાથી પ્રેરિત થઇને સેવા તથા મિત્રતાનું ભાથું લઇ એ જ બાજુ ચાલી નીકળે છે. તેમને નથી તેમનો દેશ અટકાવી શકતો અને ન સ્વાર્થ. દેવ અને અસુર માનવોની માત્ર એક જ ઓળખાણ છે, કે માનવ–તાની ચીસો સાંભળીને કોણ બેઠેલું રહે છે અને કોણ ઉઠીને ખડું થઇ જાય છે.

દેવી ડાયના બાલેમી પોતાના નવરાશના દિવસોમાં યુરોપ ભ્રમણ કરવા જતી હતી. તેને સહેલ-સપાટામાં ઘણી રૂચિ હતી. પોતાના ધનનો ઘણો મોટો ભાગ તે આ પર્યટન-મનોરંજનમાં ખર્ચ્યા કરતી હતી. એક વખત ભારતમાં ફેલાયેલી



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ઘોર દરિદ્રતાના સમાચાર અખબારોમાંથી તેના વાંચવામાં આવ્યા. ભારતની ગરીબાઇનું ચિત્ર તેના હૃદયમાં ઉતરી ગયું. એ ભારતનું ચિત્ર કે જે સંસારની માનવીય સભ્યતાનો સ્રોત રહ્યું છે, જેના ઋષિઓ અને મુનિઓએ જીવનની સ્વાભાવિક સુખ–સગવડોને માનવતાના કલ્યાણ માટે તિલાંજલિ આપીને અરણ્યોમાં રહી ઘોર તપશ્ચર્યા કરી અને 'સર્વે ભવન્તું સુખિના' 'સર્વે સન્તુ નિરામયઃ' ના આશીર્વાદો સાથે 'વસુધૈવ કુટુંબકમ્' નો સંદેશો સંસારને આપ્યો. એ ભારતનું ચિત્ર કે જેમાં કોઇક વખતે દૂધ, દહીં અને માખણનાં સરોવરો રહેતાં હતાં, જેના ખેતરોમાં ઉપરથી વરસી રહ્યું હોય એ પ્રમાણે અન્ન ઉત્પન્ન થતું હતું. એ ભારતનું ચિત્ર કે જેમાં દ્વાર પર આવેલા અતિથિ દેવતાના ચરણોને ચાંદીની ઝારીથી ધોવામાં આવતા હતા અને તેને સોનાનાં પાત્રોમાં દૂધ સાથેનું ભોજન કરવવામાં આવતું હતું. ક્રૂર કાળે કરેલા આ પરિવર્તનને જોવા, સંસાર પ્રત્યેની ભારતની ભવ્ય ભાવનાઓથી આભારવશ થયેલી કુમારી ડાયના ભારત આવી અને એની સેવા કરવાનો વિચાર બનાવ્યો.

સેવાની ભાવના આવતાની સાથે જ તેના હૃદયમાં વિશાળતા આવી અને તેને પર્યટનનું પોતાનું મનોરંજન ઘણું જ તુચ્છ જણાવા લાગ્યું. તે ન્યૂઝીલેન્ડથી મુંબઇ આવી અને ત્યાંના ઠાઠમાઠ વચ્ચે પણ તેણે દુઃખ–દારિદ્રય અને દયાપાત્રતાથી વિલાપ કરતી મનુષ્યતાને ઓળખી લીધી. જો કે મુંબઇમાં ઓછું આકર્ષણ ન હતું, તો પણ કુમારી ડાયનાએ સહાનુભૂતિ અને સંવેદનાથી પ્રાપ્ત થયેલી દિવ્ય દૃષ્ટિથી એથી એવાં સ્થળો જોઇ જ જ લીધાં કે જ્યાં તેની સેવાઓની જરૂર અને સાર્થકતા હતી. વિરાટ ભારતની વર્તમાન ખરાબ દશાને જોઇ તેના હૃદય પર ઉંડો આઘાત થયો.

કુમારી ડાયના મુંબઇમાં જ રોકાઇ ગઇ અને ત્યાં જ એક જાહેરાત એજન્સીની પ્રતિનિધિ બની ગઇ. તે પોતાના અવકાશના સમયમાં અનાથાલયોમાં જતી અને તન–મન–ધનથી અનાથ બાળકોની સેવા કરતી. સેવા–ભાવનાની અતિરેકતાથી તેના કુમાર હૃદયમાં માતૃ-મમતાનો એવો ઝરો ફૂટયો કે તેણે એક એક કરીને અગીયાર બાળકોને દત્તક લઇ લીધાં. હવે તે અગીયાર બાળકોની માનસ માતા હતી. પોતાનાં આ સંતાનોના પાલન–પોષણને માટે તેને પૂરતા સમય અને સ્થાનની જરૂર હતી. છેવટે તેણે નોકરી છોડી દીધી અને અનાથાલયના નામથી એક ઘર વસાવવાનો વિચાર કર્યો.

મુંબઇ જેવા વિશાળ અને ભરપૂર શહેરમાં મકાન ક્યાંથી મળે ? પરંતુ દેવી ડાયન ની પ્રબળ ઇચ્છા–શક્તિ, સદ્ભાવના અને શુભ આશયે મદદ કરી અને તેને પાંચ રૂમનું એક સુંદર મકાન મળી ગયું. કુમારી ડાયનાની સુશીલતાની સુગંધ જલદીથી ચારે તરફ ફેલાવા લાગી. એના પ્રભાવથી પરમાર્થ પ્રેમી પ્રબુદ્ધ મનુષ્યોનાં હૃદયોમ. પ્રસુપ્ત સદ્ભાવના જાગી ઉઠી. એકના હૃદયમાંથી નીકળેલા વિચારો બીજાના મનના સજાતીય વિચારોને બોલાવી બોલાવીને મૂળ કેન્દ્ર બિંદુની ચારે બાજુ એકઠા કરી દે છે. કુમારી ડાયનાને સહયોગ અને સહાયતાની કમી ન રહી.

કુમારી ડાયનાનાં અગીયાર બાળકોને માટે જુદી જુદી સંસ્થાઓમંથી અન્ન, ધન, દૂધ, ઘી તથા તેલ વગેરે અનેક વસ્તુઓ આવવા લાગી. એ ઉપરાંત તે પોતાના પરિવાર રૂપી સંસ્થાનું ખર્ચ પોતાના કોફી હાઉસની આવકથી પૂરું કરતી હતી. તેનું સેવા કાર્ય સરસ રીતે ચાલવા લાગ્યું. પોતાની સફળતાથી પ્રોત્સાહિત થઇને કુમારી ડાયનાએ પોતાના સેવા કાર્યને સ્થાયી રૂપ આપવા "ડોર ઓફ હોપ સોસાઇટી" નામનું ટ્રસ્ટ સ્થાપ્યું.

કુમારી ડાયના બાલેમી જેવા આધ્યાત્મિક આત્માઓનાં પોતાનાં કોઇ દેશ, ધર્મ અથવા જાતિ હોતાં નથી. આખો સંસાર તેમનું ઘર, માનવતા તેમની જાતિ અને સેવા તેમનો ધર્મ હોય છે. એના પ્રભાવથી એક સામાન્ય વ્યક્તિ પણ અસામાન્ય બનીને વિશ્વની મહાન વિભૂતિઓમાં પોતાનું સ્થાન નક્કી કરી લે છે. ★



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# ગાયત્રીનું ભાવનાત્મક અને વૈજ્ઞાનિક મહત્વ

ગાયત્રી ઉપાસનાનું ભાવનાત્મક અને વૈજ્ઞાનિક દૃષ્ટિએ વિચાર કરવામાં આવે તો માનવ-જીવનની ચારિત્રિક ઉન્નતિનો બીજ-મંત્ર એને કહી શકાય. સામાન્ય રીતે મનુષ્ય સૌથી વધારે ઉપેક્ષા 'સદ્‌બુદ્ધિ'ની જ કરે છે. જે ઓજારથી તેને નિર્માણનું કાર્ય કરવાનું છે એને જ તૂટેલું-ફૂટલું અને અણઘડ રાખે છે. આ ભૂલને પરિણામે જ તેને જીવન-લક્ષ્યથી વંચિત રહેવું પડે છે.

સૃષ્ટિનાં બધાં પ્રાણીઓની સરખામણીમાં સૌથી શ્રેષ્ઠ સાધન-સંપન્ન શરીર મનુષ્યને મળ્યું છે. બોલવાની, વિચારવાની, લખવાની, કાર્ય કરવાની, હળી મળીને રહેવાની અને શોધો કરવાની જે વિશેષતાઓ મનુષ્યને મળી છે, એમને બળે ઉન્નતિના ઉચ્ચ શિખર સુધી પહોંચવામાં તેને સફળતા મળી છે. જેટલી સગવડો મનુષ્યને મળી છે એના હજારમં ભાગની પણ સૃષ્ટિનાં બીજાં પ્રાણીઓને મળી હોત તો તેઓ પોતાને ધન્ય માનત. આશ્ચર્ય એ બાબતનું છે કે આટલી સગવડો હોવા છતાં પણ લોકો શાથી દુઃખી છે. નિરંતર તેઓ ચિંતિત, ખિન્ન, ઉદાસ અને અશાંત શા માટે રહે છે? એનું એક જ કારણ એ છે કે તેમની વિચારણાની શુદ્ધિ થઇ નથી. જો તેઓએ વિચારવાની સાચી રીત અપનાવી હોત તો આજે જે અસંખ્ય સમસ્યાઓ અને મુશ્કેલીઓ સામે ઉપસ્થિત છે એમાંની એક પણ દૃષ્ટિગોચર ન થાત. વિચારવાની સાચી રીત જો શીખી લેવામાં આવે તો આ જ જીવનમાં સ્વર્ગની અનુભૂતિઓ વિખરાયેલી જણાવા લાગે. નિસ્સંદેહ વિચારણાની અશુદ્ધ પદ્ધતિએ જ સ્વર્ગીય સગવડોથી સંપન્ન માનવ પ્રાણીને નારકીય પરિસ્થિતિઓમાં-દુઃખ દારિદ્રયમાં પડી રહેવા લાચાર કર્યો છે. જો ખરેખર સુખ-શાંતિની સ્થિતિ પ્રાપ્ત કરવી હોય તો વિચાર શુદ્ધિ કરવી જ પડશે.

ગાયત્રી મંત્ર જણાવે છે કે વિચાર-શુદ્ધિ, ભાવનાત્મક શુદ્ધિ એક એવું જરૂરી તત્વ છે, કે જેને પ્રાપ્ત કર્યા વિના નથી કોઇને આજ સુધી સુખ-શાંત મળી અને ન આગળ ઉપર મળશે. વસ્તુઓ ક્ષણિક સુખ આપી શકે છે. વાસના અને તૃષ્ણાની મદિરામાં થોડી જ ક્ષણો ઉન્મત્ત રહી શકાય છે. એમનું પરિણામ તો બમણી અશાંતિ, બમણી હાનિ અને બમણી અસફળતામાં જ આવે છે. એટલા માટે આપણે પોતાના માનસિક સંસ્થાનને શુદ્ધ કરવાનો સૌથી વધારે પ્રયત્ન કરવો જોઇએ. પોતાની એકે એક વૃત્તિનું સૂક્ષ્મ નિરીક્ષણ કરવું જોઇએ અને એમના પર ચઢેલા કુસંસ્કારોની સાહસપૂર્વક શુદ્ધિ કરવી જોઇએ. વાસ્તવમાં આનું જ નામ સાધના છે. આ જ પ્રયાસ અને પુરૂષાર્થને સાધનાનું કેન્દ્ર-બિંદુ કહેવામાં આવે છે.

ગાયત્રીમાં ઈશ્વર પાસેથી એવું માગવામાં આવ્યું છે કે— 'પ્રભુ આપે અમને માનવ શરીર આપીને અસીમ દયા કરી છે. હવે માનવ બુદ્ધિ આપીને અમારા પર વધારે ઉપકાર કરો, જેથી કરીને અમે સાચા અર્થોમાં પોતાને મનુષ્ય કહેવડાવી શકીએ અને માનવ-જીવનનો આનંદ-લાભ ઉઠાવી શકીએ. ગાયત્રીના ૨૪ અક્ષરોમાં પરમાત્માના 'સવિતુઃ' (પ્રકાશવાન), 'વરેણ્ય' (શ્રેષ્ઠ), 'ભર્ગઃ' (પ્રચંડ તેજ) અને 'દેવ' (દિવ્ય) ગુણોનું ચિંતન કરતાં કરતાં એમને જીવનમાં ધારણ કરવાની આસ્થા બનાવીને એવો સંકલ્પ કરવામાં આવ્યો છે, કે પરમાત્માના અનુગ્રહ અને વરદાનની એક માત્ર વિભૂતિ 'સદ્‌બુદ્ધિ' ને પણ અમે પ્રાપ્ત કરતા રહીશું. એ જ સંકલ્પને

**વિચારવાની રીત જો શીખી લેવામાં આવે તો જીવનમાં સ્વર્ગની અનુભૂતિઓ જણાવા લાગે.**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

વારંવાર પૂરી નિષ્ઠા અને ભાવનાપૂર્વક બેવડવો એનું નામ ગાયત્રી જપ છે. જપના સાચા સ્વરૂપને સમજીને જેઓ એ ઉપાસના કરે છે, તેઓ એનો અવર્ણનીય લાભ પણ પ્રાપ્ત કરી લે છે. તેઓ આ અમૃતને મેળવીને અમર બની જાય છે અને આ મૃત્યુ–લોકમાં રહેતા હોવા છતાં પણ દિવ્ય લોકમાં રહેવાનો સ્વર્ગીય આનંદ ડગલેને પગલે અનુભવવા લાગે છે.

વૈજ્ઞાનિક દૃષ્ટિએ ગાયત્રી ઉપાસનાના અસંખ્ય ભૌતિક લાભો પણ છે. કષ્ટો અને આપત્તિઓમાં ફસાયેલી. અભાવ અને દારિદ્રયથી પીડાતી અને અસફળતાની ઠોકરોથી અશાંત બનેલી વ્યક્તિઓ જો આ મહામંત્રનો આશ્રય લે છે, તો તેમને આશાનાં કિરણો દૃષ્ટિગોચર થાય છે. જેમને પોતાનું ભવિષ્ય અંધકારમય જણાઇ રહ્યું હતું અને આપત્તિઓના કુચક્રમાં પિસાઇ જવાનો ભય સતાવી રહ્યો હતો, તેમને આ ઉપાસનાથી નવો પ્રકાશ મળ્યો છે. અભાવગ્રસ્ત વ્યક્તિઓને દારિદ્રયમાંથી અને બીમાર મનુષ્યોને પીડાઓમાંથી છુટકારો મેળવતા જોવામાં આવ્યા છે. કામનાઓની બળતી આગને તૃપ્તિ અને શાંતિમાં બદલાઇ જતી જોવ માં આવી છે. આ પ્રકારનાં પરિણામો કોઇ જાદૂથી નહિ, પરંતુ એક વૈજ્ઞાનિક પદ્ધતિથી પ્રાપ્ત થાય છે. ગ.યત્રી ઉપાસના મનુષ્યની વિચારો અને કાર્યોમાં એક નવો વળાંક, એક નવું પરિવર્તન લાવે છે. જેનું આંતરિક જીવન બદલાય તેના બાહ્ય જીવનમાં પરિવર્તન થવું જ જોઇએ. થાય છે પણ એ જ પ્રમાણે. આને જ લોકો ગાયત્રી માતાની કૃપા અને વરદાન પણ માને છે.

અનેક વ્યક્તિઓને ગાયત્રી ઉપાસનાને પરિણામે અનેક પ્રકારનાં કષ્ટોમાંથી છુટકારો મેળવતી અને અનેક સગવડો પ્રાપ્ત કરતી જોઇને આપણે એવું અનુમાન લગાવવું જોઇએ, કે આ. સાધના પદ્ધતિમાં એવાં વૈજ્ઞાનિક તથ્યોનો સમાવેશ છે, જેમને કારણે સાધકની અંતઃભૂમિમાં જરૂરી ફેરફારો થાય છે અને તે અસફળતાઓ તથા શોક–સંતાપો પર વિજય પ્રાપ્ત કરીને ઝડપથી ઉન્નત, સમર્થ અને સફળ જીવન તરફ આગળ વધે છે.

ગાયત્રીનું મહત્વ ભાવનાત્મક દૃષ્ટિએ પણ છે અને વૈજ્ઞાનિક દૃષ્ટિએ પણ છે. ઋષિઓએ દરેક વિવેકશીલ વ્યક્તિને માટે ગાયત્રીની નિષ્ઠાપૂર્વક ઉપાસના કરવા પર ભાર મૂક્યો છે અને જેઓ આ ઉપયોગી વ્યવસ્થાનો લાભ ઉઠાવવા ઈચ્છતા નથી તેમની ભૂલને તેમણે કટુ ટીકા સાથે નિંદનીય પણ ઠરાવી છે. ગાયત્રી ઉપાસના ન કરનારને તેમણે ચાંડાલ સુદ્ધાં કહ્યો છે.

એક ખિલેલું ફૂલ બીજું પાકેલું ફળ—એક સૌંદર્યની માદકતા બીજું રસનો કળશ. બંનેની પોત-પોતાની સુવાસ છે અને પોત-પોતાની ઉપયોગિતા.

ફૂલ ઇચ્છે કે હું સદાય ફૂલ જ રહું અને ફળ ઈચ્છે કે સદાય તે ઝાડની શોભા વધારતું રહે તો તે બંને મૂર્ખ છે. ફૂલના માટે યોગ્ય છે કે તે ખિલે અને દર્શકોની આંખમાં ઉત્સહ ઉત્પન્ન કરે. ફળના માટે યોગ્ય છે કે તે પાકે અને ક્ષુધાર્તોને તૃપ્તિ પ્રદાન કરે.

ગાયત્રી ઉપાસના આપણા પોતાના હિતમાં જ છે. એ માધ્યમથી મનુષ્ય ચોકકસ જ પોતાની ઘણી આત્મોન્નતિ કરી શકે છે. યુગ નિર્માણ પરિવારના સભ્યોને આ પ્રેરણા છેલ્લાં ઘણાં વર્ષોથી નિરંતર આપવામાં આવતી રહી છે અને પ્રસન્નતાની વાત છે કે એમાંના મોટા ભાગના સભ્યો ગાયત્રી ઉપાસનાને પોતાના જીવનનો આધાર બનાવી પણ ચૂકયા છે. જેમણે હજી આ માર્ગ પર ચાલવાનું શરૂ કર્યું નથી તેમણે એક પરીક્ષા રૂપે પણ ગાયત્રી ઉપાસના શરૂ કરવી જોઇએ. તેઓ જોઈ શકશે કે તેમના ઉજ્જવળ ભવિષ્યની શકયતા ઉત્પન્ન કરવામાં કેવી આશ્ચર્ય-જનક રીતે આ મહાન ઉપાસના સહાયક થાય છે.

—★—


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# ધર્મ જરૂરી છે અને ઉપયોગી પણ

માનવ જીવનમાં ધર્મ અને સદાચાર જ એવું તથ્ય છે, કે જેના પર ચાલતાં સુખ-શાંતિથી પે તે જીવવાની અને બીજાઓને જીવવા દેવાની પ્રક્રિયા પૂરી થઇ શકે છે. જે માર્ગ પર ચાલતાં ચાલતાં લક્ષ્યને પ્રાપ્ત કરવાનું શકય બને છે એને ધર્મ કહે છે. ધર્મને જીવનનો પ્રાણ જ કહેવો જોઇએ. એનો ત્યાગ કરીને મનુષ્ય પશુ જ નહિ પરંતુ પિશાચ પણ બની જાય છે. એટલે ધર્મ-કર્તવ્યોનો ત્યાગ કરનારને આ દેશમાં હંમેશાં ઘૃણાની દૃષ્ટિથી જોવામાં આવ્યો છે. શાસ્ત્રનું વચન છે જે ધર્મનું પાલન કરે છે તેની ધર્મ જ રક્ષા કરે છે. પરંતુ જે એનો નાશ કરી દે છે તેનો નાશ કરવામાં આવેલો ધર્મ જ નાશ કરી દે છે. આ સિદ્ધાંત બધી રીતે સત્ય છે. જે ધર્મનો ત્યાગ કરે છે તેનો ત્યાગ કરીને બધી વિભૂતિઓ ચાલી જાય છે. તેને દુઃખ-દુર્ભાગ્ય જ સદા ઘેરે છે.

ધર્મની મુખ્ય નિશાની છે—સદાચાર અને કર્તવ્ય પાલન. મનુષ્ય પોતાના આ આદર્શ અને જવાબદારીને બરાબર રીતે અપનાવતો રહે એટલા માટે આખા ધર્મ તંત્રની વિશાળકાય રચના થઇ છે. આસ્તિકતા, ઉપાસના, શાસ્ત્ર શ્રવણ, પૂજા-પાઠ, કથા, કીર્તન, સત્સંગ, પ્રવચન, વ્રત, ઉપવાસ, તીર્થયાત્રા, નિયમ, સંયમ, તહેવાર, સંસ્કાર વગેરેનું નિર્માણ એવા ઉદ્દેશ્યથી થયું છે, કે મનુષ્ય વાસના અને તૃષ્ણાનાં આકર્ષણો તેમજ પ્રલોભનોનો મુકાબલો કરતો કરતો પોતાના કર્તવ્ય પંથ પર અડગ રહ્યા કરે. જો આ ઉદ્દેશ્ય પૂરો ન થતો હોય, તો બધો ધાર્મિક કર્મકાંડ એક રીતે નિષ્પ્રાણ અને નિરૂદ્દેશ્ય જ પુરવાર થાય છે.

ઇશ્વરીય સત્તા પ્રત્યે આસ્થા રાખવાનો, તેનું ચિંતન-મનન-ધ્યાન અને ભજન કરવાનો ઉદ્દેશ્ય એ જ તો છે, કે મનુષ્ય પોતાની ચારેય બાજુ, અંદર અને બહાર તે નિષ્પક્ષ, ન્યાયકારી અને સુનિશ્ચિત કર્મફળ આપનારી શક્તિની હાજરી અનુભવે. પાપ કર્મોથી ડરે અને મર્યાદાઓનું ઉલ્લંઘન કરવાથી મળતા કઠોર ફળનું ધ્યાન રાખીને અનીતિ ન કરે. જો ઉપાસકમાં ઈશ્વરીય ન્યાય અને કર્મફળની ચોકકસતા પર આસ્થા ન હોય, તો એ ભક્તિ-ભાવના નિરર્થક જ પુરવાર થશે. એ નિરર્થક ઉપાસનાથી ઈશ્વરની પ્રસન્નતા અને કૃપા કોઇને પણ પ્રાપ્ત થઇ શકશે નહિ. ધર્મ-કર્મોથી જે સ્વર્ગ, મુક્તિ, સિદ્ધિ, વરદાન, દેવ કૃપા, સુખ-શાંતિ, સમૃદ્ધિ, સાક્ષાત્કાર વગેરે લાભો પ્રાપ્ત થાય છે, એ તેમને જ માટે શકય છે કે જેઓ ધર્મના મૂળ સ્વરૂપને સમજ્યા છે, જેમણે એને પોતાના જીવનમાં ધારણ કર્યો છે અને ચારિત્ર્યને ઉજ્જવળ બનાવ્યું છે. લૌકિક અને પારલૌકિક જીવનની બધી વિભૂતિઓ સદાચારના જ ફળ રૂપે પ્રાપ્ત થાય છે અને ધર્મને સદાચારનો પ્રેરક તથા ઉત્પાદક માનવામાં આવ્યો છે. એટલે જ એવો નિષ્કર્ષ કાઢવામાં આવ્યો છે કે ધર્મથી વિભૂતિ અને સુખ-શાંતિ પ્રાપ્ત થાય છે. કોઇ વ્યક્તિ ધર્મની બાહ્ય ક્રિયાઓ તો પૂરી કરે પરંતુ સદાચાર પ્રત્યે આસ્થા ન રાખે, કર્તવ્યો, જવાબદારીઓ અને મર્યાદાઓનું ઉલ્લંઘન કરે, તો એવું જ કહેવામાં આવશે કે તેણે ધર્મનો આધાર જ તોડી નાંખ્યો. ધર્મ-માર્ગે નિષ્ઠાપૂર્વક ચાલનારને અનાયાસ જ જે લાભો મળે છે એ બધા લાભોથી કુકર્મી "ધર્માત્મા" ને વંચિત જ રહેવું પડે છે.

પાછલા અંધકાર-યુગમાં એક ઘણી જ અયોગ્ય અને અસત્ય ભ્રાંતિ ફેલાઇ છે. તે એ છે કે અમુક ધાર્મિક કર્મકાંડ કરવા માત્રથી બધાં

ધર્મને જીવનનો પ્રાણ જ કહેવો જોઇએ.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પાપ કર્મોનો નાશ થઇ જાય છે. ઇશ્વરની પ્રસન્નતા અને કૃપા પ્રાપ્ત કરવાને માટે અમુક વિધિ-વિધાન પૂરાં કરી લેવાનું પૂરતું છે. આવી માન્યતાઓ ફેલાવવાના કારણોમાં પુરોહિત વર્ગનો સ્થાપિત સ્વાર્થ છુપાયેલો જણાય છે. એ વર્ગ દાન દક્ષિણા અથવા પૂજા-પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવાના ઉદ્દેશ્યથી પોતાના યજમાનોને એવો લાભ અપાવવાનું પ્રલોભન આપતો હતો, કે જે લાભ દૃઢ સદાચારથી જ મેળવી શકાય છે તીર્થ-યાત્રા, પર્વ-સ્નાન, પૂજા-પાઠ, કથા-કીર્તન, વ્રત-ઉપવાસ, દાન-પુણ્ય એ બધું જરૂરી છે એ બધાંનું મહત્વ ઘણું જ છે પરંતુ શરત એટલી જ છે કે એમના ફળ રૂપે વ્યક્તિ અને સમાજમાં સદાચારની વૃદ્ધિ થવી જોઇએ. આ તથ્યની ઉપેક્ષા કરીને જે કંઇ કરવામાં આવ્યું હશે એ એક રૂઢિ અને પ્રદર્શન માત્ર બની રહેશે.

મનુષ્યને ઉંચો ઉઠાવવામાં અને નીચો પાડવામાં તેની ભાવના જ એક માત્ર કારણ હોય છે. ભાવના-સ્તરને માનવીય આદર્શોને અનુરૂપ બનાવવામાં ધર્મની સમસ્ત પ્રક્રિયા સહાયક થાય છે, એટલે એને આટલું મહત્વ મળ્યું છે. નિષ્પ્રાણ ધર્મ-કર્મથી કેવી રીતે એવી આશા રખાય કે એ સજીવ ધર્મથી-આદર્શ જીવનથી મળનારા લાભો આપી શકે ? ઈશ્વરને પ્રસન્ન કરવા માટે તેની સ્તૂતિ અથવા પૂજા જ પૂરતાં નથી, પરંતુ તેની આજ્ઞાઓનુ પાલન પણ જરૂરી છે.

આજે ધર્મના નામ પર જે આડંબરનું વાદળ છવાયું છે, એ પેલા ઉદ્દેશ્યોની પૂર્તિ કરતું નથી કે જેમને માટે આ મહાન તત્વજ્ઞાનની શોધ થઇ હતી. દાન-પૂણ્ય ઘણું થાય છે પરંતુ એ અપાયેલા પૈસાનો ઉપયોગ સદાચાર અને સદ્ભાવનાઓ ફેલાવવામાં થયો કે નહિ એનું કોઇને ધ્યાન નથી. નકામા, હૃષ્ટ-પુષ્ટ, ઢોંગી અને દુરાચારી મનુષ્યો પોતાને ધર્માધિકારીઓ બનાવીને ભોળા લોકોના ધનનું અપહરણ કરતા રહે છે અને એ બિચારાઓને એવું આશ્વાસન આપતા રહે છે કે તેમનું ધન પૂણ્યની શ્રેણીમાં ગણવામાં આવશે. આ ભ્રમમાં અસંખ્ય વ્યક્તિઓ પોતાની મહેનતની કમાણીના પૈસા આ પાખંડી લોકોને સોંપતી રહે છે. એનાથી આળસ, ધૂર્તતા અને અનાચારને પોષણ મળે છે. ભિખારીઓ અને પાખંડી લોકોની સંખ્યા ૫૬ લાખ સુધી પહોંચી ગઇ છે એ બાબતની નિશાની છે, કે જન-માનસમાં ધર્મના મૂળ ઉદ્દેશ્યને ન સમજવાથી આડંબર અને ભ્રમિત માન્યતાઓ પ્રત્યે આસ્થા જામેલી છે. નહિ તો ૫૧ લાખ વ્યક્તિઓની ધર્મ-સેના જે દેશમાં મોજૂદ હોય એ દેશે તો અત્યંત ઉચ્ચ ચારિત્ર્યવાળા, શ્રેષ્ઠ સામાજીક પરંપરાઓથી સંપન્ન અને બધા માનવીય સદ્ગુણોથી સંપન્ન હોવું જોઇતું હતું. પરંતુ જોવામાં આવે છે એનાથી વિરૂદ્ધનું. જે લોકો પોતે ધર્મ-સિદ્ધાંતોને તુચ્છ, હાંસીપાત્ર અને ઉલ્લંઘનીય સમજે છે, કર્મકાંડને જ સર્વ કંઇ ગણે છે, તેઓ યોગ્ય માર્ગદર્શન આપી શકશે એવી આશા તેમની પાસેથી કેવી રીતે રખાય ?

પ્રાચીન કાળમાં સંતો અને બ્રાહ્મણો જ પોતાના પર લોક-સેવાની જવાબદારી ઉઠાવતા હતા. તેઓ પોતાની વ્યક્તિગત આવશ્યકતા અત્યંત અલ્પ રાખતા હતા. જે કંઇ હોતી એને લોકો ભક્તિ-ભાવના અને આદર સાથે દાન-દક્ષિણાને નામે પૂરી કરી દેતા હતા. કોઇ વખત આ દાન-દક્ષિણા વધારે થઇ જતી તો એને તેઓ તરત જ કોઇ ઉપયોગી લોક-હિતના કામમાં ખર્ચી નાંખતા. આજકાલ કોઇ મોટા નેતાને જનતા થેલી ભેટ આપે છે તો એને તે પોતાને માટે લઇ જતા નથી, પરંતુ જનતાની રૂચિના કોઇ કાર્યમાં જ લગાવી દે છે. એ જ રીતે પ્રાચીન કાળમાં દાન-દક્ષિણા રૂપે આપવામાં આવેલો દરેક પૈસો એ ધર્મત્મા લોક-સેવકોની ઉદર પૂર્તિ ઉપરાંત સદ્જ્ઞાન, સદ્ભાવ અને

લૌકિક અને પરલૌકિક જીવનની બધી વિભૂતિઓ સદાચારના જ ફળ રૂપે પ્રાપ્ત થાય છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સદાચારનો વિસ્તાર કરવાના કાર્યમાં જ વપરાતો હતો. આજે મંદિરો અને મઠો પાસે ખૂબ સંપત્તિ છે અને એ કર્મકાંડોની પૂર્તિ માત્રમાં ખર્ચાતી રહે છે. જો એનો ઉપયોગ જન-માનસની ઉન્નતિ કરવામાં, સાંસ્કૃતિક લોક-શિક્ષણ માટે શકય બની શકયો હોત, તો આજે આપણી સ્થિતિ જ જુદી હોત.

સુધાર, નિર્માણ અને પ્રગતિનો એક જ માર્ગ છે-માનવીય અંતઃકરણમાં રહેલી શ્રેષ્ઠતાનો વિકાસ કરવો. આ એક કાર્ય પૂરૂં થવામાં જેટલી સફળતા મળશે, એટલા જ પ્રમાણમાં બાહ્ય જીવનની-સંસારની અસંખ્ય સમસ્યાઓનો ઉકેલ આપો-આપ થતો જશે અને પ્રગતિનાં અસંખ્ય સાધનો સરળતા પૂર્વક પ્રાપ્ત થતાં જશે. એટલે ધર્મ પ્રેરક લોક-સેવકોની બિલકુલ જરૂર છે. તેઓ જેટલા વધશે એટલું જ જન-હિત સધાવાનું શકય બનશે. સંસારની બધી પ્રવૃત્તિઓની નેતાગીરી અને નિયંત્રણ ધર્મ-સેવી લોકોના હાથમાં હોવું જોઇએ. નેતાગીરીનો આધાર વ્યક્તિની ધાર્મિક વૃત્તિ, ન્યાય બુદ્ધિ અને દીર્ઘ દૃષ્ટિ હોવી જોઇએ. આ પ્રકારની જન-નેતાગીરી કરી શકનારા જેટલા વધારે ધર્મ-સેવકો પ્રાપ્ત થઇ શકે એટલું જ સંસારનું ભાગ્ય માનવામાં આવશે. પ્રગતિનું દ્વાર એટલી જ ઝડપથી ખુલશે.

શાસ્ત્રોમાં શ્રેષ્ઠતાનું શિક્ષણ આપનારૂં તત્વ-જ્ઞાન ખૂબ પ્રમાણમાં છે. પરંતુ પુસ્તકોમાં જ્ઞાન હોવાથી માનવ અંતઃકરણનું પરિવર્તન થઇ શકતું નથી. સદ્‌વિચારોથી પ્રેરણા મળે છે, સત્ય સમજવામાં આવે છે અને ઉચ્ચ ભૂમિકાના બનવા લાયક મનોભૂમિનું નિર્માણ થાય છે. પરંતુ એમાં ઉત્સાહ ભરી દેવાનું અને વ્યવહારિક કાર્યક્રમ અપનાવવા માટે હિંમત ઉત્પન્ન કરવાનું કાર્ય કોઇ પ્રતિભાશાળી વ્યક્તિઓ દ્વારા જ શકય છે. ધર્મ પ્રચાર માટે જ્યાં એક બાજુ ઉત્તમ વિચારોની આવશ્યકતા છે, ત્યાં બીજી બાજુ યોગ્ય પ્રેરણા આપનાર વ્યક્તિત્વની પણ જરૂર છે.

કોઇ સમયે ધર્મ-શાસ્ત્રો અને કથા-પુરાણોનાં પ્રવચનો કરનારા હજારો સાધુઓ અને બ્રાહ્મણો, પોતાના આદર્શ ચારિત્ર્ય અને શાસ્ત્રોના ઉચ્ચ આદર્શોના મિશ્રિત સ્વરૂપને અંતઃકરણની ઉંડાઇ સુધી પહોંચાડી શકતા હતા અને એનાથી જ આંતરિક પરિવર્તન શકય બનતું હતું. સ્વાધ્યાય અને સત્સંગના જોડાને એટલા માટે જ જરૂરી માનવામાં આવ્યું છે. નામ અને યશની ચાહનાથી દૂર, પ્રતિષ્ઠા, પદ અને ખ્યાતિથી દૂર રહેનારા સાચા લોક-સેવકો ખરેખર જ આ ધરતીના દેવદૂતો કહેવાય છે. ધર્મ-ક્ષેત્રમાં સાધુ-બ્રાહ્મણોની મોટી સંખ્યા એટલા માટે જરૂરી માનવામાં આવતી હતી અને તેમની સંખ્યા વધે એને માનવ જાતિનું સૌભાગ્ય માનવામાં આવતું. ત્યાગી, તપસ્વી, નિસ્પૃહ, આત્મબળ સંપન્ન અને ઉજ્જવળ ચારિત્ર્યવાળા ધર્માત્માઓના સત્પ્રયત્નો વધે, એ એ બાબતની નિશાની છે કે સંસારમાં ઝડપથી સુખ-શાંતિની શકયતા વધશે.

પરિસ્થિતિ જે હોય તે, રસ્તો એક જ છે. જન-માનસમાં ધર્મ-ભાવનાની જાગૃતિ થયા વિના, માનવ જીવનને આચ્છાદિત કરનારી અસંખ્ય મુશ્કેલીઓ અને સમસ્યાઓનો ઉકેલ બીજી કોઇ રીતે શકય બનશે નહિ. આવરણમાં જે ધર્મનો આત્મા આજે ધુંધળો અને છુપાયેલો જણાય છે, એને ફરીથી એના શુદ્ધ સ્વરૂપમાં પ્રતિષ્ઠાપિત કરવો પડશે. ધર્મ અફીણની ગોળી નથી, પરસ્પર દ્વેષ અને અસહિષ્ણુતા ઉત્પન્ન કરનારી કટ્ટરતાને સાંપ્રદાયિકતા કહી શકાય છે, પરંતુ જેનો એક માત્ર ઉદ્દેશ્ય જ પ્રેમ, દયા, કરૂણા, સેવા, ઉદારતા, સંયમ અને સદ્‌ભાવનાને વધારવાનો છે, એ ધર્મને ન તો અનાવશ્યક કહી શકાય અને ન અનુપયોગી. વાસ્તવમાં મનુષ્ય જ માનવતાનો પ્રાણ છે.

મનુષ્યને ઉંચો ઉઠાવવામાં અને નીચો પાડવામાં તેની ભાવના જ એક માત્ર કારણ હોય છે.


Disclaimer / Warning: All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સમાચાર વિભાગ

# વિવિધ કાર્યક્રમો સાથે–ઉદ્દેશ્યની પણ પૂર્તિ

—:✶:—

## અન્યના કાર્યક્રમોમાં પણ પ્રચાર-પ્રસાર

વડોદરા :—સ્થાનીય ફતેગંજમાં ભાગવત કથનું આયોજન પૂ. શ્રી ડોંગરે મહારાજની દેખ-રેખ હેઠળ થઇ રહેલ હતું. આ પ્રસંગે પરિજનોએ પણ પૂ. શ્રીના વિચારોનો પ્રચાર-પ્રસાર થાય એ હેતુથી ત્યાં એક સાહિત્ય સ્ટોલની ગોઠવણ કરેલ હતી. જેના પરિણામ સ્વરૂપે લોકોએ સાહિત્ય જોયું, સાથે જ કાર્યકર્તા ભાઇઓએ તેમને તે સાહિત્યને ખરીદ કરવા પ્રોત્સાહિત કર્યા. સપ્તાહ દરમ્યાન પુષ્કળ પ્રમાણમાં સાહિત્યનું વેંચાણ થયું.

આ સપ્તાહ દરમ્યાન સર્વશ્રી હરકીશનભાઇ, હરીભાઇ, દિનેશભાઇ, ચીનુભાઇ, અશોકભાઇ, કનુભાઇ, પ્રેમશંકર, ભગવાનજીભાઇ, નીરૂબહેન, અનુબહેન, બળવંતાબહેન, પન્નાબહેન તેમજ અન્ય સર્વે પરિજનોનો સ.રો સાથ-સહકાર સાંપડેલ હતો.

## પીડિત માનવતા માટે સહાયતા

કઠવાડા ( અમદાવાદ ) :—સ્થાનીય પરિવાર શાખા દ્વારા ગત દિવસો દરમ્યાન સત્ય નારાયણ વ્રત કથાનું આયોજન સંપન્ન કરવામાં આવેલ હતું. આ પ્રસંગે સ્થાનીય નાગરિકોની સારી ઉપસ્થિતિ હતી.

આ કાર્યક્રમ દરમ્યાન થયેલ આવકને દુષ્કાળ પીડિત જનતાની સહાયતા માટે ખર્ચ કરવા તે જ સમયે દુષ્કાળ રાહત કોષમાં આપવામાં આવેલ હતી.

## સામૂહિક યજ્ઞ આયોજનો

તારાપુર, શિવરાજગઢ, વરતેજ, પ્રાંતીજ, મહુવા, કોકતા ( વિરમગામ ), ડુમિયાણી ( રાજકોટ ), ધોળા જંકશન.

ઉપરોક્ત શાખાઓ દ્વારા સામૂહિક યજ્ઞ આયોજનો ગત માસમાં એક કુંડી, ત્રણ કુંડી, પંચ કુંડી રાખવામાં આવેલ હતા. આયોજનો અત્યંત ઉત્સાહ-ઉમંગ સાથે સંપન્ન કરી-સફળ થયેલ હતા. આ આયોજનોમાં સામૂહિક યજ્ઞ, દીક્ષા, સંસ્કાર, પ્રવચન, વિચારગોષ્ઠી આદિ વિવિધ કાર્યક્રમો રાખવામાં આવેલ

## આવશ્યક અનુરોધ

યુગ નિર્માણ પત્રિકાનું નવું વર્ષ જાન્યુ-આરીથી શરૂ થાય છે. દરેક પરિજનોને એ સારી રીતે જ્ઞાત છે કે ગ્રાહકો પ્રાયઃ જાન્યુ-આરીથી ડિસેમ્બર સુધી જ બનાવવામાં આવે છે, તેથી પત્રિકાના નવા સદસ્યો બનાવવાનું અભિયાન અત્યારથી જ આરંભ કરવું જોઇએ. આ દિશામાં લક્ષ્ય બનાવીને ચાલવાથી સફળ-તાની વધુ સંભાવના રહે છે. તેથી કેટલા ગ્રાહકો બનાવવાનો સંકલ્પ લેવો એ નિશ્ચય કરી પ્રયાસો આરંભ કરી દેવા જોઇએ. લીધેલ સંકલ્પોની સૂચના કેન્દ્રને પણ મોકલી આપવી.

પરિજનો દ્વારા સાહિત્ય પ્રચાર-પ્રસાર સાથે માસીકના નવીન ગ્રાહકો બનાવવા તથા જુનાના લવાજમો વસુલ કરવાના સંકલ્પો લેવાયેલ હતા. આ આયોજનોમાં સર્વે પરિજનોનો સારો સાથ-સહકાર સાંપડેલ હતો. આયોજનોનો સાર્વ-જનિક જનતા પર સારો પ્રભાવ પડેલ હતો.

—✶—



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# * કાલ પુરૂષના સાથી બનો *

ચંદ્ર એક ચાહયો તમ હરવા, તો સહસા તારાગણ પણ ચાલ્યા,
—ને બોલ્યા, "ન અધિક, ભલે થોડા, પણ અંધારૂ મિટાવવાના."

દ્વાપરમાં શ્રી કૃષ્ણ કાનાએ, ગોવરધન અંગુલિ પર ધાર્યો,
તવ હર બાળ ગોપાળ તણા, લાઠીનો સાથ આપેલ સહારો.

હતી એ જ ભાવના એ સૌમાં, અમ સ્વલ્પ શક્તિ ભલેને ?
છે જે ક્ષમતા અમ સૌમાં, પર્વત આજ ઉઠાવીશું.

ત્રેતામાં શ્રીરામ સિધાવ્યા, રાવણ તણો દર્પ દહવાને,
પડકાર દીધો સિંધુએ તો સેતુ બાંધી ચાલ્યા લડવાને.

અગણિત યોદ્ધા ચાલી નીકળ્યા, હતી એક નાનીશી ખિસકોલી,
કહેવા લાગી, "પ્રભુ ! સેતુબંધ કાજ હું પણ કંઇ કામ લાગું."

ફરીને એક વાર બન્યો ક્ષીણ નીજ ધર્મ–માનવતા કલંકિત થઇ,
ગૌતમે આપ્યો બોધ, અહિંસાનો-તવ કંઇ થોડી શાંતિ થઇ.

કરવા પ્રસાર તવ બૌદ્ધ ધર્મ, ચાલ્યા ભિક્ષુ દેશાંતરમાં,
હતી એ જ લગન "જન-જન લગી સંદેશ આજ પહોંચાડીશું."

છે ગઇ કાલની વાત-ચાલી સ્વાતંત્ર્ય ક્રાંતિની એ આંધી,
હતા સૂત્રધાર એ દિવ્યાત્મા, પણ તનના દુર્બળ ગાંધી.

સુણી એનો એક પોકાર, ઘરમાંથી લાખો દોડી આવ્યા,
બોલ્યા, "આ પ્રાણ રહે ન રહે—ભારત સ્વતંત્ર કરાવીશું."

છે સામને એ જ વાત ફરી આવી એ જ બલિની ઘડી,
સ્થાપિત કરવા સત્પ્રવૃત્તિની, દિશા વાળવી છે એ કલિની.

"યુગ-બદલાશે", એ શપથ ગ્રહણ કરીને સાથી ! સાથે સૌ ચાલીયે,
સુખ સુવિધાઓ ન હોય તો ભલે કંટક પંથ હસીને અપનાવિયે.

સુણી મહાકાળનું આવાહન, ચાલી નીકળો—એ યુગ ધર્મ પ્રબલ,
જીવન યજ્ઞાહુતિ બની જાયે, જવાળાઓ ધધકે, ધધક, ધધક.

નથી એક આપણે શત-શત-સહસ્ત્ર, લાખો છે અને કરોડો છે,
દુષ્પ્રવૃત્તિ સૌ સાથે મિટાવિશું—યુગ નિર્માતા કહેવાશું.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સંસ્થાપક—પૂ. શ્રી શ્રીરામ શર્મા આચાર્યજી.
પ્રકાશક, મુદ્રક—શ્રી લિલાપત શર્મા.
વ્યવસ્થાપક—ગાયત્રી તપોભૂમિ, મથુરા.
સંપાદક—શ્રી નટવરલાલ જાની.
સહ સંપાદક—શ્રી જયંતિલાલ પંડયા.
શ્રી હરમાનભાઈ પટેલ.
માલિક—યુગનિર્માણ યોજના.
મુદ્રણાલય—યુગનિર્માણ પ્રેસ, મથુરા.

—*—

**વાર્ષિક લવાજમ**

દેશમાં— રૂ. ૧૨) બાર રૂપિયા
પરદેશ માટે શિલિંગ ૨૨ અથવા રૂા. ૨૨)
By See Mail
શિલિંગ ૫૨ અથવા રૂા. ૫૨)
By Air Mail

યુગ નિર્માણ યોજનાનો સંગ્રહણીય અંક

**સમાજ—સુધાર—અંક**

યુગ નિર્માણ યોજના માસિકનો ફેબ્રુઆરી ૭૫ અંક સમાજ સુધાર અંક રૂપે પ્રકાશિત કરવામાં આવશે. આ અંકમાં આજની સામાજિક સમસ્યાઓ પર વિસ્તૃત પ્રકાશ પાડવામાં આવશે તથા એમના સમાધાનનું સૃજનાત્મક નિદાન પણ પ્રસ્તુત થશે.

—સંપાદક

## * આ અંકમાં *

૧—દીપાવલી શ્રદ્ધા સુમન, સંદેશ, અભિનંદન.
૨—સંપાદકીય
૩—ઈશ્વરીય આદેશની ઉપેક્ષા ન કરો ૧
૪—મૃત્યુનો પરાજય ૨
૫—લાભ વાર છુપાવી છુપાઈ ન શકે, અકળ મનની વાતો ૩
૬—સ્વપ્ન આખરે છે શી બલા? ૬
૭—અમૈથુની સૃષ્ટિ ઉત્પન્ન થાય છે. ૭
૮—આત્મ-સાક્ષાત્કારને માટે સચ્ચરિત્રતા અનિવાર્ય ૧૧
૯—ઇન્દ્રિય સંયમની આવશ્યકતા ૧૩
૧૦—પ્રાકૃતિક ચિકિત્સાનું અધ્યાત્મ ૧૫
૧૧—બાળકોના નિર્માણનો આધાર ૧૯
૧૨—સંતાન ન હોવું એ શું દુર્ભાગ્ય છે? ૨૧
૧૩—વિવેકયુકત દૂરદર્શી બુદ્ધિમત્તા જ શ્રેયસ્કર છે ૨૪
૧૪—શું નારીને આ રીતે સતાવવામાં આવતી રહેશે? ૨૫
૧૫—ગૃહસ્થાશ્રમ પણ એક યોગ સાધના છે ૨૯
૧૬—આધ્યાત્મિક કામ વિજ્ઞાન-એક મહાન તથ્ય-૨ ૩૧
૧૭—અમર બલિદાની—શ્રી ગણેશશંકર વિદ્યાર્થી ૩૭
૧૮—આપણે હીલિયમ જેટલા હલકા બનીએ ૪૦
૧૯—મમતા અને કરૂણાની મૂર્તિ—કુમારી ડાયના બાલેમી ૪૧
૨૦—ગાયત્રીનું ભાવનાત્મક અને વૈજ્ઞાનિક મહત્વ ૪૩
૨૧—ધર્મ જરૂરી છે અને ઉપયોગી પણ ૪૫
૨૨—સમાચાર વિભાગ ૪૯



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

## સંપાદકીય

# આપણા જ નહીં આપણાઓના ઘેર પણ દીપક પ્રગટાવીએ

અમાસની ઘોર અંધકાર ભરી રાત્રિ જેમાં ચંદ્રના પ્રકાશનું એક કિરણ પણ દેખાતું નથી, સર્વત્ર અંધકારનું જ રાજ્ય રહે છે. પરંતુ દિવાળીની રાત-અમાસના અંધકારની સામે નાનાં નાનાં લાખો દીપક ટમટમીને તેને પરાજિત કરવા ઝઝુમીને અંધકારની સામે ચારે તરફ પ્રકાશ-પ્રકાશ ફેલાવી દે છે. ત્યારે કદાચ કોઇ દીપકએ વિચાર કરે, તર્કથી વિચારે કે આખી પૃથ્વી પર અંધકાર છવાયેલો છે અને હું મારી થોડી એવી શક્તિથી, થોડું તેલ, વાટ અને અગ્નિથી મળેલ થોડાં એવા જીવન દ્વારા ઘોર અંધકારને કેવી રીતે દૂર કરી શકીશ. તેમ વિચારવાથી તો દીપક પ્રગટવાનો જ ઇન્કાર કરી દે અને તેથી અંધકારને દૂર કરવાનો કોઇ માર્ગ પણ નીકળી શકત નહિં અને પોતે બળીને બીજાઓના માટે પ્રકાશ ઉત્પન્ન કરવામાં પણ સમર્થ બની શકત નહિં, પોતાનું સ્વરૂપ પણ ન રહી શકત.

તર્ક-ફક્ત તર્કનું જીવનમાં કોઇ જ મહત્વપૂર્ણ સ્થાન નથી. પરંતુ એથી જીવનમાં તર્કની કોઇ જ જરૂર ન હોવાનો પણ આશય નથી. જીવન રાહની મુશ્કેલીઓ અને સમસ્યાઓથી ઝઝુમીને આગળ વધવા માટે તર્ક જરૂરી છે, પરંતુ જ્યારે જીવનમાં ફક્ત તર્ક એ તર્ક જ રહી જાય તો પણ રસ્તા માટે મુશ્કેલી બની જાય છે. તર્ક, જીવનમાં સહાયક તો જરૂર છે, પરંતુ આધાર માત્ર તો નથી જ. જીવનનો આધાર તો ગતિ અને સ્પંદન જ છે અને તે શ્રદ્ધા, ભાવના, વિચાર, ક્રિયાશીલતા વગેરે સદ્‌ગુણોના સમૂહથી જ ઉત્પન્ન થાય છે. જીવન પણ એક ઉત્સાહ પૂર્ણ, ક્રિયાશીલ ચેતના જ છે. ત્યારે તર્ક જ્યારે તેને જ હડપવા લાગે તો જુદાં જુદાં દૃષ્ટિકોણથી પણ વિચાર કરી લેવો જરૂરી બને છે.

જેમકે દીપક એકલો દીપક અંધકારનો સામનો કરવામાં અશક્ત છે, તેટલા માટે તે પ્રગટવાની જ ના કહી દે તો તેનું જીવન અસ્તિત્વમાં જ ન રહે. દીપાવલી શ્રી, સમૃદ્ધિ અને ઐશ્વર્ય-વૈભવનો તહેવાર કહેવાય છે અને આ વિભૂતિઓના અર્જનમાં દીપક પોતાના માધ્યમથી એક એવું પ્રવેશ દ્વાર ખોલી દે છે કે જેથી આપણા જીવનમાં એ વિભૂતિઓની અધિષ્ઠાત્રી દેવી પ્રવેશ કરી શકે છે.

કયું છે એ દ્વાર ? કે જે આપણા જીવનમાં ઉક્ત વિભૂતિઓનો પ્રવેશ કરાવી શકે છે. પહેલું દ્વાર તો એ છે કે—દીપક પોતાના માટે બળતો નથી, તેનું જીવન જ બીજાઓના માટે પ્રકાશ ઉત્પન્ન કરવામાં વીતી જાય છે અને દર વર્ષે દીપાવલી પર દીપક પ્રગટાવીને આપણે દીપકની આ સાધારણ એવી પ્રેરણા પણ ગ્રહણ કરી શકતાં નથી. ખરેખર તો આપણું આખું જીવન જ આપણા માટે સુખ-સગવડતાઓ ભેગી કરવામાં જ વીતી જાય છે અને મરતી વખતે છેલ્લી ઘડીએ પણ પોતાના માટે સંસારની સમસ્ત સંપત્તિ એકઠી કરી લેવાની ઇચ્છાઓ રહે છે અને સંસારની બધી જ સંપત્તિ-વૈભવને એકઠી કરી લેવામાં


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આવે તો પણ સંતુષ્ટ થવું અશક્ય જ છે. જ્યારે આપણે સમષ્ટિ માટે કંઇક કરી શકયાં હોઇએ તો જ સંતોષ અને શાંતિ પ્રાપ્ત થઇ શકે છે.

કારણ કે ખૂદ સ્વયં પણ સમષ્ટિનું જ એક અંગ છે અને સમષ્ટિમાં જો કયાંય પણ દુઃખ-દર્દ હોય તો સુખ, સમૃદ્ધિ અને સંપન્નતાની સુખાનુભૂતિ થઇ જ શકતી નથી. જેમકે પેટમાં દુઃખતું હોય તો જીભને ભલે કેટલાંય સ્વાદિષ્ટ ભોજન મળતાં રહે, શરીરને ગમે તેટલા કોમળ ગાદી-તકિયા પર બેસાડવામાં આવે, આંખોને કેટલુંય સુંદર દૃશ્ય બતાવવામાં આવે, તો પણ તે બધાંથી આનંદ તો મળી જ શકતો નથી. શરીરના એક ભાગમાં પીડા થતી હોય અને બીજા અંગોને ગમે તેટલા પ્રમાણમાં સુખ આપવામાં આવે તો પણ આનંદની અનુભૂતિ થઇ જ શકતી નથી. વ્યષ્ટિ અને સમષ્ટિ માટે પણ એ જ હકીકત છે. વ્યક્તિ સમાજ શરીરનું જ એક અંગ છે. ત્યારે કોઇ એક અંગ ગરીબ, દુઃખી અને અભાવગ્રસ્ત રહે અને એક અંગ સુખી બની જાય એ કઇ રીતે સંભવ છે? જેમ શરીરના બધા અંગોમાં એક જ પ્રાણ છે તેવી જ રીતે સમષ્ટિના બધા એકમોમાં એક જ આત્મતત્વ છે. સુખ અને દુઃખ, સંતોષ અને અસંતોષ એ આત્મ તત્વના જ તો અનુભૂત વિષય છે.

દીપાવલીની-દીપમાળાઓની પ્રથમ પ્રેરણા-શિક્ષણ એ છે કે જે વિચારવામાં, કરવામાં આવે તે ફક્ત પોતાના માટે નહિં પણ સર્વના દૃષ્ટિ-કોણથી પ્રેરિત થવું જોઇએ. આપણે ઇચ્છવું જોઇએ અને પ્રયત્ન કરવો જોઇએ કે આપણો પૂરો સમાજ સુખી, સમૃદ્ધ અને ગૌભવશાળી બને. તેમાં જ સ્વયંને શાંતિ અને સુખમય ગૌભવનો લાભ મળી શકે છે.

દુઃખ, દારિદ્ર અને અભાવોના અંધકારને દૂર કરવા માટે પણ સ્વચ્છ દૃષ્ટિકોણથી વિચારવું પડશે. અંધકારને દૂર કરવા માટે કોઇ વિચારે કે તેને ઘાસ-કચરાની જેમ ટોપલીઓ ભરી-ભરીને હટાવી દઇએ તો તે અશક્ય છે. તેને દૂર કરવા માટે તો દીપકને જ પ્રગટાવવો પડશે અને એ નાના એવા દીપકની નાની એવી વાટ, થોડા એવા તેલ કે ઘી નો ઝગમગતો પ્રકાશ પણ પોતાના ક્ષેત્રનો અંધકાર દૂર કરશે જ.

દીપાવલીની આ જ પ્રતીક પ્રેરણાને આપણે પણ આપણા વ્યક્તિગત અને સામાજિક જીવનમાં ઉતારવી પડશે. વ્યક્તિ અને સમાજમાં આજે જે પરિસ્થિતિઓ, પ્રવૃત્તિઓ અને ગતિવિધિઓની બોલબાલા છે તેને જોઇને એમ જ લાગે છે કે વાતાવરણ ઘોર અંધકારમય જ છે. રોગ, શોક, દુઃખ, અભાવ, અનીતિ, અન્યાય, અનાચાર વગેરેની અગણિત દુષ્પ્રવૃત્તિઓ છે જે આપણા દેશ, સમાજ અને પૂરી માનવ જાતિને ઉંડી ખાઇમાં ધકેલી રહેલ છે.

સભ્યતાનો રથ જે રસ્તે આગળ વધી રહેલ છે અને રસ્તામાં જેવો અંધકાર છે, ગતિ કેટલીયે વધુ કેમ ન હોય તો પણ હરઘડી દુર્ઘટનાની સંભાવના છે અને રસ્તો જ્યારે અનંત હોય ત્યારે દુર્ઘટના ચોક્કસ જ છે, કોઇ ક્ષણે વિસ્ફોટ થઇ શકે છે.

પરંતુ રાત્રિનો અંધકાર સદાયે રહેતો નથી. મુશ્કેલીઓ પણ કાયમ માટે કયાં ટકી રહે છે. અશુભ ઘડિઓ આવે તો પણ ઘણાં ટાઇમ સુધી રહી શકતી નથી. મળ ત્યાગ વગેરે કાર્યો વખતે મનુષ્ય ગંદો તો જરૂર રહે છે પરંતુ શુદ્ધ પણ તેટલો જ જલ્દી થઇ જાય છે. માનવ સમાજ પર, માનવતાના અસ્તિત્વ પર આજે આક્રમણ થયું છે અને સૂર્ય-ચંદ્ર પર પડવાવાળા નક્ષત્રોની જેમ ગ્રહણ લાગ્યું છે પણ તે કાયમ માટે રહેશે તેમ માનવું જોઇએ નહિં જે રીતે આપણે આપણા શરીર, વસ્ત્ર, મકાન અને ઉપયોગી વસ્તુઓને લાંબા સમય સુધી ગંદા રાખતાં નથી એવી જ રીતે પરમાત્મા પણ પોતાની આ સુંદર સૃષ્ટિને હવે વધુ સમય માટે ઘૃણિત-ગંદી સ્થિતિમાં રહેવા દેશે નહિં. નવી સભ્યતા અને નવી



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સંસ્કૃતિનો સૂર્યોદય ખૂબ જ નિકટ છે. પ્રભાતનો સૂર્ય ઉગનાર છે અને આ અરૂણોદયની ભાવ-ચેતના સુસંસ્કારી આત્માઓના અંતઃકરણમાં અવતરિત પણ થતી દેખાઇ રહી છે. કારણ કે ભગવાન પોતાનું પ્રયોજન યોગ્ય સ્તરના વ્યક્તિ-ઓને જ પોતાના માધ્યમ બનાવીને પુરૂં કરે છે. અને તેથી જાગૃત આત્માઓ પોતાનામાં એ પ્રકાશના ઉદયનો અનુભવ કરે છે તો તે અસ્વા-ભાવિક નથી જ.

પ્રસ્તુત ઈશ્વરના ઉદ્દેશ માટે આવા જાગૃત આત્માઓએ આગળ આવવું જ પડશે અને તેઓ દીપકની જેમ પ્રગટીને બીજાઓના માટે પ્રકાશ ઉત્પન્ન કરશે જ, મશાલની જેમ બીજા-ઓના રસ્તા પ્રકાશિત કરી એનું માર્ગદર્શન કરશે. યુગ નિર્માણ પરિવારના પરિજનોને ( આ માસિકના ગ્રાહક-વાંચક પ્રેમી કે પુષ્ટિ કર્તાઓને એ યુગ નિર્માણ પરિવારના પ્રિય પરિજનો જ છે. ) તેવા જ જાગૃત અને સુસંસ્કારી આત્માઓ કહેવામાં આવેલ છે. આ અભિયાનના સૂત્ર સંચાલકે ( પૂ. ગુરૂદેવ શ્રી શ્રીરામ શર્મા આચાર્યજીએ ) પોતાની દિવ્ય, લૌકિક, અલૌકિક શક્તિઓના આધારે એ છુટા-છવાયાં મણિ-મુક્તાકોને એક સૂત્રમાં બાંધીને અમૂલ્ય માળાની જેમ ગૂંથ્યા છે. આપણ સૌને એ માળાના એક મણિ હોવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે, તેને પણ આપણું બહુમૂલ્ય સૌભાગ્ય જ માનવું જોઇએ. આપણે સૌએ આગલા દિવસોમાં એવી ભૂમિકા ભજવવાની છે કે જેના ફેલાવાથી યુગ પરિવર્તન ચોક્કસ રૂપમાં જરૂર જણાશે જ.

વર્તમાન સમસ્યાઓ, વિપત્તિઓ અને વિડંબણાઓનું મૂળ કારણ જન-માનસમાં ઘુસી ગયેલી અવાંછનીયતા અને નિકૃષ્ટતા જ છે. મનુષ્ય અને તેના સમાજનું અસ્તિત્વ સાર્થક કહી શકાય તેવો પ્રકાશ આજે જીવન અને જગતમંથી લુપ્ત જ થઇ ગયો છે અને તેનાં લીધે જ આ જ વ્યક્તિગત, કૌટુંબિક અને સામાજિક જીવનમાં અનેક સમસ્યાઓ ઉભી થઇ છે અને વ્યાપ્ત વિકૃત્તિઓનો સર્વત્ર અંધકાર ફેલાયેલ છે. તેને દૂર કરવા માટે દીપક પ્રગટાવવાની પ્રક્રિયાના સ્તરનો પ્રયાસ જરૂરી છે.

યુગ નિર્માણ પરિવારના માટે એ પ્રકાશ યુગ નિર્માણ સાહિત્યના રૂપમાં ઉપલબ્ધ જ છે. તેનાં પ્રશિક્ષણ અને માર્ગદર્શનની વ્યવસ્થા પણ 'યુગ નિર્માણ યોજના'-માસિકના રૂપમાં કરવામાં આવી છે. વિચાર પરિવર્તન, જીવન ક્રમમાં જરૂરી ફેરફાર અને સમાજ વ્યવસ્થામાં ક્રાંતિના માધ્યમથી મનુષ્યમાં દેવત્વનો ઉદય અને ધરતી પર સ્વર્ગના અવતરણની સંભાવનાને કઇ રીતે સાકાર કરવી વગેરેની બાબતમાં પરિજનોનું માર્ગદર્શન, આ માસિક—'યુગ નિર્માણ યોજના' ના માધ્યમથી જ થાય છે. અત્રે એ કહેવાની જરૂર નથી કે આપણી સમસ્યાઓ શીતળાના રોગની જેમ અસંખ્ય સ્વરૂપે ફેલાયેલી છે, તેનો ઇલાજ બહારના પાટા-પીંડી નહિં પણ લોહી શુદ્ધ કરવાની ઔષધ વ્યવસ્થા જ છે. એક એક ફોડલાનો ઇલાજ કરવાથી સમયની બરબાદી, નિરર્થક શ્રમ અને રોગીના માટે પ્રાણ ઘાતક જ સાબિત થઇ શકે છે. તેનાં કરતાં તેનો મૂળ ઉપચાર રોગનું મૂળ કારણ શરીરના લોહીમાં આવેલી અશુદ્ધિને જ દૂર કરવી પડશે. વ્યક્તિ અને સમાજમાં આજે જે અસંખ્ય સમસ્યાઓ, અશાંતિ અને વિડંબણાઓ જણાય છે તેનું કારણ પણ આપણી જીવનનીતિ, વિચાર પદ્ધતિમાં આવેલી નિકૃષ્ટતા અને અવાંછનીયતા જ છે. આ સમસ્યાઓનો એક માત્ર ઉપાય જીવનનીતિમાં ઉત્કૃષ્ટતા અને વિચાર પદ્ધતિમાં સંશોધન કરવું એ જ છે. તેટલા માટે યુગ નિર્માણ અભિયાનને-વિચાર ક્રાંતિ અભિયાન જ કહી શકાય છે.

યુગ નિર્માણ યોજનાએ વિચાર ક્રાંતિની દિશામાં મક્કમ આધાર બનાવ્યો છે અને અસંખ્ય વ્યક્તિએના જીવન ક્રમમાં યોગ્ય પરિવર્તનની ભૂમિકા ભજવીને એમના સ્તરને ઉંચે ઉઠાવ્યું છે,


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

એમની સ્થિતિને સુખમય બનાવી છે. આ માસિકના માધ્યમથી ખૂદ પોતાને પૂ. ગુરૂદેવના સાથે ગાઢ સૂત્રોમાં બંધાવવાવાળા, યુગ નિર્માણ મિશનથી સંયુક્ત થવાવાળા પરિજન પોતાની જ દૃષ્ટિથી પોતાનું અવલોકન કરે તો આ સ્થિતિને અક્ષરસઃ સત્ય અનુભવ કરી શકે છે. તે કંઇ કહેવા કે સાંભળવાનો વિષય નથી જ.


આપણે આપણા જીવનમાં પ્રકાશના ઉદયની ગૌરવાનુભૂતિ કરીએ છીએ અને માનીએ છીએ કે વિચાર ક્રાંતિ જ નવા યુગના સર્જનનું સાચું પગલું છે. ત્યારે આ અભિયાનનું કાર્યક્ષેત્ર વિસ્તૃત બનાવવાની આપણી આત્મિક જરૂર પણ બની જાય છે અને બીજાઓના જીવનમાં પણ આનંદ અને સુખ-શાંતિના ઉદય માટે પ્રકાશ ફેલાવવો જરૂરી બની જાય છે.

યુગ નિર્માણ યોજના-માસિકને દીપાવલીની સંગતિમાં જીવન ક્ષેત્રમાં પ્રકાશ ઉત્પન્ન કરનાર દીપક કહી શકાય છે. આ પ્રકાશને જો આપણે આપણાં મિત્રો, સગા-સંબંધી સુધી પહોંચાડી શકીએ તો જ, આપણે બીજાઓના માટે પ્રકાશપૂર્ણ માર્ગ બનાવીને, સાચા અર્થમાં દીપાવલી ઉજવવાનો આપણો અંતરાત્મા ગૌરવનો અનુભવ કરી શકે છે.

દીપાવલીના તહેવાર પર પોતાની અનુભૂતિઓ, પત્રિકાની વિષય-વસ્તુની વિશેષતાઓ, સમાજ, પરિવાર અને વ્યક્તિની અગણિત સમસ્યાઓનું સમાધાન-ઉપાય વગેરે વિવિધ બાબતો પર ચર્ચા કરીને પોતાના સ્વજનો, મિત્રો-સંબંધીઓના મનમાં, આજની વિકૃતિઓનું નિવારણ એક માત્ર વિચારક્રાંતિ જ હોવાની આસ્થા જમાવી શકાય છે અને 'યુગનિર્માણ યોજના' આ બાબતમાં આવશ્યક-આવશ્યક જ નહિં અનિવાર્ય જરૂરીયાતને પણ પૂરી કરે છે. આ આધાર પર તેમને યુગ નિર્માણ યોજના મંગાવવા માટે તૈયાર કરી શકાય છે.

દીપાવલી પર્વની વધામણી અને નૂતન વર્ષના અભિનંદન લઇને ઘેર ઘેર જવાની સાથે જેમનું આપણે શુભ ચિંતન કરીએ છીએ, એમને આ શુભ અને સત્‌ની સાથે સંયુક્ત કરી શકીએ તો જ આપણે આપણા ઘરમાં દીપક પ્રગટાવવાની સાથે આપણા નજીકના સ્વજનોના ઘરમાં પણ એ પ્રકાશ સ્રોતની રશ્મિ પહોંચાડવા માટે દ્વાર ખોલી આપ્યાનું માની શકાય છે.

દીપાવલી પર્વની પ્રેરણાઓ અને શિક્ષણને હૃદયંગમ કરવા-આત્મસાત્ કરવાનો આ એક સરળ અને સહજ સંપન્ન થવા યોગ્ય ઉપાય છે. યુગ નિર્માણ યોજના માસિક દ્વારા આપણે આપણા નજીકના સ્નેહી-સંબંધીઓને પણ યુગ પરિવર્તનની ભાવ-ચેતનાથી સંયુક્ત કરીએ એ જ આશા અને અપેક્ષા સાથે દીપાવલી પર્વના હાર્દિક નૂતન વર્ષાભિનંદન......





**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.



# દીપાવલી સંદેશ

—લક્ષ્મીને યોગ્ય રીતે મેળવવા તથા યોગ્ય ઉપયોગ કરવાનો ઉત્તમ સંદેશ લઈને દિવાળી આવે છે.

—મન લગાડીને કરેલ સખત શ્રમ જ લક્ષ્મીની કૃપા મેળવવાનું સાધન છે.

—ધર્મ, ન્યાય અને શ્રમશક્તિથી કમાયેલું ધન ભલે પછી થોડું હોય પરંતુ શ્રેષ્ઠ છે અને તેનાથી વધુ સુખ મળે છે.

—વ્યસની, આળસુ અને વિલાસીના ઘરમાં હંમેશા ગુણોથી પ્રેમ કરનારી લક્ષ્મી રહેતી નથી.

—જેઓ નકામા કાર્યોમાં અને ખરાબ કામોમાં પોતાના ધનનો ખર્ચ કરે છે તે દરિદ્રતા અને દુઃખોનો અનુભવ કરે છે.

—કમાણી કરેલ ધનનો ઉપયોગ કુટુંબના ઉત્થાન ઉપરાંત સમાજના વિકાસમાં કરવો જોઈએ.

—સત્પ્રવૃત્તિઓના વધારા માટે, પછાત લોકોને આગળ વધારવા માટે દાનવીરોના દાનથી લક્ષ્મી રોજ પ્રસન્ન રહે છે.





**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પરિજનોને માટે :—

# તુરંત ધ્યાન આપવા યોગ્ય સૂચનાઓ

૧—આજ સુધી ગ્રાહકો પોતાનું લવાજમ ડીસેમ્બર માસમાં પૂરું થયે જાન્યુઆરી-ફેબ્રુઆરીમાં મોકલતા હતા. આ વખતે એ નિયમ બદલાવેલ છે. હવેથી ગ્રાહકોએ પોતાનું લવાજમ નવેમ્બર-ડીસેમ્બરમાં જ મોકલવું, જેથી નવા વર્ષમાં-જાન્યુઆરીથી ગ્રાહક જેટલા જ અંકો છપાવી શકાય. જેથી ગ્રાહકોને નમ્ર વિનંતિ છે કે, મોડામાં મોડું તા. ૧૫ ડિસેમ્બર સુધીમાં તો પોતાનું લવાજમ મોકલાવી આપે.

૨—હાલની કાગળ-શાહી પ્રીન્ટીંગ વગેરેની અસહ્ય મોંઘવાઇમાં, માસિકના જીવન-મરણના પ્રશ્નના એક હલ માટે ન છુટકે આ માસિકનું લવાજમ ૧૨) બાર રૂપિયા કરવું પડયું હોવા છતાં દેશભરમાંથી આવતા ઉત્સાહી પત્રો પરથી અમોને ખાત્રી થાય છે કે આ માસિકના દરેક ગ્રાહક બંધુઓ આ વર્ષે તનતોડ મહેનત કરીને વધુને વધુ ગ્રાહકો નોંધી પત્રિકાને સમર્થ બનાવશે.

૩—જેમણે ગ્રાહકો બનાવવા માટેની રસિદ બુકો હજુ સુધી ન મંગાવી હોય તેમણે ગ્રાહક બનાવવાની સંખ્યાના અંદાજે જોઇતી રસિદ બુકો અત્રેથી વહેલાસર મંગાવી લેવી.

૪—શાખાઓને-સેવાભાવી પ્રચારક ભાઇ-બહેનોને પોતાના વિસ્તારના બનાવેલા ગ્રાહકોની યાદી અન્ય વિગતો સાથે અત્રેથી મોકલાવી આપેલ છે. જેથી દરેકે પોતાના વિસ્તારના ગ્રાહકોની નવી યાદી ( સંખ્યા સાથે ) બનાવી અત્રે વહેલી તકે તેમના લવાજમની રકમ સાથે મોકલી આપવી.

૫—સ્થાનિક ગ્રાહકોનું લવાજમ એક વ્યક્તિ એકઠું કરીને અત્રે મોકલી આપવાથી વધુ અનુકૂળતા રહે છે. મ. ઓ. અત્રે ખૂબ જ મોડાં મળે છે. જેથી જો કોઇ પરિજન પોતાના વિસ્તારના ગ્રાહકોનું લવાજમ એકઠું કરીને મોકલશે તો વધુ સગવડ ભર્યું રહેશે અને 'યુગ નિર્માણ યોજના' મથુરાના નામનો ડ્રાફ્ટ મોકલવો. જેથી ખર્ચ વ્યાજબી અને સમયની પણ બચત રહેશે. ગ્રાહકોનું લીસ્ટ મોકલતી વખતે તેમાં જુના ગ્રાહકના નંબર અને નવા ગ્રાહક હોય તો નવા ગ્રાહક લખીને મોકલવા વિનંતિ. ગ્રાહકોની ડુપ્લીકેટ યાદી મોકલવાથી અત્રેથી એક પ્રતમાં ગ્રાહક નંબર લખીને સંબંધકર્તાને પાછી મોકલવામાં આવશે.

૬—લવાજમની રકમ જો મ. ઓ. થી જ મોકલવામાં આવી હોય તો મ. ઓ. કુપનમાં ગુજરાતી માસિકનો ઉલ્લેખ કરીને ગ્રાહકોનું લીસ્ટ અલગથી મોકલી લીસ્ટમાં મ. ઓ. કર્યાનો સ્પષ્ટ ઉલ્લેખ કરવો.

૭—જો સ્થાનિક એક ગામમાં વીસથી વધુ ગ્રાહકો હોય તો તેઓના માસિક એક સરનામે રજી. પોસ્ટથી મંગાવી સ્થાનિક ગ્રાહકોને વિતરણ કરવા જોઇએ જેથી દર મહિને ગ્રાહકોનો સંપર્ક રહેશે અને કોઇને અંકો ન મળવાની ફરીયાદ પણ રહેશે નહિં.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# * આટલી વાર કરોના સાથી *

આટલી વાર કરોના સાથી ! દીપ સજાતા,
અમાસના અંધારા આવી હસવા લાગે તમ પર.

માન્યું, મરૂસ્થળ પર તમને તો બહુ પ્યાર છે,
સંવેદન લાવે આંખોમાં બહુ ખાર છે.
આટલી વાર કરોના ! વર્ષા લાવવાની,
પ્રાણ કંઠમાં આવી હસવા લાગે તમ પર.
અમાસના અંધારા આવી હસવા લાગે તમ પર....

તોફાનોથી ટકરાવું તમને આવડે છે,
જોઇ હવાની દિશા ચાલવું તમને ફાવે છે.
આટલી વાર કરોના ! નાવ સજાવવાની,
નાવ વમળમાં આવી હસવા લાગે તમ પર.
અમાસના અંધારા આવી હસવા લાગે તમ પર...

બની ભાગીરથ તમે ગંગા લાવી શકતા હો,
સગર સુતો સમ ફરી જીવન આપી શકતા હો.
આટલી વાર કરોના ! અમૃત કળશ લાવવાની,
સ્મશાનથી શબ આવી હસવા લાગે તમ પર.
અમાસના અંધારા આવી હસવા લાગે તમ પર....

—શ્રી જયંતીલાલ શર્મા



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.